Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર કૃત

રાજકાહિની

८० ग
१४८१

અનુવાદક: રમણલાલ સોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

aj Foundation C

રા
મ
ક
હિ
ની

ક
મ
ળ
શા
કા
શા
ન

n. Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

८० ग/१४(ब)
२५०४३३

र सर्व प्रकार की निशानियां
कोई सज्जन पन्द्रह दिन से
पुस्तक अपने पास नहीं रख
तक रखने के लिये पुनः आज्ञा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२५०३३

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિશોર ગ્રંથમાળા : : વર્ષ બીજું : : પુસ્તક પહેલું

રાજકાહિની

ભાગ બીજો

અવનીન્દ્રનાથ ટાગોર

❁

અ નુ વા દ ક :
રમણલાલ સોની

राज काहिनी
अवनीन्द्र नाथ ठाकुर
अनु. रमणलाल सोनी

ક મ લ પ્ર કા શ ન મં દિ ર
કાચરબનો પહેલો ઢાળ, એલિસબ્રિજ : અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક:
ગોવિંદરાવ ભાગવત
કમલ પ્રકાશન મંદિર
અ મ દા વા દ — ૭

કિંમત ૨-૪-૦

મુદ્રક:
જયંતી ઘેલાભાઈ દલાલ
વસંત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CHECKED 1973
Initial

निवेदन

સામાન્ય ભણેલાં સ્ત્રીપુરુષોને તેમજ માધ્યમિક શિક્ષણ લેતાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સંસ્કારી સાહિત્ય મળી રહે તે દૃષ્ટિથી અમે કિશોર ગ્રંથમાળા અને ગૃહિણી ગ્રંથમાળા શરૂ કરી હતી. તેનું એક વર્ષ પૂરું થયું. આ બીજું વર્ષ છે.

આ બીજા વર્ષમાં રૂપિયા પાંચના જ લવાજમમાં ગયા વર્ષના કરતાં લગભગ બંને ગ્રંથમાળાઓમાં પચાસ પચાસ પાનાં વધારે આપવાની યોજના કરી છે. પુસ્તકોની સંખ્યા ઘટાડીને પૂંઠાં મજબૂત રાખ્યાં છે.

આશા છે કે ગયા વર્ષની જેમ આ બંને ગ્રંથમાળાઓ અનેક કુટુંબોમાં તેમજ શિક્ષણસંસ્થાઓમાં ગયા વર્ષની જેમ ઉપયોગી નીવડશે. ગ્રાહકોની સંખ્યામાં જેમ જેમ વધારો થતો જશે, તેમ તેમ પૃષ્ઠસંખ્યા વધારીને ગ્રંથમાળાઓને સોંઘી કરવાનું વિચાર્યું છે. આશા છે કે ગૂજરાતનાં કુટુમ્બો તેમજ ગૂજરાતની શિક્ષણસંસ્થાઓ અમારા આ કાર્યમાં સહકાર આપવાનો ચાલુ રાખશે.

—સંચાલક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

:અનુક્રમ:

૧. પદ્મિની ૫
૨. હમીર ૪૯
૩. ચંડ ૮૯
૪. રાણો કુંભ ૧૨૩
૫. ભાઈભાઈ ૧૪૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્મિની

આપાદિત્યના વખતમાં મુસલમાનોએ પહેલો હિંદમાં પગ મૂક્યો, તે પછી સૂર્યવંશના અનેક રાજાઓ, ચિતોડના સિંહાસન પર બિરાજી ગયા છે; રાજગાદી માટે ભાઈ-ભાઈ વચ્ચે કેટલો અણબનાવ, કેટલાં કેટલાં ભયાનક યુદ્ધો, કેટલો રક્તપાત અને કેટલો અશ્રુપાત થઈ ગયો છે. પરંતુ આટલા રાજાઓ અને આટલાં યુદ્ધોમાં, થોડાક જ રાજાઓનાં નામ અને થોડાંક જ યુદ્ધોની બીના, આજે બધા રાજપૂતોના હ્રદયમાં સુવર્ણાક્ષરે અંકાઇ ગયેલ છે. તેમાંના એક મહારાજ ખુમાણ છે. તેમણે ચોવીસ વખત મુસલમાનોના હાથમાંથી ચિતોડને બચાવ્યું હતું; તેમણે 'અરેબિયન નાઈટ્સ'વાળા પેલા બગદાદના ખલિફ હારુન અલ રશિદના બેટા અલ મામૂનને ચિતોડના રાજમહેલમાં ઘણા દિવસ સુધી કેદ કરી રાખ્યો હતો. આશીર્વાદ દેતી વખતે આજે પણ રાજપૂતો એમનું નામ દઈ કહે છે: 'ખુમાણ તમારી રક્ષા કરો!'

એવા બીજા રાજા, મહારાજ સમરસિંહ છે. તે જેવા વીર હતા તેવા જ ધાર્મિક હતા. તેઓ જ્યારે નાગા સંન્યાસીના જેવી માથા ઉપર જટા બાંધીને, ગળે પદ્મબીજની માળા ધારણ કરી, હાથમાં ભવાનીમાતાની તલવાર લઇ, રાજ-સિંહાસન ઉપર બેસતા, ત્યારે જાણે ભગવાન એકલિંગજીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીવાન પોતે કૈલાસમાંથી પૃથ્વી પર રાજ્યઅમલ ચલાવવા વાસ્તે ઊતરી આવ્યો હોય એવું લાગતું. તે વખતે દિલ્લીમાં પૃથ્વીરાજ ચૌહાણ હતા. પૃથ્વીરાજના હાથમાંથી દિલ્લીના સિંહાસનની સાથે સાથે અડધું ભારતવર્ષ ખૂંચવી લેવા શાહબુદ્દીન ઘોરી આવ્યો, ત્યારે આ મહારાજ સમરસિંહ તેર હજાર રાજપૂતો અને પોતાના કુંવર કલ્યાણને લઇને અડધા ભારતવર્ષના અધીશ્વર પૃથ્વીરાજની સાથે રહી, કાગાર નદીને કાંઠે, મુસલમાનોની સામે લડવા ગયા હતા. એ યુદ્ધ એ એમનું છેલ્લું યુદ્ધ હતું. પૃથ્વીરાજ ચૌહાણ મહારાજ સમરસિંહના ખાસ મિત્ર હતા, સમરસિંહની વહાલી રાણી મહારાણી પૃથાના એ નાના ભાઈ હતા. બંને વચ્ચે ઘણો પ્રેમ હતો. તેથી જ કહાય આ છેલ્લા યુદ્ધમાં સમરસિંહ આખા જનમારાનું મિત્રતાનું ઋણ અદા કરીને ચાલી ગયા હશે! યુદ્ધને દિવસે જ્યારે પ્રલયના વાવાઝોડામાં, પૃથ્વીરાજના લાખ લાખ હાથીઘોડા, અને સૈન્યસામન્તો છિન્ન-ભિન્ન અને સાફ થઈ ગયાં, જયની કોઈ આશા રહી નહિ અને જીવવાનો મોહ ન છોડી શકવાથી ઘણાખરા રાજાઓ પૃથ્વીરાજને વિપત્તિમાં છોડી, એક પછી એક પોતપોતાના દેશ તરફ ભાગી છૂટ્યા, ત્યારે એકમાત્ર સમરસિંહે, કુટુંબ-પરિવાર, રાજમુગટ, સિંહાસન બધું યે તુચ્છ ગણી, સાચા સ્નેહી પૃથ્વીરાજની ખાતર મુસલમાનોની સામે ઘોર યુદ્ધ ખેલીને જીવ આપ્યો. પહેલાં એ ધર્માત્મા મહાવીર સમર-સિંહ, એના સોળ વરસના દીકરા કલ્યાણ અને પેલા તેર હજાર રાજપૂતોના હૃદયના રક્તથી કાગાર નદીનો પટ લાલ થઈ ગયો, ત્યારપછી જ પૃથ્વીરાજ બંદી થયા; ત્યારે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલ્લીનું હિંદુ સિંહાસન મુસલમાન બાદશાહ શાહબુદ્દીનના હાથમાં ગયું.

આજે એ શાહબુદ્દીન ક્યાં છે, અને એ દિલ્લીનું રાજતખ્ત ક્યાં છે! પરંતુ જે ધર્માત્માએ મિત્રની ખાતર પોતાના પ્રાણને તુચ્છ ગણ્યો, એ મહાવીર સમરસિંહનું નામ, રાજપૂત કવિઓનાં સુંદર ગીતોમાં સદાકાળ અમર થઈ ગયું છે. —આજે પણ રાજપૂતાનામાં એ ગીત ગાતાં ગાતાં કેટલાય લોકો ભિક્ષા મેળવે છે.

સમરસિંહને થઈ ગયે લગભગ એક સૈકું પૂરું થયું. ચિતોડના રાજસિંહાસન ઉપર, તે વખતે, રાજા લક્ષ્મણસિંહ હતા, અને દિલ્લીમાં પઠાણ બાદશાહ અલાઉદ્દીન હતો. એવામાં એક દિવસ રાજા લક્ષ્મણસિંહના કાકા ભીમસિંહ, સિંહલદ્વીપની રાજકુમારી પદ્મિનીને પરણીને, દરિયાપારથી, પાછા ચિતોડ આવ્યા. પદ્માની સૌરભ જેવી રીતે આખા સરોવરને પ્રફુલ્લ કરી ધીરે ધીરે દિગ્દિગંતમાં ફેલાઈ જાય છે, તેવી રીતે કમલાસના લક્ષ્મી સમી રૂપવતી એ પદ્મમુખી રાજપૂતાણી પદ્મિનીના રૂપના મહિમાએ અને ગુણની ગરિમાએ જોતજોતામાં આખા ભારતવર્ષને મુગ્ધ કરી નાખ્યો! શું દીનદુઃખીની ઝૂંપડીમાં કે શું રાજાધિરાજના રાજમહેલમાં, આવી સુન્દરી કે આવી ગુણવતી ક્યાંયે નહોતી!

આ અનુપમ રૂપવતી પદ્મિનીની સાથે, ભીમસિંહ ચિતોડમાં એક ખૂણે, સરોવરની વચમાં, સફેદ સંગેમરમરના બાંધેલા શીતલ રાજભવનમાં સુખમાં દિવસો વિતાવતો હતો. તેવામાં એક દિવસ, દિલ્લીમાં, તે વખતનો પઠાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહ અલાઉદ્દીન ખાસ મહેલની અગાશીમાં, હાથીદાંતના પલંગમાં પડ્યો પડ્યો વસંતઋતુની હવા ખાતો હતો. આકાશમાં ચાંદો ચડ્યો હતો, શરબતનો પ્યાલો હાથમાં લઈને પિયારી બેગમ પડખે બેઠેલી હતી, અને બેગમની એક નવી બાંદી પગ આગળ બેસીને સારંગીના સૂર સાથે ગઝલ ગાઈ રહી હતી.

અચાનક બાદશાહ બોલી ઊઠ્યો: 'અરબી ગઝલમાં શું સાંભળવું? ધૂળ! કંઈ હિંદુસ્થાનનું ગીત ગા!'

પછી પિયારી બેગમની નવી બાંદીએ ફરીથી સારંગીનો સૂર મેળવી ગાવા માંડ્યું: 'હિંદુસ્થાનમાં એક ફૂલ ખીલ્યું હતું—તેની કોઈ જોડ નહોતી, તેની જોડમાં ઊભું રહી શકે એવું બીજું ફૂલ નહોતું. કેવું હતું એ ફૂલ? કેવું હતું એ ફૂલ? આહા! કેવું એ પદ્મ ફૂલ! કેવું એ પદ્મ ફૂલ!—ચારે તરફ નીલ જળ, અને વચમાં એ પદ્મ ફૂલ! દેવતાઓ એ ફૂલને જોઈ રહેતા, મનુષ્યો એ ફૂલને જોઈ રહેતા! ચારે તરફ અફાટ સિંધુ મોજાં ઉછાળી ઉછાળીને ગાજતો હતો! કોની હિંમત હતી કે એ સમુદ્ર પાર કરે? કોની હિંમત હતી કે રાજાના બગીચામાં જઈને એ ફૂલ તોડે? તે રાજાની બીકે દેવતાઓ પણ થરથરતા હતા!'

અલાઉદ્દીન બોલી ઊઠ્યો: 'હું હિંદુસ્થાનનો બાદશાહ છું, હું કોઈ રાજાની પરવા કરતો નથી, હું કોઈ દેવતાથી બીતો નથી! પિયારી! હું કાલે જ એ પદ્મ ફૂલ ચૂંટવા જાઉં છું!'

બાંદીએ ગીત આગળ ચલાવ્યું: 'સમુદ્ર પાર કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનારો એ ભાગ્યશાળી કોણ છે? ફૂલને ચૂંટનારો એ ગુણિ-યલ કોણ છે?—મેવાડના રાજપૂત વીરનો સંતાન! રાણો ભીમસિંહ! જેવો નિર્ભય, તેવો જ રૂપવાન!'

અલાઉદ્દીન કિનખાબની ગાદી પર ટટાર થઈને બેઠો.

આનંદના સૂર સાથે ગીત પૂરું થયું: 'આજે ચિતોડના અંતઃપુરમાં એ ફૂલ શોભે છે. કવિઓ આખા દેશમાં જેનાં ગીત ગાય છે, એની જોડ ક્યાં મળે? જગતમાં એની જોડ નથી! ધન્ય રાણા ભીમસિંહ! ધન્ય રાજરાણી, ચિતોડના રાજબાગમાં પ્રફુલ્લતી પદ્મિની!'

અલાઉદ્દીનના કાનમાં કેટલીયે વાર સુધી આ શબ્દો રણકી રહ્યાઃ 'ચિતોડના રાજબાગમાં પ્રફુલ્લતી પદ્મિની!'

તે આકાશ ભણી જોઈને બોલી ઊઠચોઃ 'બાંદી, તેં શું નજરોનજર પદ્મિનીને જોઈ છે? શું સાચેસાચ તે રૂપાળી છે?'

બાંદીએ જવાબ દીધોઃ 'જહાંપનાહ! દિલ્લી આવી તે પહેલાં હું ચિતોડમાં નાચગાન કરી જીવન વિતાવતી હતી. પદ્મિનીના લગનની રાતે હું રાણીના મહેલમાં નૃત્ય કરવા ગઇ હતી!'

અલાઉદ્દીન ગાલે હાથ દઈને વિચારવા લાગ્યો. થોડી વાર પછી તે બોલી ઊઠચો: 'પિયારી, પદ્મિનીને આ ખાસ મહેલમાં લઈ આવવાનું મને મન થાય છે.'

પિયારી બેગમ બોલી ઊઠીઃ 'શહેનશાહ, આકાશના ચંદ્રમાને સોનાની દાબડીમાં પૂરી રાખવાનું મને પણ મન થાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલાઉદ્દીનને એ શબ્દો ગમ્યા નહિ. તેને થયું કે હું દિલ્લીનો બાદશાહ, અડધું ભારતવર્ષ મારી મૂઠીમાં છે, અને હું એક રાજપૂત રાણીને પકડી લાવી શકું નહિ ?'

તે મોં ગંભીર કરીને ત્યાંથી ઊઠી ગયો. મનમાં મનમાં બોલતો ગયો: 'ચૂપ કર, પિયારી ! હું પદ્મિનીને લાવું, પછી તારે એની બાંદી થઈને રહેવું પડશે !'

બીજે જ દિવસે, લાખો સિપાઈઓની ફોજ લઈને, અલાઉદ્દીન ચિતોડ તરફ ચાલી નીકળ્યો. પઠાણોની સેના જ્યાં થઈને ગઈ ત્યાં, રસ્તાની બેય બાજુએ, ધાનનાં ખેતરો અને માણસોની વસતીનો નાશ થતો ગયો.

તે વખતે વસંતઋતુ હતી. આખા ચિતોડમાં 'હોરી હૈ! હોરી હૈ!'નો આનંદકોલાહલ સંભળાતો હતો. ઘેરે ઘેર અબીલગુલાલ ઊડતો હતો, હાસ્યના ફુવારા છૂટતા હતા, અને વસંતી રંગનો બહાર જામ્યો હતો ! એ ફાગણમાં, આનંદ અને ઉલ્લાસના એ વાતાવરણમાં, એક દિવસ ચિતોડમાં ખબર આવ્યા કે અલાઉદ્દીન આવે છે!—એકાએક વંટોળિયો આવતાં દીવા હોલવાઈ જાય, તેમ ચિતોડનો બધો આનંદ એક પલકમાં ઊડી ગયો. રાણાની રાજસભામાં ધ્રુપદ અને ખેયાલમાં હોરીનાં ગીત ગવાતાં હતાં તે ક્યાં ગયાં અને રાણીઓના અંતઃપુરમાં 'ફાગુનમેં હોરી મચાઓ!'નું મધુર ગીત મધુર કંઠે ગવાઇ રહ્યું હતું તે ક્યાં ગયું ? લાખ લાખ રસ્તાઓ પર લોકોનાં ટોળાં ભેગાં થઈને કિલ્લોલ કરતાં હતાં તે ક્યાં ગયાં ? અને ગોપાલજીના મંદિરમાં વસંત રાગે નોબત વાગતી હતી તે ક્યાં ગઈ? અબીલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલાલથી લાલ લાલ થઈ ગયેલાં ચિતોડનાં ઘરેઘરમાં અસ્ત્ર-શસ્ત્રનો ખણુખણાટ શરૂ થઈ ગયો, અને તેની સાથે સાથે એક ભયાનક રમતની તૈયારીઓ ચાલવા માંડી—એ રમત માણસોના પ્રાણની સાથે રમવાની હતી; તેનાં સાધનો છાતીનું લોહી, છૂરીના ઘા, તોપોના ધડાકા અને ખુલ્લું રણમેદાન !

છેવટે એક દિવસ પઠાણ બાદશાહનું કાળું નિશાન ગીધની પેઠે મેવાડની મરુભૂમિ ઉપર દેખાયું.

ભીમસિંહે હુકમ કર્યો: 'કિલ્લાના દરવાજા બંધ કરો.'

ધડ ધડ કરતા ચિતોડના સાતે દરવાજા તરત જ બંધ થઈ ગયા.

અલાઉદ્દીને ધારેલું કે હમણાં જઈને પદ્મિનીને પકડી લાવું છું. પરંતુ આવીને જોયું તો છાતીનું પાંજરું જેમ પ્રાણને ચારે તરફથી ઢાંકી રાખે છે, તેમ રાજપૂતોની તલવાર રાતદિવસ ચારે તરફ પદ્મિનીનું રક્ષણ કરી રહી હતી. સમુદ્ર પાર કરવો સહેલો છે, પણ આ સાત દરવાજા પાર કરી, ચિતોડની વચમાંથી પદ્મિનીને ઉઠાવી જવાનું અશક્ય છે.

પઠાણ બાદશાહે પહાડની તળેટીમાં તંબૂ નાખવાનો હુકમ કર્યો.

તે દિવસે મધરાતે યુદ્ધની બધી તૈયારીઓ પૂરી કરીને, ભીમસિંહ પદ્મિનીની પાસે આવીને બોલ્યો: 'પદ્મિની, તારે સાગર જોવો છે? જેવા અનંત નીલસાગરના કિનારે તમારો રાજમહેલ હતો તેવો જ સાગર !'

પદ્મિનીએ કહ્યું, 'મશ્કરી રહેવા દો. તમારી આ સૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરુભૂમિમાં વળી સાગર ક્યાંથી આવ્યો ?'

ભીમસિંહ પદ્મિનીનો હાથ પકડી કિલ્લાની અગાશી પર ચડયો. આકાશમાં અંધારું હતું; ચંદ્ર નહોતો, તારા નહોતા. પદ્મિનીએ જોયું તો એ આકાશના અંધારાની નીચે બીજો કાળો અંધકાર કિલ્લાની પાસેથી તે છેક મરુભૂમિના સિમાડા સુધી પથરાયેલો પડયો હતો.

પદ્મિની બોલી ઊઠી: 'રાણા, અહીં સાગર છે એ તો મેં આજે જાણ્યું! ઓહો! જુઓ, પેલાં ધોળાં ધોળાં મોજાં ઊછળે!'

ભીમસિંહે હસીને કહ્યું: 'પદ્મિની! આ કંઈ જેવો-તેવો સાગર નથી: એ તો પઠાણ બાદશાહની ચતુરંગી સેના છે. પણે જો, મોજાં પર મોજાં ઊછળતાં હોય એવા તંબૂઓ પડયા છે, અને સાંભળ મોજાંના કોલાહલ જેવો આ સૈન્યનો કોલાહલ! આજે મને થાય છે કે જે નીલ-સાગરના હૃદયમાંથી સોનાના પદ્મ ફૂલની પેઠે હું તને તોડી લાવ્યો, તે સાગર આજે આ ચતુરંગિની સેનાનું રૂપ ધરીને તને મારી પાસેથી ખૂંચવી લેવા માટે આવ્યો છે. આ વિપદ્‌સાગરને કેવી રીતે પાર કરવો તેનો હું વિચાર કરું છું.'

ભીમસિંહ આગળ કંઈક બોલવા જતો હતો, અચાનક એક કાળું ઘુવડ ચીસ પાડતું તેના માથા પર થઈને ઊડી ગયું. તેની પહોળી કાળી પાંખોનો ઠંડો પવન, એ અંધારી અગાશીમાં, રાણારાણીનાં મોં ઉપર, કોઈ જાણે એ ઠંડા હાથ ફેરવી ગયું હોય, તેમ ફરી ગયો! પદ્મિની ચમકી પડી, ને રાણાનો હાથ પકડી નીચે ઊતરી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી રાત એનું મન બોલવા લાગ્યું: 'કેવાં અપશુકન! કેવાં અપશુકન!'

બીજે દિવસ પૂરવના આકાશમાં પ્રભાતની ટશરો હજી હમણાં જ ફૂટતી હતી, તેવામાં એક રાજપૂત સવાર પઠાણોની છાવણીમાં આવીને ઊભો. બાદશાહ અલાઉદ્દીન તે વખતે રૂપાની ખુરશીમાં બેસીને, હાથમાં તસબી લઇ જપ કરતો હતો. એટલામાં તેને ખબર મળ્યા: 'રાણા લક્ષ્મણસિંહનો દૂત આવ્યો છે.'

બાદશાહે હુકમ કર્યો: 'હાજીર હોને કો કહો!'

રાણાનો દૂત ત્રણ વખત કુરનિશ બજાવી, બાદશાહની સામે ઊભો રહીને બોલ્યો: 'રાણાજી પૂછે છે કે કઇ શત્રુવટના કારણે આવડા મોટા સૈન્ય સાથે બાદશાહનું ચિતોડમાં પધારવું થયું છે?'

અલાઉદ્દીને ઉત્તર દીધો: 'રાણાની સાથે મને કોઈ શત્રુવટ નથી. હું તો રાણાના કાકા ભીમસિંહની પાસેથી પદ્મિની લેવા આવ્યો છું. એ હાથમાં આવતાં જ પાછો ફરીશ.'

દૂતે જવાબ દીધો: 'શહેનશાહ, તમે રાજપૂતોને ઓળખતા નથી, તેથી આવું બોલો છો. રાણાની વાત જવા દો; અમે સાધારણ રાજપૂતો છીએ, છતાં અમે જીવ ખોશું, પણ સ્વમાન નહિ ખોઈએ. માટે આપ રાણીની આશા છોડી દો; ઊલટું શહેનશાહને બીજું કંઈ જોઇતું હશે તો—'

અલાઉદ્દીન એકદમ વચમાં બોલી ઊઠયો: 'બસ, હિંદુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાનના બાદશાહની એક વાત છે—કાં પદ્મિની, કાં યુદ્ધ !'

રાણાનો દૂત પાછળ હઠી ત્રણવાર કુરનિશ બજાવી પાછો ફર્યો.

તે દિવસે સાંજે ચિતોડની રાજસભામાં બધા રાજપૂત સરદારો ભેગા થયા; ને વિચાર કરવા લાગ્યા કે કેવી રીતે ચિતોડને મુસલમાનોના હાથમાંથી બચાવવું ? રાજસ્થાનના રાજમુગટ સમું ચિતોડ ! રાજપૂતોને પ્રાણ કરતાંયે પ્રિય ચિતોડ ! મુસલમાનોએ લગભગ આખું હિંદુસ્થાન કબજે કરી લીધું હતું, તેમની સામે લડવામાં મોટામોટા હિંદુ રાજાઓનાં રાજપાટ ડૂલી ગયાં હતાં, પણ ચિતોડનું સિંહાસન હજી પહેલાંના જેવું જ અટલ ઊભું હતું, હજી એ સ્વાધીન હતું ! આજે આ ઘોર વિપત્તિઓમાંથી એ ચિતોડને કેવી રીતે બચાવવું !

ઘણી વાર સુધી ચર્ચાઓ ને તર્કવિતર્કો ચાલ્યા.

છેવટે રાણો ભીમસિંહ બોલી ઊઠયો: 'પદ્મિનીને લીધે ચિતોડનો નાશ થતો હોય તો પદ્મિનીને પઠાણના હાથમાં સોંપી દો ! મને એનું કંઇ દુઃખ નથી. કારણ કે ચિતોડ પહેલું, પછી પદ્મિની !'

આમ કહી ભીમસિંહે રાજસભાની એક તરફ, શ્વેત સંગેમરમરની જાળી પાછળ જ્યાં ચિતોડની રાણીઓ બેસતી હતી તે તરફ, નજર કરી. પછી સિંહાસન સામે જોઈને કહ્યું: 'મહારાણા શું કહે છે ?'

લક્ષ્મણસિંહે કહ્યું: 'જો બધા સરદારોનો એવો મત હોય તો એવું થશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી પેલો રાજભક્ત રજપૂત સરદાર રાજસભામાં ઊભો થઈને બોલ્યો: 'રાણાની વિપત્તિ એ અમારી વિપત્તિ છે, રાણાનું અપમાન એ અમારું અપમાન છે। પદ્મિની ભીમસિંહની પત્ની છે, પણ અમારી રાણી છે. અમે એને કેવી રીતે પઠાણની બેગમ થવા મોકલી શકીએ? આખી દુનિયા અમારા નામ પર થૂંકશે ને કહેશે કે રાજસ્થાનમાં પોતાની રાણી માટે લડે એવો એક પણ પુરુષ ન નીકળ્યો! મહારાણા, અમે તૈયાર છીએ, હુકમ થતાં જ અમે લડવા નીકળી પડશું.'

મહારાણાએ હુકમ કર્યો: 'હમણા તો લડવા જવાનું નથી. ખબરદાર રહો, ને કિલ્લાના દરવાજા બંધ રાખો. અલાઉદ્દીન છોને ચિતોડને ઘેરો ઘાલી પડી રહેતો.'

આખી સભામાં વાહવાહ બોલાવા લાગી. ચારે તરફ ચિતોડના સામંતો અને સરદારો તલવાર ખેંચીને ઊભા. આખી સભા એકસ્વરે બોલી ઊઠી: 'મહારાણાનો જય હો!'

સભા બરખાસ્ત થઈ. એ વખતે સભાખંડની એક બાજુએ, પેલી શ્વેત સંગેમરમરની જાળી પાછળથી સોનાના દોરાથી ભરેલા પદ્મફૂલવાળો એક લાલ રૂમાલ આ રાજભક્ત સરદારોની વચમાં આવીને પડ્યો. સરદારો પદ્મિનીના હાથનો આ લાલ રૂમાલ ભાલાની અણીએ બાંધી રાણીનો જય પોકારતા રાજસભામાંથી વિદાય થયા.

પછી દિવસો પસાર/થવા માંડયા. અલાઉદ્દીન લાખો સિપાઇઓ લઇને ચિતોડને ઘેરો ઘાલી બેસી રહ્યો. એને આશા હતી કે કિલ્લાની અંદર પુરાઇ રહેવાથી રાજપૂતોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાક ખૂટી જશે, એટલે નક્કી કે, જીવ બચાવવા તેઓ પદ્મિનીને સોંપી દેશે ને સંધિ કરશે. પરંતુ દિવસો પર દિવસો, ને મહિના પર મહિના વીતવા લાગ્યા; વરસ પૂરું થઈ ગયું, પણ સંધિનું નામનિશાન જણાયું નહિ. ચોમાસું ગયું, શિયાળો ગયો, ને ફરી ઉનાળો આવી પહોંચ્યો. પઠાણ સિપાઈઓ દિલ્લી પાછા જવા અધીરા બન્યા. તેમને થયું: આવા ગરમીના દિવસોમાં દિલ્લીના ચાંદની ચોકમાં કેવી મજા ચાલી રહી હશે! કેવી લહેર ઊડી રહી હશે! અને અમે અહીં, ચોમાસે શિયાળે, આ હિંદુઓના દેશમાં, ઉઘાડા મેદાનમાં પડી રહ્યા છીએ! અહીં નથી ફક્કડ પાનબીડાં, નથી અહીં ફૂલના બગીચા, કે નથી અહીં મીઠું ગળું—હોય તો કંઇ ગીત સાંભળીને ચે રહેવાય! અહીંના લોકો જેવા જાડી ચામડીના છે, તેવાં જ એમનાં ગીત પણ બસૂરાં છે, એમનાં પાન પણ એવાં જાડાં છે, ને એમની તમાકુ પણ એવી કડવી છે. આ હિંદુના મુલકમાંથી હવે મન ઊઠી ગયું છે.

અલાઉદ્દીને જોયું કે કામધંધા વગર બેસી રહેવાથી મારા સિપાઈઓ કંટાળવા માંડ્યા છે. હજી એની ઇચ્છા ઘેરો ચાલુ રાખવાની હતી. પણ ગમે તે ઉપાયે સિપાઇઓને શાંત પાડ્યા વગર ચાલે તેમ નહોતું. એટલે હવે એણે વારાફરતી એક એક ટુકડીને સાથે લઇ શિકાર કરવા જવા માંડ્યું.

એક દિવસ બાદશાહ શિકાર કરીને છાવણીમાં પાછો આવતો હતો. એક તરફ લીલાં અનાજનાં ખેતરો સાંજના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધારામાં કાજળકાળાં દેખાવા માંડયાં હતાં, અને બીજી તરફ પહાડ ઉપર ચિતોડનો કિલ્લો વાદળાં જેવો દેખાતો હતો. વચમાં પગદંડી હતી. એ રસ્તે થઈને આગળ શિકારી પઠાણો મોટાં મોટાં હરણ ખભા પર નાખીને, ગાતા ગાતા ચાલતા હતા; તેમની પાછળ મોટા મોટા અમીરઉમરાવો કોઈ હાથી ઉપર તો કોઈ ઘોડા ઉપર ચડીને, ચાલતા હતા. છેલ્લે બાદશાહ અલાઉદ્દીન હતો. એના એક હાથમાં ઘોડાની લગામ હતી, અને બીજા હાથમાં સોનાની સાંકળે બાંધેલું મોટું શિકારી પંખી હતું. બાદશાહ વિચાર કરતો કરતો જાય છે કે આટઆટલા દિવસ થઈ ગયા, તોયે ચિતોડ જિતાયું નહિ. સિપાઈઓ દિલ્લી પાછા જવા અધીરા બની ગયા છે. હવે ક્યાં લગી એમને ફોસલાવી રાખવા ? જે પદ્મિની માટે હું આટલું સૈન્ય લઈને આટલું દુઃખ વેઠી દેશ છોડી અહીં આવ્યો, તે પદ્મિનીને તો મેં એક વખત નજરે યે દીઠી નહિ !

પછી બાદશાહે ડાબા હાથ ઉપર બેઠેલા શિકારી પંખીની સામું જોયું. કદાચ તેને થતું હશે કે કોઈ રીતે જો મને બે પાંખો મળે તો આ બાજની પેઠે તરાપ મારીને, હું ચિતોડમાંથી પદ્મિનીને ઉપાડી લાવું. અચાનક સાંજના અંધારામાં, કંઈક પાંખોનો ફફડાટ એ ઊંઘતા શિકારી પંખીના કાને સંભળાયો. તે પાંખો ફફડાવી, ગરદન ફુલાવી, બાદશાહના હાથ ઉપર ટટાર થઈ ને બેઠો. અલાઉદ્દીન સમજી ગયો કે મારા શિકારી બાજે જરૂર કંઈક શિકારનો પત્તો મેળવ્યો છે. તેણે આકાશ ભણી નજર કરી તો માથા ઉપર થઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પન્નાના ટુકડા જેવી એક મેનાપોપટની જોડ ઊડતી જતી હતી. ઘોડો થંભાવી, બાજના પગમાંથી સોનાની સાંકળ છોડી નાખી. તરત જ બાજ બાદશાહના હાથ પરથી સડસડાટ કરતો ઊડીને અંધારા આકાશમાં ચઢી ગયો, અને કાળી પાંખો પ્રસારી શિકારીઓનાં માથાં ઉપર ઘડીભર સ્થિર થઇ રહ્યો; પછી એકદમ ત્રણસો ગજ ઊંચાઇથી ગોફણમાંથી છૂટેલા ગલોલની પેઠે એ મેનાપોપટની ઉપર આવી પડ્યો. બાદશાહે જોયું તો એક પંખી ભયથી ચીસો પાડતું સંધ્યાના આકાશમાં દોડાદોડ કરી રહ્યું છે, ને બીજું બાજના પંજામાં તરફડી રહ્યું છે. બાદશાહે સિસકારો કરીને બાજને પાછો બોલાવ્યો. પાળેલો બાજ શિકાર છોડી બાદશાહના હાથમાં આવીને બેઠો, અને ભયથી અધમૂઓ બની ગયેલો લીલો પોપટ ચકર ખાઈ ખાઈને ધરતીપર પડ્યો. બાદશાહે આનન્દમાં આવી એ પોપટને ઉપાડી લેવાનો હુકમ કરી, છાવણી તરફ ઘોડો દોડાવ્યો, અને એ પોપટની પોપટી કરુણસ્વરે ચીસો પાડતી પાડતી એ શિકારીઓની સાથે સાથે આકાશમાં ઊડતી રહી. એક ઉમરાવના હાથમાં નાનકડું પિંજર હતું અને એ પિંજરમાં પાંખતૂટેલો તેનો પોપટ તરફડતો હતો; છેવટે ધીમે ધીમે, ધીરેધીરે, બીતાં બીતાં પિંજરની ઉપર આવીને તે હિંમતથી બેસી ગઈ.

ઉમરાવ નવાઈ પામી બોલી ઊઠ્યો: 'કેવી અદ્ભુત હિંમત!' પોપટનું દુઃખ જોઇ પોપટી પોતે આવીને પકડાઈ ગઇ!

અલાઉદ્દીન તે વખતે પદ્મિનીનો વિચાર કરતો કરતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતો હતો. અચાનક ઉમરાવના મોંમાંથી નીકળતા આ શબ્દો સાંભળી તેને થયું કે જો ભીમસિંહને પકડવામાં આવે, તો કદાચ એની સાથે રાણી પદ્મિની પણ પકડાઈ જાય!

બાદશાહે તંબૂમાં આવી આખી રાત ભીમસિંહને કેવી રીતે કેદ કરવો તેની યુક્તિપ્રયુક્તિઓ વિચારવા માંડી. એકબે દિવસમાં જ રાણાની સાથે મસલત થઇ ગઈ કે અલાઉદ્દીને બધું લશ્કર લઇને, લડ્યા વગર પાછા દિલ્હી જવું, અને તેના બદલામાં એકમાત્ર તેને, એક આયનામાં રાણી પદ્મિનીનું પ્રતિબિંબ જોવા મળે. બાદશાહ જ્યાં સુધી ચિતોડના કિલ્લામાં હોય ત્યાં સુધી તેને કંઇ પણ ઇજા થાય તો એની જવાબદારી ખુદ મહારાણાએ પોતાને માથે રાખી.

બાદશાહે ચિતોડમાં જવાની તૈયારી કરવા માંડી. શિકાર આટલો સહેલાઈથી ફંદામાં ફસાઇ જશે એવું અલાઉદ્દીને સ્વપ્ને પણ ધાર્યું નહોતું. તેણે મહાઆનંદપૂર્વક પઠાણ ઉમરાવોની સાથે બધી વાતચીત કરી લીધી. પછી સાંજે, ગુલાબજળમાં સ્નાન કરી, કિનખાબનાં કપડાં પહેરી, ગળામાં મોતીની માળા નાખી, માથે હીરાનો સિરપેચ ચડાવી, સોનાના પેંગડામાં પગ દઈને બાદશાહ સફેદ ઘોડા ઉપર સવાર થયો. સાથે લડવાનો જેમનો ધંધો છે અને મરવાની જેમને બીક નથી, એવા બસો જેટલા બહાદુર પઠાણો રાખ્યા. બાદશાહ ઘોડા પર બેસી એકલો પહાડ વટાવી કિલ્લા તરફ ચાલ્યો; અને પેલા પઠાણ સરદારો પહાડની નીચેથી પહેલાં તો પોતાની છાવણીમાં પાછા ફર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પછી સાંજના અંધારામાં એકે એકે કિલ્લા નજીક પાછા આવ્યા અને રસ્તા પર એક મોટા આંબાવાડિયામાં સંતાઈ રહ્યા.

સૂર્યદેવ ચિતોડની પશ્ચિમે એક મોટા વાદળની પાછળ આથમી ગયા. તે વખતે પઠાણ બાદશાહ અલાઉદ્દીન રાણા ભીમસિંહનો હાથ પકડી, શ્વેત સંગેમરમરના બનાવેલા પદ્મિનીના ભવનમાં આવી પહોંચ્યો. ત્યાં બીજું કોઇ માણસ હતું નહિ—માત્ર હજાર હજાર મીણબત્તીઓ સળગતી હતી. એના ઉજાસથી શ્વેત પાષાણના એ રાજભવનમાં જાણે નવો દિવસ ઊગ્યો હોય એવું લાગતું હતું. રાણા ભીમે એ ખંડમાં સોનાની બિછાત પર બાદશાહને બેસાડીને, તેના હાથમાં શરબતનો એક જામ આપીને કહ્યું: ‘ શહેનશાહ કંઇ લેવાની કૃપા કરશે ? ’

અલાઉદ્દીન હાથમાં પ્યાલો લઈ વિચાર કરવા લાગ્યો કે આમાં ઝેર હશે તો આવી બન્યું. કહે છે કે રાજપૂતાણીઓ શત્રુને હાથે અપમાનિત થવાની બીકે ઘણી વખત આવો કટોરો પીને પ્રાણત્યાગ કરે છે. બાદશાહ હાથમાં પ્યાલો લઇને મનમાં ઘડભાંગ કરવા લાગ્યો.

રાણો ભીમ અલાઉદ્દીનના મનનો ભાવ સમજી ગયો. તેણે જરા હસીને કહ્યું: ‘ શહેનશાહ, ઝેરની બીક રાખશો નહિ ! મહારાણાએ પોતે આપને કંઈ ઇજા થાય તો એની જવાબદારી પોતાના માથે રાખી છે. એટલે આજે જો આપ આખા ચિતોડમાં એકલા ફરી આવો તોપણ કોઈ રાજપૂત આપનો વાળ સરખો વાંકો કરવાની હિંમત નહિ કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ નિશ્ચિંત રહો. અતિથિને અમે દેવ ગણીએ છીએ.'

અલાઉદ્દીન એકદમ બોલી ઊઠ્યો: 'રાણા, હું એનો વિચાર નથી કરતો. હું તો એ વિચાર કરતો હતો કે જેવી નિખાલસતાથી હું તમારી ઉપર વિશ્વાસ રાખું છું, તેવી નિખાલસતાથી તમે મારી ઉપર વિશ્વાસ રાખી શકો ખરા?'

અલાઉદ્દીન મોઢે તો આવું બોલ્યો, પણ એ કટોરો હોઠે અડકાડતાં એનો જીવ ગભરાતો હતો. ધીમે ધીમે બધો કટોરો પી જઈ, બહુવાર સુધી એ શાંત બેસી રહ્યો. જ્યારે ઝેરની બળતરાને બદલે એનું શરીર અને મન આનંદથી પ્રફુલ્લ બની ગયું, ત્યારે એણે ભીમસિંહની સામે જોઈ કહ્યું: 'તો હવે શા સારું મોડું કરવામાં આવે છે? હવે એ બેનમૂન સુંદરી પદ્મિનીરાણીનાં દર્શન કરાવો, એટલે રાજી થઈને પાછો ફરું!'

પછી રાણા ભીમે એક જબરદસ્ત આયના પરથી પડદો ખસેડી નાખ્યો. કાકચક્ષુના જેવા નિર્મળ એ આયનામાં પદ્મિનીના રૂપની છટા, હજાર હજાર બત્તીઓના પ્રકાશને એ જાણે પ્રકાશિત કરતી હોય એવી પ્રગટ થઈ!

બાદશાહ જોઈ રહ્યો: 'વાહ! કેવી એ કાળી આંખો! કેવી એ ખેંચેલી ભમરો! પદ્મની ડાંડલી જેવા કોમળ હાથ! વાંકાં ઝાંઝરથી શોભતા કેવા રૂપાળા નાનકડા રાતા પગ! નીલ રંગની પેશવાજમાં મોતીનાં ફૂલ! ગુલાબી ઓઢણા પર સોનાની કિનાર, પન્નાની ચૂડીઓ, નીલમની વીંટીઓ, હીરાની હાંસડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહ આભો બની વિચાર કરવા લાગ્યો : 'આ તે સ્ત્રી છે કે પરી ?'

તેનાથી હવે રહેવાયું નહિ. તે એકદમ ઊભો થઈ એ વિશાળ આયનાની અંદરની છાયા—પદ્મિનીને પકડવા એ હાથ લાંબા કરી દોડ્યો—ગ્રહણની રાતે રાહુ ચાંદાને પકડવા જાય છે તેમ.

ભીમસિંહ બોલી ઊઠ્યો : 'શહેનશાહ, પદ્મિનીને અડકશો નહિ !'

રાણાને થયું કે રાજભવનમાં બેઠેલી મારી પવિત્ર રાણી પદ્મિની, પઠાણના હાથે અપમાનિત થવાની બીકે થરથર કાંપી રહી છે! ગુસ્સામાં રાણાની આંખો લાલચોળ બની ગઇ, એકદમ ઓરડાની વચમાં ઊભા થઇ જઇને એણે સોનાનો એક પ્યાલો ઉપાડી, એ આયનાની છાતીમાં જોરથી માર્યો. સાત હાથ ઊંચો એ અદ્‌ભુત આયનો ઘડીકમાં, ભારે અવાજ સાથે, ભાંગીને ટુકડેટુકડા થઇ ગયો.

અલાઉદ્દીન ચમકીને ત્રણ ડગલાં પાછળ હઠી ગયો. તે મનમાં સમજી ગયો કે હું પાગલની પેઠે પદ્મિનીની તરફ દોડ્યો એ મેં બહુ અસભ્યતા બતાવી, એ માટે મારે રાણાની ક્ષમા માગવી જોઈએ.

ભીમસિંહ તરફ ફરીને બાદશાહે કહ્યું : 'રાણા, મારી ભૂલ થઇ. મારા મહેલમાં આવીને કોઇ આવી અસભ્યતા કરે તો હું કદાચ એનું માથું કાપી નાખવાનો હુકમ કરી દઉં,—મને માફ કરો !'

પછી કેટલી ખુશામત અને કેટલી આજીજી, વિનંતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને તેણે રાણાને પ્રસન્ન કર્યો. એમ કરતાં મોડી રાતે અલાઉદ્દીને ભીમસિંહની વિદાય માગી. ઉપરાઉપરી અમલના કટોરા પીને એક તો રાણો ગેલમાં આવી ગયો હતો, તેમાં વળી દિલ્લીના બાદશાહે માફી માગી, એટલે એનું મન પાણીપાણી થઈ ગયું. રાણો અડધો અડધો થઇને, પોતાના નવા દોસ્ત દિલ્લીના બાદશાહને કિલ્લાની બહાર વળાવવા ગયો.

અમાવાસ્યાની રાત હતી, આકાશમાં કેવળ અજવાળું હતું. ધરતી પર કાળો ઘોર અંધકાર હતો. ઘરેઘરનાં બારણાં બંધ હતાં, આખા દિવસના થાકને લીધે લોકો ઊંઘતા હતા. ચિતોડના રાજમાર્ગ સૂના હતા. અલાઉદ્દીન ઘોડેસવાર થઇને એ સૂના માર્ગ પર થઇને જતો હતો. એની સાથે રાણો ભીમ અને વીસેક રાજપૂત સિપાઈઓ હતા. મોટા શત્રુ અલાઉદ્દીનની દોસ્તી થઈ, હવે ચિતોડને કદી પણ પઠાણોનો ત્રાસ વેઠવો નહિ પડે! રાણો વિચાર કરતો હતો કે કાલે સવારે પઠાણ સેના ચિતોડ છોડી જતી રહેશે, અને ચિતોડની બધી પ્રજા કાલથી નિર્ભય બની, રાણારાણીનો જયજયકાર કરી, પોતપોતાના કામે લાગશે. અત્યારે તેનું મન આનંદથી નૃત્ય કરતું હતું. ઉલ્લાસમાં આવી ઘોડેસવાર થઈ તે બાદશાહની પડખે ને પડખે રહ્યો, અને તેની સાથે કિલ્લાના દરવાજાની બહાર નીકળ્યો.

રાતનો અંધકાર વધારે ગાઢ થયો હતો. પહાડ ઉપર ઊભેલાં મોટાં મોટાં લીમડાનાં ઝાડ, કાળા ઘોર દૈત્યોની પેઠે, રસ્તાની બે બાજુએ હારબંધ ઊભાં હતાં. ક્યાંયે કશો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ થતો નહોતો, માત્ર કિલ્લાની ઉપરથી, વખતોવખત ચોકીદારોનો હો હો અવાજ અને પથ્થરના રસ્તા પર ચાલતા બાવીસ ઘોડાઓના ડાબલાનો ખટખટ અવાજ સંભળાતો હતો.

અલાઉદ્દીન વાતો કરતો કરતો ભીમસિંહને લઈને ધીમે ધીમે પહાડની નીચે આવ્યો. ત્યાં એક તરફ ધાનનાં ખેતરો હતાં, અને બીજી તરફ આંબાવાડિયું હતું. વચમાં મેદાનનો રસ્તો હતો. આ રસ્તાની બે બાજૂએ લગભગ બસો જેટલાં પઠાણો અલાઉદ્દીનના હુકમ પ્રમાણે છુપાઈ બેઠા હતા. ભીમસિંહ ત્યાં આવ્યો કે તરત ચારે તરફથી પઠાણ સેનાએ એને ઘેરી લીધો. પછી એ અંધારી રાતે સેંકડો દુશ્મનોની સામે માત્ર વીસેક રાજપૂતો પોતાની રાણીની ખાતર મરણિયા બની ઝૂઝયા. પણ નિષ્ફળ! બાજપંખી જેમ તરાપ મારીને શિકારને ઉઠાવી જાય, તેમ પઠાણ અલાઉદ્દીન રાજપૂતોની અંદરથી રાણા ભીમને કેદી બનાવી લઈ ગયો. વીસમાંથી માત્ર પાંચ જ રાજપૂતો ચિતોડ પાછા ફર્યા!

પરોઢની સવારે આખા ચિતોડમાં વાત ફેલાઈ ગઈ કે ભીમસિંહ કેદ થયા છે, અને પદ્મિનીને સોંપવામાં આવશે તો જ એ છૂટશે.

અલાઉદ્દીન છાવણીમાં પહોંચ્યો ત્યારે રાતના અઢી પ્રહર વીતી ગયા હતા. ભીમસિંહને સખત ચોકી-પહેરામાં રાખવાનો હુકમ આપીને તે પોતાના તંબૂમાં આરામ લેવા ગયો. આજે તેને પાકી ખાતરી હતી કે રાણો પકડાયો છે, એટલે હવે પદ્મિની ક્યાં જવાની છે? જે હિંદવાણી પતિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે જીવ કાઢી આપે, તે બાદશાહની બેગમ થવાની ના કહેશે? પદ્મિની નહિ મળે તો હું રાણાને કોઈ કાળે છોડવાનો નથી!

મનમાં મનમાં આવી પ્રતિજ્ઞા કરી અલાઉદ્દીન સોનાના પલંગમાં દૂધના ફીણ જેવી સફેદ તળાઈમાં સૂઇ ગયો અને હિંદુરાણી પદ્મિનીનો વિચાર કરતાં કરતાં મોડી રાતે ઊંઘી ગયો.

સવાર થતાં બાદશાહને થયું કે હમણાં પદ્મિની આવશે. સવાર થઈ, બપોર થઈ ને સાંજ પડી; પણ પદ્મિની આવી નહિ. દિવસ પર દિવસ, ને રાત પર રાત વીતવા માંડી, પણ પદ્મિની દેખાઈ નહિ. બાદશાહ અકળાઈ ગયો. તેને થયું: 'તો શું આ ભીમસિંહ ખરો ભીમસિંહ નથી? હું ભૂલમાં કોઇ સાધારણ સરદારને તો પકડી લાવ્યો નથીને?'

અલાઉદ્દીને કેદી રાણાને પોતાની હજૂરમાં લાવવાનો હુકમ કર્યો. લોઢાની બેડીઓમાં બંધાયેલો રાણો ભીમ, બંધાયેલા સિંહની પેઠે, બાદશાહના દરબારમાં હાજર થયો.

બાદશાહે પૂછ્યું: 'તું જ શું પદ્મિનીનો ધણી ભીમસિંહ છે?'

રાણાએ જવાબ દીધો: 'પઠાણ! એ વિષે તને શાથી વહેમ પડે છે?'

અલાઉદ્દીને કહ્યું: 'જો તું સાચો ભીમસિંહ હોય, તો તને બચાવવા માટે રાજપૂતો કેમ કંઈ કોશિશ કરતા દેખાતા નથી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણાએ કહ્યું: 'જે મૂર્ખ પોતાની બુદ્ધિના દોષે જૂઠા-બોલા પઠાણના હાથમાં કેદ થયો છે તેની સાથે ચિતોડના મહારાણા શા સારુ કંઈ સંબંધ રાખે ?'

આ સાંભળી બાદશાહને મનમાં ખટકો લાગ્યો કે 'જો ખરેખર ભીમસિંહને પઠાણના હાથમાં છોડી દઈને મહા-રાણો નિરાંતે બેસી રહ્યો, તો હું શું કરીશ !' એકદમ ચિંતાતુર બની અલાઉદ્દીન દરબારમાંથી જતો રહ્યો.

તે દિવસે પાછલી રાતે ચિતોડની ઉપર કિલ્લાની ખુલ્લી અગાશીમાં, પદ્મિની ગાલે હાથ દઈને એકલી ઊભી હતી. નીલકમળ જેવી તેની સુન્દર આંખો, પઠાણોની છાવણી તરફ—જ્યાં ભીમસિંહ કેદી હતો તે તરફ—મંડાઇ હતી. હજી આકાશ સ્વચ્છ થયું નહોતું. પૂર્વમાં સૂરજે માત્ર સોનાની કોર કાઢી હતી.

એવામાં બે રાજપૂત સરદારોએ આવીને પદ્મિનીના પગમાં પ્રણામ કર્યા: એકનું નામ ગોરા, અને બીજાનું નામ બાદલ. ગોરાની ઉંમર પચાસથી વધારે હતી, અને તેના મોટાભાઇનો છોકરો બાદલ માત્ર બાર વરસનો હતો. ગોરા અને બાદલ બંને પદ્મિનીના પિયરના માણસો હતા. રાજકુમારી પદ્મિની જ્યારે ભીમસિંહની રાણી થઈને સિંહલ છોડી આવી, ત્યારે તેની સાથે આ ગોરા એક હાથમાં તલવાર અને બીજા હાથમાં માબાપ વિનાના કુમળા બાદલને લઇને દેશ છોડી ચિતોડ આવ્યો હતો.

પદ્મિનીએ પૂછ્યું : 'મહારાજાએ મારી દરખાસ્ત સ્વીકારી ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોરાએ કહ્યું, 'તેમના હુકમથી રાણીજીને પઠાણોની છાવણીમાં પહોંચાડવાનો બંદોબસ્ત કરવા માટે હું હમણાં જ બાદશાહને મળવા જાઉં છું.'

પદ્મિનીએ જરા હસીને કહ્યું: 'જાઓ, અને બાદશાહને કહો કે મારે માટે દિલ્હીમાં એક નવો મહેલ બંધાવી રાખે.'

ગોરા અને બાદલ ગયા. જોતજોતામાં આખી સૃષ્ટિને અજવાળતા સૂર્યદેવ ઉદય પામ્યા. પદ્મિનીએ જોયું તો લાલ રેશમનો બાંધેલો અલાઉદ્દીનનો વિશાળ તંબૂ, સૂરજના અજવાળામાં ધીમેધીમે રક્તમય બની ગયો! બાદશાહના એ તંબૂ તરફ નજર માંડી રાખીને એ બોલી ઊઠી: 'ધૂર્ત પઠાણ! તારી ને મારી વચ્ચે આજે લડાઈ શરૂ થાય છે. કોની કેટલી તાકાત છે તેની પરીક્ષા થશે!'

તે દિવસે શુક્રવાર હતો. મુસલમાનોનો જુમ્માનો દિવસ. અલાઉદ્દીન ફજરની નમાજ પઢીને દરબારમાં બેઠો હતો, એવામાં મહારાણાનો કાગળ લઈને ગોરા અને બાદલ ત્યાં આવી પહોંચ્યા. બાદશાહ ખૂબ આનંદપૂર્વક મહારાણાની મહોરછાપવાળો કાગળ હાથમાં લઈને વાંચવા લાગ્યો. તેમાં લખ્યું હતું: 'પદ્મિનીને બાદશાહના હાથમાં સોંપી દેવાનો અમે ઠરાવ કર્યો છે. તેના બદલામાં રાણા ભીમસિંહ છૂટા થવા જોઈએ.' વળી, રાજરાણી પદ્મિની સાધારણ સ્ત્રીની પેઠે દિલ્લી જાય એ શોભે નહિ, તેથી તેમની વહાલી સખીઓ પણ તેમની સાથે રહીને જીવનભર તેમની સેવા કરી શકે એવો બાદશાહે બંદોબસ્ત કરવો જોઈએ; વળી ચિતોડની રાણી પદ્મિનીને બાદશાહના તંબૂમાં પહોંચાડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે ઊંચા કુળની રાજપૂતાણીઓ તેમની સાથે નીકળશે; એમનું સૌનું માન સચવાય એટલા માટે બાદશાહે પોતાની બધી સેના કિલ્લાથી જરા દૂર રાખવી. છેવટે, મહારાણાની એવી ઇચ્છા છે કે હવેથી બાદશાહે અમારી સાથે દુશ્મનાવટ રાખવી નહિ.'

કાગળ વાંચી બાદશાહનું મન આનંદથી નાચવા માંડ્યું. ગોરા અને બાદલની સામે જોઈ તેણે હસીને કહ્યું: 'ભલે, હું આજે રાતે જ બધી ફોજ કિલ્લાની સામેથી ઉઠાવી લઉં છું. રાણીને આવવાની કોઈ મુશ્કેલી નહિ રહે. તમે મહારાણાને જણાવજો કે તેમની એકેએક વાત પર હું ખુશ છું.'

ગોરા ને બાદલ ગયા. બાદશાહે કિલ્લા આગળથી બધું લશ્કર ઉઠાવી લેવાનો હુકમ કર્યો. એક જ દિવસમાં આવડા મોટા લશ્કરને બીજી જગાએ લઇ જવાનું કામ સહેલું નહોતું.

બાદશાહે કહ્યું: 'તંબૂઓ, દારૂગોળો, હથિયારો, સરસામાન બધું ભલે ત્યાંનું ત્યાં રહ્યું; માત્ર સિપાઇઓ પોતપોતાના ઘોડા લઇને એક દિવસ માટે ક્યાંક બીજે જઈને રહે!' આટલી વ્યવસ્થા કરવામાં પણ આખી રાત વીતી ગઇ.

બીજે દિવસ, સૂર્યોદય થતાંની સાથે ચિતોડના મુખ્ય દરવાજા રામપોળને માથે ધડધડ નગારાં વાગવા માંડ્યાં. બાદશાહે જોયું તો એકેએક ચિતોડના સાતે દરવાજા વટાવીને, લગભગ સાતસો પાલખીઓ પોતાના તંબૂ તરફ આવી રહી છે. એક એક ડોળી ચાર ચાર મજૂરોએ ઊંચકેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચમાં રાણી પદ્મિનીની રેશમી પડદાવાળી સોનાની પાલખી હતી. તેની એક તરફ પચાસ વરસનો સરદાર ગોરા હતો, અને બીજી તરફ બાર વરસનો બાળક બાદલ હતો—બંને ઘોડા પર બેઠેલા હતા. બાદશાહે પદ્મિની અને તેની સહચરીઓને રહેવા માટે લગભગ અડધા કોશ સુધી તંબૂઓ નખાવ્યા હતા. એક પછી એક એ સાતસો પાલખીઓ તંબૂઓમાં પહોંચી, ત્યારે ગોરાએ બાદશાહની હજૂરમાં અરજ પેશ કરી: 'શહેનશાહ, રાણીજી પધાર્યાં છે. હવે તેઓ ભીમસિંહને છેલ્લી વારનું મળી લેવા ચાહે છે. કારણકે બાદશાહની બેગમ થયા પછી ફરી બંને થોડાં જ ભેગાં થવાનાં છે ?'

બાદશાહે કહ્યું: 'પદ્મિનીની મરજી રાણાને મળવાની હોય તો ના કોણ કહે છે ? પણ અડધા કલાકથી વધારે રાણાએ પદ્મિનીની પાસે રહેવાનું નથી.'

'જેવો હુકમ !' કહી ગોરા પાછો ફર્યો.

અલાઉદ્દીન એકલો બેઠો બેઠો જોઇ રહ્યો—એકએ એકએ કરીને લગભગ સાતસો પાલખીઓ તંબૂમાંથી નીકળીને ચિતોડ તરફ ચાલી ગઈ. તેની સાથે બાર વરસનો બાદલ ઘોડેસવાર હતો.

બાદશાહે એક ઉમરાવને પૂછ્યું: 'આ પાલખીઓમાં કોણ જાય છે ?'

જવાબ મળ્યો કે ચિતોડથી જે ઊંચા કુળની રાજપૂતાણીઓ પદ્મિનીને વળાવવા આવી હતી, તે બધી હવે પાછી ફરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહે પૂછ્યું: 'ભીમસિંહ ક્યાં છે?'

જવાબ મળ્યો: 'અંદર છે.'

અલાઉદ્દીને તંબૂના એક ખૂણામાં મૂકેલી રેતીની ઘડિયાળ તરફ નજર કરી. અડધો કલાક થઈ ગયો હતો. તેને થયું, હવે પદ્મિની આવે એટલી વાર છે. બનીઠનીને તૈયાર થવા તે બીજા તંબૂમાં ગયો. ત્યાં અત્તર, ગુલાબ અને હીરાઝવેરાતની રેલમછેલ હતી—સોનાની અત્તરદાનીમાં હજાર હજાર તોલા ગુલાબનું અત્તર હતું, મોતીના મુગટ, પન્નાના શિરપેચ, પેટીભરેલી હીરામાણેકની વીંટીઓ, ઢગલાબંધ કિનખાબના ડગલા, રેશમી રૂમાલ અને જરીના જોડા હતા!

જે વખતે કિનખાબનો ડગલો અને જરીના જોડા પહેરી, બાદશાહ આયના સામે બેસીને દાઢીના પાકા વાળમાં ગુલાબનું અત્તર લગાવતો હતો, તે વખતે પેલી સાતસો પાલખીઓમાંની એક પાલખીમાં રાણા ભીમસિંહને છુપાવીને, મેવાડના બચ્ચાઓ—રાજપૂત સરદારો, પઠાણોની છાવણીમાં થઈને ચિતોડ તરફ ચાલી નીકળ્યા હતા.

એમ કરતાં અલાઉદ્દીન બનીઠની રહ્યો. અડધો કલાક પૂરો થઇ એક કલાક પૂરો થવા આવ્યો; પણ હજી પદ્મિનીના તંબૂમાંથી ભીમસિંહ પાછો આવ્યો નહિ! બાદશાહે ગોરાને બોલાવવાનો હુકમ કર્યો, પણ ગોરાનો ક્યાંયે પત્તો લાગ્યો નહિ! હવે અલાઉદ્દીનથી રહેવાયું નહિ. તે દોડતો અડધા કોશ સુધી પથરાઇને પડેલા તંબૂઓમાં ગયો. જઇને જુએ તો પદ્મિનીની સોનાની પાલખી ખાલી પડી હતી. જે લાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મખમલના વિશાળ તંબૂમાં તેણે ચિતોડની રાણી પદ્મિનીને માણેકના પાંજરામાં, સોનાના પંખીની પેઠે, રાખવાનો વિચાર કર્યો હતો, તે તંબૂમાં કોઈ નહોતું! પદ્મિની ક્યાં ગઈ, તેની એકસો સાહેલીઓ ક્યાં ગઈ, અને કેદી રાણો ભીમસિંહ પણ ક્યાં ગયો! પઠાણ છાવણીમાં હાહાકાર થઈ ગયો. હવે બધાએ જાણ્યું કે પાલખીઓ ઊંચકનારાઓના વેશમાં આવીને રાજપૂતો આપણને થાપ આપી કેદી રાણાને ઉપાડી ગયા.

બાદશાહ તરત જ લશ્કર બોલાવવાનો હુકમ કરી, બે હજાર ઘોડેસવારોની સાથે ચિતોડ તરફ ચાલી નીકળ્યો. રાણાની પાલખી ચિતોડના દરવાજામાં પેસતી હતી, તેવામાં પઠાણ બાદશાહના ઘોડેસવારો પ્રલયકાળના વંટોળની પેઠે, ધૂળના ગોટા ઉડાડી, ચારે દિશાઓને આંધળી કરી, દીન! દીનના પોકારો કરતા રાજપૂતોની ઉપર તૂટી પડ્યા. તે વખતે બીજો પ્રહર ચાલતો હતો. આગના જેવા બળબળતા તાપમાં બાર વરસનો બાળક બાદલ અને પચાસ વરસનો વૃદ્ધ ગોરા, મૂઠીભર રજપૂતોની સાથે ચિતોડનું સિંહદ્વાર સાચવતા ઊભા. સાંજ પડવા આવી, પણ યુદ્ધ પૂરું થયું નહિ. ચિતોડમાંથી રાજપૂતોની નવી નવી ટુકડીઓ આવીને લડાઈમાં ભાગ લેવા લાગી. બાદશાહ હજારો હજારો પઠાણોને લઇને આવ્યો, પણ ચિતોડનો એક કાંકરો યે કબજે કરી શક્યો નહિ. છેવટે જે ભીમસિંહને તેણે કાલે રાતે લોઢાની બેડીએ બાંધ્યો હતો તે જ ભીમસિંહ હાથી પર ચડીને રણમેદાનમાં હાજર થયો. એને જોતાં જ પઠાણ બાદશાહની આશાઅભિલાષાઓના ભુક્કા થઈ ગયા! રાતના અંધારામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડધા હિંદુસ્તાનનો બાદશાહ અલાઉદ્દીન ઘોડાનું મોં ફેરવી છાવણીમાં પાછો ફર્યો. જયજયકારથી ચિતોડ નગરની હવા ભરાઇ ગઈ !

મોડી રાતે લડાઈ પૂરી થતાં, રાણા ભીમસિંહ પદ્મિનીના શયનખંડમાં વિશ્રામ લેવા ગયો. તે વખતે રાણાની આંખોમાં જળ જોઈ પદ્મિનીએ પૂછયું: ' આવા આનંદના દિવસે આંખો ભીની કેમ ? '

રાણાએ નિઃશ્વાસ નાખી કહ્યું: ' પદ્મિની, મારો સદાનો વિશ્વાસુ ગોરા, યુદ્ધની રમત પૂરી કરી, સદાને માટે દેવલોક સિધાવી ગયો છે. '

બંનેની જીભ સિવાઈ ગઇ.

રાણી પદ્મિનીએ શયનખંડનો દીવો હોલવી નાખ્યો;—દખણાદા વાયરામાં, આખી રાત, ચિતોડના મહાશ્મશાનમાંથી કોઈ હાય હાય હાય હાયનો અવાજ એ ખંડમાં ખેંચાઇ આવતો હતો !

અલાઉદ્દીન જ્યારે પદ્મિનીની આશામાં ચિતોડને ઘેરો ઘાલીને બેઠો હતો, ત્યારે કાબુલથી મુગલોનાં ટોળાં ધીરે ધીરે હિંદુસ્થાન તરફ આગળ વધતાં હતાં. રાજપૂતોના હાથે હાર ખાઈને બાદશાહ પોતાના તંબૂમાં પાછો આવ્યો, ત્યારે તેને ખબર મળ્યા કે મુગલ બાદશાહ તૈમૂર લંગ દિલ્લી ઉપર ચડી આવે છે. એક વખતે દિલ્લીથી પિયારી બેગમનો એક કાગળ આવ્યો, તેમાં એક જગાએ બેગમે લખ્યું હતું: ' શહેનશાહ, હવે શું કરવા ખોટી થાઓ છો ? પદ્મિનીની આશા છોડી દો. હે મધુકર, તમે પદ્મિનીની શોધમાં મરુભૂમિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભમો છો, અને અહીં વગડાઉ રીંછ આવીને તમારો વહાલો મધપૂડો લૂંટી જાય છે! જેવી અલ્લાહની મરજી! આજે અડધા હિંદુસ્થાનના બાદશાહ છો, પણ કાલે કદાચ રસ્તાના ભિખારી બની જશો! હાય રે હાય! દિલ્હીની પિયારી બેગમને શું છેવટે મુગલ ધાડપાડુની બાંદી થવાનો વારો આવશે ?'

પિયારીનો કાગળ વાંચી બાદશાહ સ્તબ્ધ થઇ ગયો. આવી મોટી વિપત્તિ આવી પડશે તેનો તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

અલાઉદ્દીને તરત જ તંબૂ ઉઠાવવાનો હુકમ કર્યો. તે જ રાતે પઠાણોની ફોજ રાજસ્થાન છોડી કાશ્મીર તરફ રવાના થઇ ગઇ.

: ૨ :

તેર વરસ પછી, ફરી પાછા ચિતોડની સામે પઠાણ બાદશાહના રણડંકા વાગ્યા. તે વખતે ચિતોડની બહુ ખરાબ દશા હતી. આખો દેશ દુકાળ અને મહામારીથી ઉજ્જડ થવા બેઠો હતો—વીરપુરુષો કોઇ રહ્યા નહોતા એમ કહીએ તો ચાલે. નવાનવા બિનઅનુભવી માણસોના હાથમાં યુદ્ધનો ભાર હતો. રાણા ભીમસિંહે એ નવા સૈનિકો અને નવા સેનાપતિઓને લઇને ગામેગામે અને વાટેઘાટે પઠાણ સૈન્યની સામે ટક્કર ઝીલી, પણ એ ફાવ્યા નહિ. એક પછી એક યુદ્ધમાં રાજપૂતોને હરાવી, ગામ પર ગામ અને કિલ્લા પર કિલ્લા કબજે કરતા કરતા એક દિવસ અલાઉદ્દીન ચિતોડની સામે આવી ઊભો, બાદશાહી ફોજ, ચિતોડની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણે, પહાડની ઉપર તંબૂઓ નાખી, કિલ્લેબંદી કરી, રાજપૂતોની સાથે છેલ્લી લડાઈ લડવાની રાહ જોવા લાગી. બાદશાહે આ વખતે પ્રતિજ્ઞા કરી હતી કે ચિતોડનો કિલ્લો જમીનદોસ્ત કર્યા વગર હું દિલ્લી પાછો ફરવાનો નથી!

નિરાશવદને રાણા ભીમસિંહ ચિતોડગઢમાં પાછા આવ્યા. મહારાણા લક્ષ્મણસિંહે ભીમસિંહને રાજદરબારમાં બોલાવીને કહ્યું: 'કાકાજી, હવે ચિતોડગઢ પઠાણોના હાથમાં જવાનો. બીજો ઉપાય નથી! રૈયતમાં હાહાકાર વ્યાપી ગયો છે. આખો દેશ દુકાળમાં ઉજ્જડ થઈ ગયો છે. લડવા પણ કોને લઈ જઈએ?'

ભીમસિંહે કહ્યું: 'હજી ચિતોડ વીરો વગરનું નથી થયું. હજી પણ અમે એક વરસ લગી પઠાણોની સામે ઝૂઝી શકીએ એમ છીએ. એટલી અમારામાં તાકાત છે.'

લક્ષ્મણસિંહે માથું ધુણાવી કહ્યું: 'કાકાજી! હવે લડવું નકામું છે! મને ચોક્કસ લાગે છે કે પઠાણોની સાથે સંધિ કર્યા વિના હવે છૂટકો નથી. તો પછી શું કરવા આ દુકાળના દિવસોમાં આખા દેશમાં યુદ્ધની આગ સળગાવવી? બધી રૈયત મારા મોં સામે તાકીને બેઠી છે. જો રાજ્યમાં શાન્તિ થતી હોય, જો આગ હોલવાતી હોય, તો પઠાણોની સાથે સંધિ કરવામાં નુકસાન શું છે? છોને, થોડો વખત મારે પઠાણ બાદશાહના તાલુકદાર થઈને રહેવું પડે!'

ભીમસિંહની આંખોમાંથી પાણી પડવા માંડ્યું. તેણે મહારાણાના પગ પકડી કહ્યું: 'હાય, લક્ષ્મણ! મનમાં હું બરાબર સમજું છું કે બીજો ઉપાય નથી. છતાં મારી તને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વિનંતિ છે. તને બે વરસનો મૂકીને તારાં માતાપિતા ચાલ્યાં ગયાં, ત્યારે મેં જ તને સગા દીકરાની પેઠે ઉછેર્યો હતો. અનેક આપત્તિવિપત્તિ અને રાજ્યની અનેક ચિંતાઓ મેં તારી ખાતર રાજીખુશીથી સહી છે. આજે તું મારી એક વાત રાખ. ભાઈ! મને સાત દિવસનો વખત આપ! મને આ છેલ્લી વખત ચિતોડને બચાવવાનો પ્રયાસ કરી જોવા દે! આ સાત દિવસ પઠાણોની સાથે સંધિની વાત કરવી નહિ, અને આ સાત દિવસ મારા હુકમને બધા મહારાણાનો હુકમ સમજી માને એટલું કર!'

લક્ષ્મણસિંહે કહ્યું: 'ભલે, એમ.'

તે દિવસથી ભીમસિંહના હુકમ પ્રમાણે એક પછી એક રાજપૂત સરદાર પઠાણોની સામે લડવા જવા લાગ્યો. દરરોજ ખબર આવવા લાગ્યા કે આજે અમુક રાજકુમારે યુદ્ધમાં જીવ આપ્યો, આજે અમુક સામન્ત પકડાયા. ચિતોડમાં ઘેર ઘેર હાહાકાર મચી ગયો. તે હાહાકાર, હજારો અનાથ બાળકો અને વિધવાઓનું એ રુદન પદ્મસરોવરની વચમાં આવેલા શ્વેત પાષાણના દેવમંદિરમાં, જ્યાં રાજરાણી પદ્મિની પૂજા કરવા બેઠી હતી, ત્યાં પહોંચ્યો. પદ્મિનીએ દીર્ઘ નિઃશ્વાસ નાખી પૂજા પૂરી કરી. તેના કોમળ પ્રાણ આ બધી સ્ત્રીઓ અને અનાથ બાળકોનું દુઃખ જોઈ આખો દિવસ ને આખી રાત રડવા લાગ્યા.

ભીમસિંહ મહેલમાં આવ્યો, ત્યારે પદ્મિનીએ બે હાથ જોડીને કહ્યું: 'પ્રભુ, હવે ક્યાં સુધી યુદ્ધ ચાલવાનું છે?'

ભીમસિંહે કહ્યું: 'માત્ર ત્રણ દિવસ. પણ લડીને હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશો ફાયદો નથી. રાજપૂતોના પ્રાણમાં પહેલાંનો ઉત્સાહ નથી. પણ થાય શું ? સૂર્યવંશના મહારાણાને હવે પઠાણ બાદશાહના તાલુકદાર થવાનો વખત આવ્યો લાગે છે !'

પદ્મિનીએ પૂછ્યું: 'પ્રભુ, ચિતોડને બચાવવાનો શું કોઇ ઉપાય નથી ?'

ભીમસિંહે કહ્યું: 'હવે તો ઉબરદેવી દયા કરે તો! હાય રે પદ્મિની, કોના પાપે ચિતોડની આ દશા થઇ ?'

પછી થોડી વાતચીત કરી ભીમસિંહ બીજા કામે જતો રહ્યો.

પદ્મિની ઘરમાં એકલી બેઠી હતી. તેના કાનમાં આ શબ્દો ગુંજવા લાગ્યા: 'હાય રે પદ્મિની, કોના પાપે ચિતોડની આ દશા થઈ ?'

અંધારામાં પદ્મિની કપાળ કૂટી બોલી ઊઠી: 'હાય રે અભાગિની પદ્મિની, તારા કમનસીબ રૂપને લીધે આ ખરાબી થઈ છે! તારે જ લીધે આ ખરાબી થઈ છે!'

શાંત ઓરડામાં એનો પડઘો પડ્યો: 'તારે જ લીધે આ ખરાબી થઈ છે!'

બરાબર એ જ વખતે ચૈત્ર મહિનાના સ્વચ્છ આકાશમાં વાદળાં ચડી આવ્યાં, ને મુશળધાર વરસાદ તૂટી પડ્યો. પદ્મિની એક જાડી ચાદરમાં શરીર લપેટીને, એકલી, પોતાના મહેલમાંથી ચિતોડેશ્વરી ઉબરદેવીના મંદિરમાં ગઇ. રાતનો બીજો પહોર ચાલતો હતો. ઉબરદેવીના મંદિરમાં બધા દીવા હોલાઈ ગયા હતા. માત્ર એક જ દીવો ધીમો ધીમો બળતો હતો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના અજવાળામાં બેઠેલી દેવીની પૂજારણે રાજરાણી પદ્મિનીને કહ્યું: 'મહારાણી, હું ફરી કહું છું કે આનું પરિણામ મૃત્યુ છે! દેવીનાં રત્નાભૂષણો અંગ પર ચડાવ્યા પછી બચવાનો ઉપાય નથી! છ મહિનામાં જ તારે જીવતાં અગ્નિપ્રવેશ કરી બળી મરવું પડશે!'

પદ્મિનીએ કહ્યું: 'હે માતાજી, એવા જ આશીર્વાદ આપો કે જે રૂપવતીને લીધે આજે રાજસ્થાનમાં આ આગ લાગી છે, તેનું રૂપ આગમાં બળીને ભસ્મ થઈ જાય!'

પૂજારણે કહ્યું: 'તથાસ્તુ! બેટા, હું તને આશીર્વાદ આપું છું કે જે ચિતોડની ખાતર તું તારા પ્રાણને તુચ્છ ગણે છે, તે ચિતોડમાં તારું નામ હમેશાં અમર રહેશે. જે મહાસતીનાં રત્નાભૂષણો તું આજે પહેરે છે, તે મહાસતી મૃત્યુ પછી તને પોતાના ચરણોમાં રાખો!'

રાણી પદ્મિની પૂજારણના હાથમાંથી ચંદનના એક દાબડામાં ઉબરદેવીનાં બધાં વસ્ત્રાભૂષણો લઈને ઘેર ગઈ.

રાતના અઢી પહોર થયા હશે. ચિતોડના રાજભવનમાં સંપૂર્ણ શાંતિ હતી. નિર્જન ઓરડામાં મહારાણા એકલા હતા.. જે વખતે તેમની બધી રૈયત, પઠાણોની સાથે સંધિ થશે અને દેશમાં ફરી શાંતિ આવશે, એમ સમજી નિરાંતે ઊંઘતી હતી, તે વખતે, આખા મેવાડના ધણી, ભગવાન એકલિંગના દીવાન, મહારાણા લક્ષ્મણસિંહની આંખમાંથી ઊંઘ ઊડી ગઈ હતી. કેવું નસીબ છે! કાલે સંધિ થતાંની સાથે ચિતોડ છોડી જતા રહેવું પડશે, અને કદાચ જિંદગીમાં ફરી અહીં આવવાનું નહિ બને! રાજપાટ, માનમરતબો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સગાંવહાલાં બધું છોડીને, સાધારણ વેશમાં, દૂરદેશાવરમાં દેશવટો ભોગવવા ચાલી જવું પડશે !

મહારાણાએ દીર્ઘ નિઃશ્વાસ નાખી ચારેતરફ નજર કરી. માત્ર ઓરડામાં એક ખૂણે સોનાની દીવીમાં એક દીવડો બળતો હતો, તે સિવાય વિશાળ ખંડમાં બધે અંધારું હતું. એક પછી એક થાંભલા વધારે ને વધારે ગાઢ અંધકારમાં ડૂબેલા હતા. માત્ર એક જ દીવાના અજવાળાને લીધે, એ વિશાળ શાંત ઓરડામાં અંધારું ખરેખર હતું તેના કરતાં વધારે લાગતું હતું. મહારાણા અંતઃપુરમાં જવા માટે ઊઠીને ઊભા થયા. એકાએક પગ નીચેની ફરસબંદીના પથ્થરો જાણે કંપી ઊઠ્યા. પછી મહારાણાને ફૂલોની ગંધ આવી અને તેની સાથે સાથે ઘણા પગના ઝાંઝરનો ઝણઝણ અવાજ સંભળાયો. જાણે કોઈ અંધારામાં ઘૂસતું હોય એવું લાગ્યું.

મહારાણાએ બૂમ પાડી: ‘કોણ છો તમે ? શું કામ છે ?’

ચારે તરફથી, દીવાલોમાંથી, છાપરા પરથી, પગની નીચેથી અવાજ આવ્યોઃ ‘મૈં ભૂખા હૂં !’

લક્ષ્મણસિંહે કહ્યું: ‘અરે ! આટલી રાતે ચિતોડના રાજભવનમાં ભૂખેપેટે કોણ જાગે છે ?’

ફરી અવાજ આવ્યો: ‘મૈં ભૂખા હૂં !’

પછી ગાઢ ઊંઘમાં જેમ સ્વપ્નું જાગી ઊઠે, તેમ એ શયનખંડના અંધારામાં એક અદ્‌ભુત દેવીનું સ્વરૂપ ધીરેધીરે પ્રગટ થયું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાણા બોલી ઊઠયો: 'કોણ છો તમે ? દેવ છો કે માનવ ? કોઇ મને છેતરવા તો નથી આવ્યું ને ?'

લક્ષ્મણસિંહે દીવી પરથી સોનાનો દીવો લઈને ધર્યો. દીવાનો પ્રકાશ પડતાં દેવીનો મુગટ, કુંડળ, રત્નાભૂષણો, અને અસંખ્ય હીરામાણેક, સેંકડો હજારો અગ્નિશિખાની પેઠે, ઝળહળવા લાગ્યાં.

લક્ષ્મણસિંહે જોયું તો સાક્ષાત્ ચિતોડેશ્વરી ઉમરદેવી તેની સામે ઊભી હતી. ભય, ભક્તિ અને વિસ્મયથી મહારાણાનું આખું શરીર પરવશ બની ગયું. અતિ આનંદને લીધે તેના હાથમાંથી સોનાનો દીવો પડી ગયો. પછી બધે અંધારું થઈ ગયું. એ અંધારામાં મહારાણાને સમજ ન પડી કે હું સ્વપ્ન જોઉં છું કે સત્ય !

દેવી બોલતાં હોય તેમ તે સાંભળવા લાગ્યો:

'મેં ભૂખી હું !—બહુ ભૂખ લાગી છે, બહુ તરસ લાગી છે. મારે મહાબલિ જોઇએ છે.—રક્ત વગર આ તરસ છિપાવાની નથી ! મહારાણા ! ઊઠ, જાગ, દેશની ખાતર હૃદયનું લોહી વહેવડાવ, ને મારું ખપ્પર રક્તની સેંકડો ધારાઓ વડે પૂર્ણ કર ! રાજાપ્રજા, બાળકવૃદ્ધ બધાંએ ચિતોડની ખાતર પોતાનો જીવ આપવાનો છે. તો જ ચિતોડનું કલ્યાણ થશે, નહિ તો સૂર્યવંશનો રાજકુમાર ફરી કદી પણ ચિતોડની ગાદી પઠાણોના હાથમાંથી પાછી મેળવી શકશે નહિ !'

પર્વતની ગુફામાં જેમ ફરી ફરીને પડઘો સંભળાયા કરે, તેમ એ વિશાળ ઓરડામાં દેવીના છેલ્લા શબ્દો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીયે વાર સુધી ગુંજી રહ્યા. રાત પૂરી થઇ ગઇ. ઉષાના સોનેરી ઉજાસમાં અને શીતળ પવનમાં ચિતોડેશ્વરી કોણ જાણે ક્યાં અલોપ થઇ ગઇ! દૂરદૂરના પાર્વતીમંદિરમાં નોબતો વાગવા માંડી, અને ભૈરવી રાગમાં મહાદેવની સ્તુતિ થવા માંડી.

સવારે, રાજદરબારમાં મહારાણા લક્ષ્મણસિંહે રાતનો વૃત્તાંત અને દેવીની આજ્ઞા સૌની આગળ પ્રગટ કરી. સાંભળી બધાને નવાઇ લાગી, પણ ઘણાઓને તેમાં વિશ્વાસ પડ્યો નહિ. જેમના હૃદયમાં અખૂટ શ્રદ્ધા હતી, અચળ ભક્તિ હતી, જેઓ ચિતોડની ખાતર પ્રાણ આપવા તૈયાર હતા, તેઓ ઉત્સાહથી ઉન્મત્ત બની ગયા; અને જેમનાં મન પોચાં હતાં, જેમના પ્રાણમાં થનથનાટ નહોતો, જેઓ પઠાણોની સંધિ થાય તો સુખમાં—આરામમાં દિવસો વિતાવાશે એવું સમજતા હતા, તેઓ મરવા જેવા થઇ ગયા. પરંતુ તે જ રીતે મહારાણાના હુકમથી, મેવાડના નાનામોટા તમામ સામંતસરદારો મોઢામોઢ દેવીનો હુકમ સાંભળવા માટે રાજાના અંતઃપુરના એ વિશાળ ખંડમાં ભેગા થયા. રાતના બીજા પહોરે, શાંત રાજભવનમાં, હજારો રાજપૂત વીરોના દેખતાં, 'મૈં ભૂખા હૂં' કહીને ફરી પેલું દેવીસ્વરૂપ પ્રગટ થયું: હવે કોઇના મનમાં કંઈ સંદેહ રહ્યો નહિ. સૌનાં મનમાંથી બધો અવિશ્વાસ, બધી નિર્બળતા પલકમાં ધોવાઈ ગઈ—અગ્નિના તેજમાં અંધારું ધોવાઇ જાય તેમ! વીરત્વના નશામાં બધા મત્ત બની ગયા. માત્ર રાણા ભીમસિંહ એ દેવી-સ્વરૂપની અંદર પદ્મિનીને જોઈ મનમાં મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડભાંગ કરવા લાગ્યો: આ તે દેવી કે પદ્મિની ? પદ્મિની કે દેવી ?

પછી મહાબલિની તૈયારીઓ ચાલી. મહારાણા લક્ષ્મણસિંહે પોતાના બાર રાજપુત્રોમાં સૌથી પહેલાં, સૌથી મોટા રાજકુમાર યુવરાજ અરિસિંહના માથા પર રાજમુગટ મૂકીને કહ્યું: ' હે ભાગ્યશાળી ! દેવીની આજ્ઞા માથે ચડાવ ! પઠાણોની સામે લડવા આગળ થા ! આજે તું આખા મેવાડનો મહારાણો છે. આ બધા સામંતસરદારો તારી રૈયત છે એમ જાણજે. આજથી તારા હાથમાં યુદ્ધનો ભાર છે. જીતીશ તો આ લોકમાં ચિતોડનું રાજસિંહાસન પામીશ. અને લડતાં લડતાં મરીશ તો પરલોકમાં મહાદેવીના ચરણમાં અભયવાસ પામીશ. '

આમ કહી વૃદ્ધ રાણો લક્ષ્મણસિંહ અરિસિંહને સિંહાસન સોંપી પોતે નીચે ઊભો રહ્યો. નવા રાજાના મસ્તક પર ચિતોડનો રાજમુગટ શોભવા લાગ્યો. ચારે તરફ ઘોષ થયો: ' મહાદેવીનો જય હો ! રાણા અરિસિંહનો જય હો ! '

લક્ષ્મણસિંહે કહ્યું: ' હે સરદારો, હવે મારે માત્ર એક કર્તવ્ય કરવાનું રહે છે. તે કર્તવ્ય દેવી પ્રત્યે નહિ, ચિતોડ પ્રત્યે નહિ, પણ મારા પિતા, પિતામહ, પરલોકવાસી મહારાણાઓ પ્રત્યે બજાવવાનું છે. આ મહાયુદ્ધમાં મેવાડનો રાજવંશ સાવ નિર્મૂળ ન થાય, પરલોકમાં પિતૃપુરુષોને અંજલિ મળે, અને રાજસ્થાનમાં બાપ્પાનો વંશ યુગોના યુગો સુધી અમર રહે, એટલા માટે, મારી એવી ઇચ્છા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે અજયસિંહ પોતાના પુત્રપરિવારને સાથે લઈને કૈલોરના નિર્જન દુર્ગમાં જતો રહે!'

લક્ષ્મણસિંહના બાર દીકરાઓમાં એક માત્ર અજયસિંહને જ બે પુત્રો હતા. અજયસિંહે મહારાણાની સામે હાથ જોડીને કહ્યું: 'બાપુ, મારા અગિયાર ભાઈ ચિતોડની ખાતર લડતાં લડતાં મરે, અને હું સ્ત્રીની પેઠે છોકરાં ઉછેરવા બેસી રહું? હું શું એવો દુર્બળ છું, એવો અશક્ત છું?'

લક્ષ્મણસિંહે કહ્યું: 'બેટા! નિરાશ ન થા. જે મહાન કામનો બોજો મેં તારા માથા પર નાખ્યો છે, તે બોજો પોતાના શિર પર મુકાય તો ચિતોડનો કોઈ પણ રાજપૂત પોતાને ધન્ય સમજે! અમારાં રક્તથી જો ચિતોડનો ઉદ્ધાર નહિ થાય, તો કદાચ તારે પણ ચિતોડની ખાતર પ્રાણ આપવા પડશે. અમે કદાચ ચિતોડને પરાધીન મૂકીને જતા રહેશું, પણ તું કદાચ સૂર્યવંશને શોભે એવા કોઈ વીરપુરુષના હાથમાં રાજ્યની લગામ સૂકીને સુખમાં ને શાંતિમાં આ પૃથ્વી પરથી વિદાય લેવા પામે! ચિતોડની ખાતર પ્રાણ આપવામાં જે સુખ છે તેના કરતાં ચિતોડનો પુનરુદ્ધાર કરવામાં સેંકડો-ગણું વધારે સુખ છે. એ ભૂલતો નહિ!'

આટલું બોલી લક્ષ્મણસિંહ ચૂપ રહ્યા. જયજયકાર સાથે સભા બરખાસ્ત થઈ.

રાજસભામાંથી છૂટા પડતી વખતે અરિસિંહે અજયસિંહને કહ્યું: 'ચિતોડ છોડીને જતા પહેલાં મને ભેગો થતો જજે!'

જવાની બધી તૈયારીઓ પૂરી કરીને અજયસિંહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટાભાઈને મળવા ગયો. અરિસિંહે એક કાગળ પૂરો કરી, નાના ભાઈની સામે જોઈને કહ્યું: 'ભાઈ, આજે આ આપણો છેલ્લો મેળાપ છે. કાલે તું ક્યાં હોઈશ, ને હું ક્યાં હોઇશ! આજે છેલ્લા દિવસે તને હું એક કામ સોંપું છું.'

પછી અરિસિંહે એક ચામડાની થેલી અને પેલો કાગળ અજયસિંહનાં હાથમાં આપી કહ્યું: 'અજય, આ બે વસ્તુ જીવની પેઠે સાચવજે! જો હું યુદ્ધમાંથી પાછો આવીશ તો એ પાછી માગીશ, નહિ તો મારી છેલ્લી ઈચ્છા શી છે તે તું એમાંથી જાણી લેજે.'

પછી અજયસિંહને ભેટી અરિસિંહે કહ્યું: 'ચાલ, ભાઈ! માને મળી આવીએ!'

તે દિવસે પાછલી રાતે જ્યારે રાજઅંતઃપુરમાંથી બે રાજપુત્રો બે જુદીજુદી દિશાએ નીકળી પડ્યા, ત્યારે બાર દીકરાઓની માતા, ચિતોડની મહારાણી દીર્ઘ નિઃશ્વાસ નાખી ધરતી પર ઢળી પડી. તેનું આખું શરીર પાષાણના જેવું જડ બની ગયું—તેની સજળ કાતર આંખો રાજપુત્રો ગયા હતા તે તરફ સ્થિર થઈ રહી!

મહારાણાએ એને સ્વસ્થ કરતાં કહ્યું: 'રાણી, સ્વસ્થ થા! હિંમત રાખ! હૈયું હાથમાં રાખ! મહાકાળની કઠોર આજ્ઞા શાંતિથી માથા પર ઝીલી લે!'

પછી તો ધણિંગ ધણિંગ કરતા રાજપૂતોના રણડંકા વાગવા લાગ્યા. દિશાઓ કાંપવા લાગી—યુવરાજ અરિસિંહ રણમેદાને સંચર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પછી એક મહિનો વીતી ગયો. પઠાણોની સામે રાજપૂતોના બધા પ્રયત્નો નકામા ગયા. એક પછી એક અગિયાર રાજકુમારોએ યુદ્ધમાં પ્રાણ દીધા. હવે આશા નથી, હવે ઉપાય નથી. છતાં હજી રાજપૂતોનું વીરહૃદય એવું ને એવું અટલ હતું. ચિતોડના છેલ્લા બે વીર લક્ષ્મણસિંહ અને ભીમસિંહ યુદ્ધ માટે તૈયાર થવા લાગ્યા. રાણાના હુકમથી મેવાડના લાખો સૈન્યસામંતોમાંથી બાકી રહેલ—ભીષણમૂર્તિ ભગવાન એકલિંગની દશ હજાર માણસોની દીવાની ફોજ ભેગી થવા લાગી. તેમના એક હાથમાં ત્રિશૂળ છે, ગળામાં રુદ્રાક્ષની માળા છે, ડિલ પર વ્યાઘ્રચર્મ છે, અને પીઠે પ્રચંડ ઢાલ છે! તેમના સરંજામમાં હતો એક ઘોડો, એક કામળો ને એક લોટો—આ સિવાય પોતાની માલિકીનું ગણી શકાય એવું દુનિયામાં એમની પાસે બીજું કંઈ નહોતું! તેઓ દેવોમાં એક માત્ર એકલિંગજીની ઉપાસના કરતા, અને મનુષ્યોમાં એકમાત્ર મહારાણાનો હુકમ માનતા. સમરસિંહ હતો આ ફોજનો ઘડવૈયો. સાધારણ લડાઈઓમાં આ ફોજ દેખાતી નહિ, પણ માત્ર કોઈ વખત કોઈ ભયાનક સંકટસમયે, જ્યારે ચારે તરફ શત્રુઓ પડ્યા હોય, ચારે તરફથી વિપત્તિ ઘેરાતી હોય, જ્યારે વિધર્મીઓના હાથે અપમાનિત થવાની બીકે દેશની સુન્દરીઓ—શું કુમારી, શું વિધવા, શું દશ વરસની કુમારી બાળા કે શું સોળ વરસની ભરયુવતી—ચિતાની આગમાં પોતાનાં રૂપ અને યૌવનને ખાખ કરી નાખી, ચિતોડેશ્વરીની સામે જીવનનું છેલ્લું વ્રત—જૌહરવ્રત—લેતી હોય, જ્યારે ચિતોડના ઉદ્ધારની બીજી કોઈ આશા ન હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાય ન હોય, ત્યારે, હતાશ રાજપૂતોના અંતિમ ઉત્સાહ સમ દુર્ધર્ષ અને દુર્દાન્ત આ દીવાની ફોજ ચિતોડના કિલ્લામાં દેખાતી ! સિત્તેર વરસ પહેલાં, સમરસિંહની વિધવા રાણી કર્મદેવીએ કુતબુદ્દીનના હાથમાંથી છોકરાનું રાજસિંહાસન બચાવવા માટે મેવાડની બધી સેનાને ભેગી કરી હતી, ત્યારે તેણે આ દીવાની ફોજને બોલાવી હતી. તે પછી આજે, કેટલીક પેઢીઓ બાદ, મહારાણા લક્ષ્મણસિંહના હુકમથી તે દીવાની ફોજ ફરી ચિતોડના કિલ્લામાં હાજર થઈ હતી.

અમાવાસ્યાની કાળરાત્રિ આખા જગતને ગળી ગઈ હતી; માથા ઉપરથી સૂર્ય ને ચંદ્ર લુપ્ત થઈ ગયા હતા, તેવે વખતે ચિતોડના મહાશ્મશાનની વચમાં, ચિતોડેશ્વરીના મંદિરમાં, બાર હજાર રાજપૂત સુન્દરીઓનું જૌહરવ્રત શરૂ થયું. મંદિરની બરાબર સામે, અંધારામાં એક ભોંયરાની ઉપર, રાજસ્થાનની સર્વશ્રેષ્ઠ રૂપવતી રાણી પદ્મિની ઊભી હતી. તેણે અગ્નિદેવની પ્રાર્થના શરૂ કરી:

‘હે અગ્નિ ! હે પવિત્ર ઉજ્જવળ સુવર્ણકાન્તિ ! પધારો ! પૃથ્વીનો અંધકાર તમારા પ્રકાશથી દૂર થાઓ ! હે અગ્નિ, હે મહાતેજ ! પધારો. તમે દુર્બળના બલ છો, અને સબળના આધાર છો ! હે દેવતા ! હે ભયંકર ! અમારો ભય દૂર કરો, અમારા સંતાપોનો નાશ કરો, અમને આશ્રય આપો ! હે લજ્જાનિવારણ, દુઃખવિનાશન, અગ્નિશિખા ! તું અમારાં જીવનની છેલ્લી ગતિ છે, બંધનની મહામુક્તિ છે !’

આટલું બોલી પદ્મિની ચૂપ થઈ. બાર હજાર રાજપૂતાણીઓ એ અગ્નિકુંડની ચારે તરફ ફરવા લાગી ને ગાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી: ‘ હે લજ્જાનિવારણ દુ:ખવિનાશન–’

અચાનક એકદમ મહાકલ્લોલથી ચારે દિશાઓને ભરી દઈને, હજારો અગ્નિશિખાઓ મહા આનંદપૂર્વક એ ભોંયરાના મોંમાંથી બહાર પ્રગટ થઇ આવી ! પ્રચંડ ઉજાસમાં રાત્રિનો અંધકાર ધ્રૂજવા લાગ્યો ! બાર હજાર રાજપૂતાણીઓની સાથે રાણી પદ્મિનીએ અગ્નિકુંડમાં ઝંપલાવ્યું; ચિતોડના એકેએક ઘરની સોનામુખી સુન્દરી મધુર વાણી અને મધુર હાસ્ય લઈને, એક પળમાં, ચિતાની આગમાં ખાખ થઈ ગઈ. એકેએક રાજપૂતના હૃદયમાંથી પોકાર ઊઠ્યો: ‘ મહાસતીનો જય હો ! ’

અલાઉદ્દીને પોતાના તંબૂમાં સૂતાં સૂતાં એ પોકાર સાંભળ્યો. તરત જ તેણે બધી સેનાને તૈયાર થવાનો હુકમ કર્યો.

બીજે દિવસ સૂર્યોદય થતાં જ ચિતોડના પહાડ પરથી, ચોમાસાના જળપ્રવાહની પેઠે ઊતરીને, રાજપૂતસેના ‘હરહર’ ઘોષથી દિશાઓ કંપાવતી, ભયાનક વેગે પઠાણસેનાની ઉપર તૂટી પડી. અલાઉદ્દીનની તાતાર સેના દીવાની ફોજના કુહાડાની ધારે પલકમાં છિન્નભિન્ન થઈ ગઈ, અને નાસભાગ કરવા લાગી. અલાઉદ્દીન નવી નવી સેનાઓ લાવી ફરીફરી રાજપૂતોનો સામનો કરવા લાગ્યો. પણ પૂરની સામે રેતીના બંધની પેઠે તેના બધા પ્રયત્નો નકામા ગયા. અલાઉદ્દીન પોતે કંઈ સાધારણ યોદ્ધો નહોતો. આના કરતાં તો કેટલીયે નાની સેનાઓ લઈને તેણે મેવાડ કરતાંયે મોટાં મોટાં હિંદુ રાજ્યોને ઘડીકમાં જીતી લીધાં હતાં. પરંતુ આજે લડાઈમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજપૂતોનું વીરત્વ જોઇ એ બી ગયો. બાર વખત લશ્કર તૈયાર કરી તે રાજપૂતોની સામો થયો, અને બારે વખત તે હારીને પાછો હઠ્યો. અલાઉદ્દીન સમજી ગયો કે આજે લડાઈનો સહેલાઈથી અંત આવે એમ નથી. એક તરફ દિલ્હીની બાદશાહત છે, અને બીજી તરફ ચિતોડનું રાજ-સિંહાસન છે!—કયું રહે છે ને કયું જાય છે!

તે વખત ત્રીજો પહોર ચાલતો હતો. અલાઉદ્દીને પોતાની આખી ફોજને એકદમ એકીસાથે એ બાર હજાર રાજપૂતોની સામે ધસારો કરવાનો હુકમ કર્યો. પલકમાં પઠાણ બાદશાહના લાખ લાખ હાથીઘોડા અને સિપાઈઓ, પ્રલયના વંટોળિયાની પેઠે, ધૂળના ગોટાથી ચારે દિશાઓને ધુંધળી કરી દઇ, દીન! દીનની ગર્જના કરતા, રાજપૂતોની ઉપર તૂટી પડ્યા. પછી અચાનક સાગરનાં મોજાંમાં નદીનું પાણી લુપ્ત થઈ જાય, તેમ એ અપાર પઠાણસેનામાં થોડા હજાર રાજપૂતો ક્યાં લુપ્ત થઈ ગયા તેની ખબર પડી નહિ. માત્ર સૂર્યાસ્તની જરાક પહેલાં, એ યુદ્ધ-મશગૂલ અસંખ્ય સૈનિકોનાં માથા પર, સૂર્યમૂર્તિ ચીતરેલી ચિતોડની રાજ-પતાકા ઘડીભર સંધ્યાના ઉજાસમાં વીજળીની પેઠે ચમકી ગઇ. પછી ગગનભેદી અવાજ થયો: ‘અલ્લા હો અકબર! શહેનશાહકી ફત્તે!’

પઠાણના પગ નીચે મહારાણાનું રાજછત્ર ચૂર્ણ થઈ ગયું. સૂર્યદેવ આખી દુનિયામાં અંધારું કરીને આથમી ગયા. નિશાચર પંખીઓનાં ટોળાં રક્તમાંસના લોભે, રણભૂમિ પર કાળી પાંખો ફફડાવતાં ઊડવા લાગ્યાં.

ચિતોડ જિતાયું. પઠાણોની તલવારે ચિતોડના રસ્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્તના પ્રવાહથી લાલ કરી નાખ્યા. ધનધાન્ય અને હીરા-મોતીથી લાખો તાતાર સૈનિકોની મોટીમોટી પેટીઓ ભરાઇ ગઈ. પરંતુ જે રત્નના લોભે અલાઉદ્દીને આજે અમરાપુરી સમ ચિતોડનગરને શ્મશાન બનાવી દીધું હતું, અને જેની ખાતર એ દિલ્લીનું સિંહાસન છોડીને અહીં પરદેશમાં આવ્યો હતો, એ પદ્મિનીલો એને કંઇ પત્તો મળ્યો ખરો? ચિતોડમાં પગ દેતાં જ બાદશાહે સાંભળ્યું કે પદ્મિની હવે નથી—ચિતાની આગમાં સુંદર ફૂલ બળીને ખાખ થઇ ગયું છે! તે દિવસ રાતે બાદશાહના હુકમથી ચિતોડનાં ઘરબાર, મંદિરો, મઠો, બધું બાળી, ભાંગીફોડીને જમીનદોસ્ત કરી નાખવામાં આવ્યું. માત્ર વિશાળ સરોવરની વચમાં રાણી પદ્મિનીનું રાજભવન જેવું ને તેવું અખંડ રહ્યું. અલાઉદ્દીને એ રાજભવનમાં પદ્મસરોવરના કાંઠે શ્વેત સંગેમરમરના ઝરૂખાવાળા પદ્મિનીના શયનમંદિરમાં ત્રણ દિવસ આરામ કર્યો. પછી માલદેવ નામે એક રાજપૂતના હાથમાં ચિતોડની લગામ સોંપીને એ ધીરે ધીરે દિલ્લી તરફ ચાલી નીકળ્યો.

પઠાણ બાદશાહનો પ્રબળ પ્રતાપ હિંદુસ્થાનના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાયો, અને એ બાર હજાર સતીલક્ષ્મીઓનાં પવિત્ર નામ, બાર હજાર રાજપૂત વીરોની કીર્તિ, સદાને માટે જગતમાં ધન્ય બની ગઇ. આજે પણ ચિતોડમાં મહાસતીના શ્મશાનમાં એ ચિતાકુંડ જોઈ શકાય છે,—માણસ ત્યાં પ્રવેશી શકતો નથી; એક અજગર રાત ને દિવસ એ ગુફાના મોં આગળ પહેરો ભરે છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમીર

[૧]

તે વખતે પણ ચિતોડ પઠાણોના હાથમાં ગયું નહોતું. તે વખતે પણ મેવાડમાં રાણા ભીમની હાક વાગતી હતી. મહારાણા લક્ષ્મણસિંહના સુંદર રાજઅમલમાં શહેરમાં જ્યારે શાંતિ હતી, સુખ હતું, ધનધાન્યની પરિપૂર્ણતા હતી, તેવે વખતે એક દિવસ યુવરાજ અરિસિંહ સૈન્યસામંતો લઇને શિકાર કરવા ગયો હતો. વનના સીમાડે, ઉજ્જલા ગામ પાસે, મેદાનના રસ્તે શિકારીઓનાં ટોળાં રાજકુમારની સાથે સાથે શિકારની પાછળ દોડતાં હતાં—શિકાર હતો એક અણીદાર મોંવાળો ને ધારદાર દંતૂડીવાળો વરાહ !

બપોરનો વખત હતો. રાજકુમારનો શિકાર રસ્તામાં ધૂળના ગોટા ઉડાડતો ખૂબ દોડ્યો, ને છેવટે રસ્તાની એક બાજુએ આવેલા અનાજના ખેતરમાં ઘૂસી ગયો—ત્યાં ઘોડો જઈ શકે તેમ નહોતું, ને તીર ચાલી શકે તેમ નહોતું.

ખેતરમાં માળા ઉપર ઊભી રહીને એક રાજપૂત કન્યા આ ખેલ જોતી હતી. તેણે પીળી ઓઢણી અને આસમાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગિયો પહેર્યો હતો. રાજકુમારના શરીર ઉપર સફેદ દુપટ્ટો હતો. બંનેની નજર એકબીજાની ઉપર પડી. શિકાર હાથમાં ન આવવાથી હતાશ થઈ અરિસિંહ બુનાસ નદીના કાંઠે આવેલાં આંબાવાડિયા તરફ પાછો ફરતો હતો, તેવામાં ખેતરમાંથી એ રાજપૂત કન્યા પેલા વરાહને મારી શિકારીઓને ભેટ દઈ ગઈ.

રાજકુમારે પૂછ્યું: 'કૈસે મારા ?'

બાલિકાએ ભાલા જેવું સીધું એક શેલડીનું રાડું બતાવીને કહ્યું: 'ઈસસે ઘાયલ કિયા !'

બાલિકાના ધૂળ લાગેલા કાળા કેશ સાપની ફણાઓની પેઠે, એના રૂપાળા મુખને વધારે શોભાવતા હતા. એના ગોળ ભરાવદાર હાથમાં પિત્તળનાં કંકણ સૂરજનાં કિરણોમાં સોનાની પેઠે ચમકતાં હતાં. બુનાસ નદીને કાંઠે આંબાવાડિયાની શીતલ છાયામાં એનો વિચાર કરતો કરતો રાજકુમાર તંદ્રાવશ બની ગયો.

લીલુડા ખેતરમાં માટીનાં ઢેફાં ફેંકી પંખીઓ અને બકરાં ભગાડતાં ભગાડતાં, પેલી રાજપૂત કન્યા પણ રાજકુમારનો વિચાર કરતી હતી કે નહિ તે કોણ જાણે! પરંતુ એક વખત તેના હાથમાંથી છૂટેલું માટીનું ઢેફું પેલા આંબાવાડિયામાં ઘોડાના પગમાં આવીને વાગ્યું. અચાનક ઘોડાના ધમપછાડા સાંભળીને રાજકુમારે ચમકી ઊઠીને જોયું તો આંબાવાડિયામાંથી લીલમડું ખેતર દેખાયું, અને તેની અંદર પેલી પીળી ઓઢણીવાળી ખેડૂત કન્યા દેખાઈ!

આથમણા વાયરામાં અડદનાં ખેતરો માથે જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોજાં ચડતાં હતાં, એક પોપટનું ટોળું ઊડતું જતું હતું, દિવસ પૂરો થયો હતો ને અજવાળું જાઉં જાઉં કરતું હતું, આકાશ સંગેમરમર જેવું સાફ હતું, એના ખોળામાં કાળાં વાદળાંની પાતળી પટી હતી—રાજકુમાર શિકારમાંથી ઘેર પાછો ફરતો હતો. નદી પર ગામનો રસ્તો અને મેદાનનો એ ભેગા થતા હતા—ત્યાં ફરી પાછો બંનેનો ભેટો થયો—બાલિકા માથા પર દૂધની ગાગર લઈને મેદાન વટાવી ગામમાં જતી હતી, સાથે બે ચળકતી કાળી પાડીઓ હતી.

બીજે દિવસ ઊજલા ગામમાં એ બાલિકાને ઘેર વિવાહનું માગણું લઈને રાજકુમારનો દૂત આવ્યો. બાલિકાનો બાપ ચંદાસો વંશનો ચૌહાણ રાજપૂત હતો, તે ગેહલોટ વંશમાં પોતાની દીકરી આપવા જરાયે ખુશી નહોતો. રાજકુમાર હતાશ થઈને રાજ્યમાં પાછો આવ્યો. આ તરફ એ વૃદ્ધ રાજપૂતને ઘરમાં ઘરવાળીનો અને બહાર આડોશી-પાડોશીઓનો પાર વગરનો ઠપકો સાંભળવો પડ્યો: ‘ આવું તે થતું હશે ? લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જાઓ છો; તે હવે જનમારો બધો ખેતરાં ખેડ્યા કરો ! ’

પરંતુ ડોસો બધાને જવાબમાં એક જ વાત કહેતો: ‘ તમે ગમે તેમ કહો, પણ હું લછમીને કદી પણ રાજ-મહેલમાં પાંચ શોકોની દાસી થવા મોકલવાનો નથી. એના કરતાં મારી છોકરી ગરીબની ઘરવાળી બને એ સારું ! ’

પણ ડોસાની પ્રતિજ્ઞા લાંબી ટકી નહિ. ચિતોડથી દૂત આવ્યો. પદ્મિનીરાણીએ લખ્યું હતુંઃ ‘ હું નિઃસંતાન છું, તમારી કન્યાની ભીખ માગું છું. મારા આશીર્વાદથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિતોડની રાજલક્ષ્મી તમારા વંશને વરો !'

સતીનું વચન મિથ્યા થતું નથી. લછમિયાનાં સંતાન ચિતોડની ગાદીએ બેસશે એ વિષે હવે કંઈ શંકા રહી નહિ. રોશની અને ધામધૂમપૂર્વક શણગારેલા ઘોડા પર સવાર થઈને વરરાજા બની યુવરાજ આવ્યો—જાણે કોઈ સ્વપ્નલોકમાંથી આવતો હોય તેવો ! રાજપુત્ર ઊજલા ગામમાં આવ્યો—એક રાત આનંદકલ્લોલ અને નાચ-ગાનમાં આખું ગામ મસ્ત બની ગયું. સુખનો દિવસ ક્યારે પૂરો થયો તેની ખબરે પડી નહિ.

એક વરસ પછી યુવરાજ લછમીરાણીને અને એક માસના બાળક રાજપુત્ર હમીરને ઊજલા ગામમાં મૂકી પઠાણોની સામે લડવા ગયા. તે યુદ્ધમાંથી તે પાછા ફર્યા નહિ. રાણો ગયો, રાજપુત્રો ગયા, ભીમસિંહ ગયો, રાણી પદ્મિની, રાજવધૂ, રાજમાતા, બધાં ગયાં. ચિતોડની લક્ષ્મી અંતર્ધાન થઈ ગઈ. રહ્યાં માત્ર ઊજલા ગામમાં હમીર અને રાણી લછમી, અને કૈલોરના કિલ્લામાં મેવાડના રાણાનો વંશધર અજયસિંહ !

એક તરફ સરનલ નામે એક નાનકડું ગામ હતું, ને બીજી તરફ અરવલ્લી પર્વત હતો. વચમાં એક નાના પહાડ ઉપર કૈલોરનો જૂનો કિલ્લો હતો. એક કાળે પહાડી ભીલોને કબજામાં રાખવા માટે આ કિલ્લો બાંધવામાં આવ્યો હતો. તે વખતે ચિતોડના મહારાણાઓ વરસમાં લગભગ ચાર મહિના ત્યાં ગાળતા. તે વખતે કિલ્લાની શોભા પણ ઓર હતી ! પછી પહાડી લોકો ધીરેધીરે કબજે થતા ગયા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને શત્રુવટ છોડી દાસ બન્યા, એટલે ત્યાં બહુ જવાની જરૂર પડતી નહિ. કોઈ કોઈ વખત કોઈ રાજકુમાર શિકાર કરવા નીકળતો, ત્યારે ત્યાં રાતવાસો રહી જતો. કિલ્લો પણ ધીમે ધીમે ભાંગતો પડતો ગયો, ને ઝાડજંગલથી ભરાઇ ગયો.

વાવંટોળ, વરસાદ અને વીજળીના ઝબકારા થતા હતા. ચિતોડના રાણા લક્ષ્મણસિંહનો વારસ અજયસિંહ સ્ત્રીપુત્રને લઇને આ કિલ્લામાં આવી રહ્યો. દુઃખની એ પહેલી રાત એણે કેવી રીતે વિતાવી તે કોણ કહી શકશે? તૂટેલા છાપરાસાંથી માથા ઉપર વરસાદ પડતો હતો, ઘરમાં ખૂણે ખૂણે ઉંદરો દોડાદોડ કરતા હતા, ને ચામાચીડિયાં ઊડતાં હતાં—તેવી જગાએ રાજાના કુંવરે અને રાજાની રાણીએ ભીના ઓરડામાં, ઘાસની પથારીમાં, ઘોડાનો કામળો ઓઢીને રાત વિતાવી.

સવારે ગામના લોકો રાજાનાં દર્શન કરવા આવ્યા. આવીને જુએ તો તેમના રાજાને બેસવા માટે સિંહાસનની જગાએ સાધારણ ખાટલો પણ નથી; રાજાનો કુંવર અને રાજાની રાણી ઘોડાના કામળા પર બેઠાં છે. મેવાડના રાણા અજયસિંહના નસીબમાં આજે સોનાના સિંહાસન પર, માથે રાજછત્ર ધરીને બેસવાનું હોય, અને રાણીમાના નસીબમાં આજે બે રાજકુમાર અરિમસિંહ અને સુજનસિંહને લઈ હાથીદાંતના પલંગમાં પોઢવાનું હોય, કે એમની આવી દુર્દશા હોય! ગામના લોકો તરત જ કિલ્લો સાફ કરવા ને ઓરડા શણગારવા લાગી ગયા. ગામના જમીનદારે હાથીદાંતનો પલંગ ને સિંહાસન, કિનખાબની

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શય્યા, જરીનો ચંદરવો, સફેદ ચામર, ચંદનનો પંખો, રૂપાનો દીવો, સોનાનો વાટકો, વગેરે લાવીને હાજર કર્યાં. ખેતરમાંથી ખેડૂત કન્યાઓ શાકતરકારી, ઘીની મટકી, દૂધ દેતી ગાય અને ઘોડા માટે ઘાસ લઈ ને આવી. જોતજોતામાં આ બધા સાજસરંજામને લીધે કિલ્લો શોભવા લાગ્યો. સાંજે ગામના લોકો પોતાના રાજાનાં, રાણીનાં અને બે રાજપુત્રોનાં હસતાં મોં જોઈ છૂટા પડ્યા.

વફાદાર રૈયત ખરા મનથી સેવામાં હાજર થઈ, તેથી અજયસિંહ બધું દુઃખ ભૂલી ગયો, માત્ર ચિતોડ હજી પઠાણોના હાથમાં હતું એ દુઃખ એને કોરી ખાતું હતું. તે ઘણી વખત દીર્ઘ નિઃશ્વાસ નાખી કહેતોઃ 'અરે ! સૂર્યને અત્યારે રાહુ ગળી ગયો છે ! ક્યારે આ ગ્રહણ છૂટશે, તેની કોને ખબર છે ? એ શુભ દિવસની, કોણ જાણે મારે ક્યાં લગી રાહ જોવી પડશે !'

દિવસો વીતવા લાગ્યા. પરંતુ જે શુભ દિવસની અજયસિંહ રાહ જોતો હતો તે આવ્યો નહિ. પઠાણોના હાથમાંથી ચિતોડને છોડવવા અજયસિંહ જીવ આપવા તૈયાર હતો, પણ એના પાસે નહોતું સૈન્યબળ કે નહોતું ધનબળ ! તેને મનમાં મોટી આશા હતી કે બે રાજકુમારો અજિમસિંહ અને સુજનસિંહ મોટા થઈને બાપદાદાનું રાજ્ય પાછું મેળવવા પ્રયત્ન કરશે. પણ હાય ! વિધાતાએ એ આશા પણ પાર પાડી નહિ.

ચોમાસાનો દિવસ હતો. વાદળાં ચડ્યાં હતાં, ને અરવલ્લી પર્વતનાં શિખરે શિખરે તેની કાજળકાળી છાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડતી હતી: ગામમાં ને ખેતરમાં અજવાળા-અંધારાની રમત ચાલી રહી હતી. બંને રાજકુમારો શિકાર ખેલવા ગયા હતા. રાજા રાણીના મહેલમાં એકલો બેઠો હતો.

સાંજ પડી—રાજકુમારો પાછા ન આવ્યા. રાણીબા ઘડીએ ઘડીએ ઉઘાડી બારીમાંથી બહાર નજર નાખ્યા કરે છે. જોતાં જોતાં, પશ્ચિમ દિશાએ, વાદળાંની કિનાર પર સોનાનાં મોજાં ઉછાળીને સૂર્યદેવ આથમી ગયા. રાતનો અંધકાર, વાદળાંને લીધે વધારે ઘેરો બની ગયો. રાણીમા રાજાની સાથે વાતો કરે છે, ઘડીએ ઘડીએ બારી તરફ નજર કરે છે.

રાજાએ કહ્યું: 'તમારું મન આજે વિહ્વળ કેમ દેખાય છે?'

'શી ખબર? આજે મારો જીવ ગભરાય છે!' આમ કહી રાણી ઊભી થઈ. દાસી ઘરમાં દીવો મૂકી ગઈ. થોડી-વારમાં વરસાદ શરૂ થયો, ને જોરથી પડવા માંડ્યો.

રાણીએ મ્લાન મુખે પાછી આવી કહ્યું: 'સવારના બે ભાઈઓ શિકાર કરવા ગયા છે, હજી કેમ ન આવ્યા?'

રાણો બોલી ઊઠ્યો: 'શું કહો છો? હજી નથી આવ્યા? આ વાવંટોળમાં એ ક્યાં રહ્યા હશે?'

એટલામાં કિલ્લાના આંગણામાં લોકોનો કોલાહલ સંભળાયો. હવે વાદળાં વિખરાઈ ગયાં હતાં, ને ચંદ્રમા ઊગ્યો હતો. રાજરાણીએ જોયું તો કેટલાક લોકો કોઈને ઊંચકીને લાવતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દાસીએ દોડી આવીને ખબર આપ્યાઃ 'રાણીમા ! અજિમકુંવરને આ શું થઇ ગયું !'

એટલામાં તો લોકો રાજકુમારને ઊંચકીને ઘરમાં લાવ્યા. રાજારાણીએ બધી વાત સાંભળી. રાજકુમારો પહાડ ઉપર શિકાર કરવા ગયા હતા, ત્યાં મુંજ નામે ભીલ સરદારના છોકરાની સાથે સુજનસિંહને હરણની બાબતમાં બોલાચાલી થઇ હતી ને એમાંથી લડાઇ થઇ હતી; અજિમસિંહ એને બચાવવા જતાં માથામાં ઘા ખાઈને પડ્યો હતો.

રાણાએ પૂછ્યુંઃ 'અને સુજનસિંહ ક્યાં છે ?'

લોકોએ માથું ખંજવાળી કહ્યું: 'જી, તેઓ મજામાં છે. તેમણે જ અમને મોકલ્યા છે. પોતે એક ચટીમાં આરામ કરે છે. હમણાં આવી પહોંચશે.'

ચટીમાં આરામ કરવાનો અર્થ, દોસ્તારોની સાથે ગાંજાશરાબનો અડ્ડો જમાવવો ! રાણો એ સમજી ગયો. સમજીને જ તેણે કહ્યું: 'વિપતવેળાએ પણ એને આરામ કર્યા વગર ચાલતું નથી ?'

લોકો બધા પોતપોતાને ઘેર ગયા. રાજા, રાણી અને એકબે દાસીઓ બેભાન અજિમસિંહને ઘેરીને બેઠી. આખી રાત વીતી ગઈ, પણ કુંવર ભાનમાં આવ્યો નહિ. રાજવૈદે માથું હલાવી કહ્યું, 'ઘા મરણતોલ છે.'

સવારના પહોરમાં રાજકુંવરે જરા આંખ ઉઘાડી. એકવાર 'મા !' કહ્યું. પછી ભાંગેલું પિંજર છોડીને જેમ પંખી ઊડી જાય તેમ રાજકુંવરનો એ સોનાનો દેહ છોડી, એનું પ્રાણપંખી ઊડી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસો પર દિવસો વીતવા લાગ્યા. અજયસિંહ શોક, દુઃખ અને નિરાશામાં દિવસે દિવસે મૃતપ્રાય બનતો જતો હતો, અને પેલો બળવાખોર ધાડપાડુ મુંજ દિવસે દિવસે વધારે જોરમાં આવી, ગામલોકો પર ભયાનક ત્રાસ વરતાવતો હતો. એક દિવસ તો એ છાપો મારી કૈલોરના કિલ્લામાં પણ લૂંટ કરી ગયો. અજયસિંહનો મુગટ ખૂંચવી લઈ, તેના માથામાં તલવારનો ઘા કરીને એ જતો રહ્યો.

અજયસિંહ વૃદ્ધ હતો, સુજનસિંહ નશાબાજ હતો—રૈયતનું રક્ષણ કરે કોણ? એક તરફ પઠાણોનો ત્રાસ હતો, અને બીજી તરફ આ મુંજનો ત્રાસ હતો. એવામાં સૌએ સાંભળ્યું કે રાણા હવે ઝાઝા દિવસ કાઢે એવો સંભવ નથી. રાજ્યમાં હાહાકાર ફેલાઇ ગયો. સૌ કહેવા લાગ્યા કે છેવટે સૂર્યવંશનું ગૌરવ ખતમ થવાનો વખત આવ્યો કે શું! સુજનકુંવર રાજ્ય ચલાવી શકે એવું લાગતું નથી!

રાજ્યમાં આવી અંધાધૂંધી હતી, તેવામાં ઊજલા ગામથી લછમીરાણી કુંવર હમીરને લઇને કૈલોરમાં આવી. તે વખતે રાણાનાં સગાંસંબંધીઓ અને સામંતસરદારો હાજર હતા. રાણો સવારમાં સભા ભરીને બેઠો હતો, એવામાં હમીરે આવી પ્રણામ કર્યા.

રાણાએ આશીર્વાદ દઇ હમીરને પાસે બેસાડયો. હમીરને જોઇ આજે તેને પોતાનો મોટો ભાઇ અરિસિંહ યાદ આવ્યો. તેવું જ નાક, અને તેવી જ આંખો હતી. તેવું જ સુંદર બલિષ્ઠ શરીર હતું, અને કંઠસ્વર પણ તેવો જ મીઠો ને ગંભીર હતો! કેસરિયાં કરી પઠાણોની સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડવા જવા નીકળતી વખતે અરિસિંહે તેને એક ચામડાની થેલી અને એક કાગળ આપી કહ્યું હતું કે આ કાગળમાં મારી અંતિમ ઇચ્છા શી છે તે લખેલું છે. અને આ થેલીમાં એક કટાર છે. હમીર મોટો ત્યારે થાય એ બે એને આપજે. અજયસિંહને અત્યારે એ યાદ આવ્યું.

રાણા અજયે આજે પોતાના તમામ સામંતો ને સરદારોના દેખતાં, અરિસિંહની પોતાની વાપરવાનો કટાર અને મહોરછાપવાળો પેલો કાગળ હાથમાં મૂકી કહ્યું: 'બેટા! વાંચી જો. આમાં તારા પિતાની અંતિમ ઇચ્છા શી છે તે લખેલું છે.'

કાગળ નીચે પ્રમાણે હતો:

શ્રી રામ જયતિ.

શ્રી ગણેશ પ્રસન્ન. શ્રી એકલિંગ પ્રસન્ન.

મહારાજ અધિરાજ શ્રી અરિસિંહના હુકમથી —

આથી અજયસિંહજી અને મેવાડના બધા સામંત, સરદારો તથા રૈયતને મારી આજ્ઞા છે કે ભવાનીમાતાની ઇચ્છાથી, જો પઠાણોની સામે લડતાં લડતાં હું સ્વર્ગે સંચરું, તો દેશાચાર પ્રમાણે ભાઈજી અજયસિંહ એકલિંગજીના દીવાન બની નિયમ પ્રમાણે પ્રજાનું પાલન કરશે અને રાજકાજ ચલાવશે, અને મારી વિધવા પત્ની રાણી લછમી બાળક પુત્ર હમીરને લઈને ઊજલા ગામમાં સુખશાંતિમાં રહી શકે તે માટે ઊજલા ગામ તથા તેને લગતી બધી જમીન રાણીના નામે કરી આપશે. હું તો મારી બુદ્ધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને શ્રદ્ધા પ્રમાણે બંદોબસ્ત કરતો જાઉં છું, પણ ભવિષ્યમાં હમીર અને ભાઈજીનાં સંતાનો વચ્ચે, સિંહાસનની બાબતમાં કલહ જાગવાનો સંભવ છે. તેથી મારો છેલ્લો નિર્ણય એ છે કે અમારા સામંતો, સરદારો, મંત્રીઓ અને રૈયત વિચાર કરીને જેને લાયક ઠરાવશે, તે જ રાજ્યનો ખરો અધિકારી ગણાશે. હમીર અને બીજા કુમારોને મારો એ આદેશ છે કે તેમણે ગાદીહકની બાબતમાં કલહ કરવો નહિ. દેશની દશા કફોડી છે, તેવે વખતે ઘરમાં કલહ થાય એ ઠીક નહિ. જે કુસંતાન હશે તે આ ગૃહકલહમાં પડશે—એના માથે ભગવાન એકલિંગનો શાપ ઊતરશે.

ઇતિ સંવત ૧૩૩૩, ચિતોડગઢ.

કાગળ વંચાઇ ગયા પછી રાણાએ સૌની સામે જોઇ કહ્યું: 'કહો, હવે શું કરવું ? રાજ્યના તમામ સામંતો ને સરદારો અહીં હાજર છે. સિંહાસન સુજનસિંહને આપવું કે હમીરને તેનો આ સભામાં જ નિર્ણય થઈ જાય એવી મારી ઇચ્છા છે. કારણકે મને લાગે છે કે હવે હું ઝાઝા દિવસ નથી. એટલે, મારા જીવતાં જ હું રાજ્યનો ભાર બીજાના હાથમાં સોંપી દેવા માગું છું. હવે આ બે કુમારોમાં કોણ લાયક છે તેનો તમે સૌ નિર્ણય કરો !'

રાજસભામાં જબરો વાદવિવાદ ચાલ્યો. એવામાં ફૂલેલા પેટવાળો, નશામાં લથડિયાં ખાતો, લાલચોળ આંખોવાળો સુજનસિંહ સભામાં આવી ઊભો. સભામાં બે પક્ષ પડ્યા. એક પક્ષે કહ્યું: 'સુજનકુંવરને જ ગાદી મળવી જોઇએ. કારણકે રાજ્ય ચલાવવામાં બાહુબળની જરૂર છે, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાહુબળ સુજનકુંવરમાં જોઈએ એટલું છે, એ સૌ જાણે છે.'

બીજો પક્ષ બોલી ઊઠયોઃ 'માત્ર બાહુબળનું આમાં કામ નથી! રાજ્ય ચલાવવા માટે ધીરજ જોઈએ છે, બુદ્ધિ જોઈએ છે—અને સુજનસિંહમાં એ બેમાંનું કાંઈ નથી! રાજાનું બળ એનું સૈન્ય છે. જો રાજાએ જાતે લડવા જવાનું હોય તો પછી આપણે બધા છીએ શું કરવા? એટલે અમે તો કહીએ છીએ કે હમીરને જ રાજા બનાવવો જોઈએ.'

સામો પક્ષ બોલી ઊઠયોઃ 'બાપુ, વખત એવો આવ્યો છે કે હવે માથે મુગટ મૂકી ગાદી પર બેસી રહ્યે ચાલવાનું નથી. હવે તો રીતસર લડાઈઓ કરવાની છે. માટે આપણે એવો રાજા જોઈએ, જે એકલો એકસો પઠાણોને પૂરો પડે.'

બંને પક્ષમાં જબરી બોલાચાલી થઈ. છેવટે વાત મારામારી પર આવી ઊભી!

અજયસિંહે કહ્યું: 'શાંત થાઓ, જરા મારી વાત સાંભળો! તમને ખબર છે કે ભીલ સરદાર મુંજ પેલે દિવસ કિલ્લામાં લૂંટ કરી ગયો, પણ તેને અટકાવવાનું અમારાથી બન્યું નહિ! તે દિવસે રાતે એ ધાડપાડુ આ કિલ્લામાંથી ચિતોડનો રાજમુગટ લઈને નાસી ગયો છે. એટલું જ નહિ, પણ મને એવા સમાચાર મળ્યા છે કે તે પાછો એ રાજ-મુગટ માથે મૂકી પોતાને રાજસ્થાનનો રાજા કહેવડાવે છે! સૂર્યવંશના આ ઘોર અપમાનનો એકમાત્ર ઉપાય એ રાજમુગટ પાછો મેળવવાનો છે. માટે હમીર અને સુજન બેમાંથી જે એ પાપીના મુંડ સાથે મુગટને અહીં લઈ આવે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને જ રાજ્યનો હકદાર ગણવો. નિમકહરામ ભીલ જે માથા પર ચિતોડનો રાજમુગટ પહેરે છે, તે માથું મારે જોઈએ, નહિ તો હું શાંતિથી મરી નહિ શકું. મેવાડના બન્ને રાજકુમારો હયાત હોય, છતાં જો એ મુગટ પાછો ન આવે, તો હું માનીશ કે મેવાડનો સૂર્યવંશ હવે નિર્વંશ ગયો છે. રાજ્યમાં હવે કોઈ વીરપુરુષ રહ્યો નથી, રાજ-સિંહાસન હવે ભીલ અને પઠાણોના હાથમાં જાય એ જ ઠીક છે. કિલ્લાના સૈન્ય અને અસ્ત્રશસ્ત્રનો બન્ને કુમારો પોતાની ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરી શકે છે. આજની સભા બરખાસ્ત !'

ભારે કોલાહલ સાથે સભા બરખાસ્ત થઇ.

બીજે દિવસ સવારે પોતાના મિત્રો, દોસ્તો, સૈન્ય, સામંતો વગેરેને લઇને સુજનસિંહ બહારવટિયાને પકડવા નીકળ્યો. આજે તે બહુ ચપળ હતો. સાધારણ રીતે માથે સૂરજ આવતા સુધી સુજનસિંહની ઊંઘ ઉડતી નહિ, પણ આજે તે સૂરજ ઊગતા પહેલાં તૈયાર થઇ ગયો હતો. આજે તે એવો ઉત્સાહમાં હતો કે હમીરને સાથે બોલાવી જવાનો પણું તેને વખત મળ્યો નહિ. કિલ્લામાં જનજનાવર કોઈ જાગે તે પહેલાં તો સુજનસિંહ લાવલશ્કર લઇને બહાર નીકળી પડ્યો.

એકબે સામંતોએ પૂછ્યું: 'નાના કુંવર નથી આવતા ?'

સુજનસિંહે હસીને કહ્યું: 'તે હમણાં જરા આરામ કરે છે. ચાલો, આપણે આગળ જઈએ. તે જમી કરીને, પછી આવી પહોંચશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી તરત જ એક ખુશામતિયો રાજસેવક બોલી ઊઠ્યો: 'હાં, હાં, ચાલો, આપણે આગળ જઈ લૂંટારાઓના મુકામને ઘેરી લઈએ; પછી નાના કુમાર આવીને એનું માથું કાપી લઈ જશે.'

બીજાએ કહ્યું; 'હૂં....ઘડપણમાં રાણાની બુદ્ધિ બહેર મારી ગઈ છે. આ કંઈ જેવુંતેવું કામ છે? આમાં તો છાતી જોઈએ છે છાતી. ધાડપાડુ એટલે શું સમજો છો? તેમાં પાછો મુંજ! જેનું નામ સાંભળી લોકો થરથર કાંપે છે, એને આ નાના કુમાર પકડવાના? પતંગિયું હાથીને મારવાનું?'

વચમાં કોઈ મંત્રીપુત્ર બોલી ઊઠ્યા: 'ના રે ના! રાજબુદ્ધિ ચલાવવાનું કામ તમારું નથી! કાંટા વડે કાંટો સાફ થશે. સમજ પડી?'

સુજનસિંહે હસીને કહ્યું: 'ના રે ના! તમને ખબર નથી. હમીરના શરીરમાં ખૂબ જોર છે. પણ હજી એ બાળક છે. હજી એનાં હાડ પક્કાં થયાં નથી. હું આ લડાઈમાંથી પાછો આવીને તરત એને રીતસરની કુસ્તી શીખવવાનો બંદોબસ્ત કરવાનો છું. જોજોને!'

આ તરફ હમીર સવારમાં ઊઠીને એક જૂની તલવાર અને એક કટાર, ધાર કાઢવાના પથરા પર ઘસી ઘસીને સાફ કરતો હતો. કટાર પિતા અરિસિંહની હતી, અને તલવાર ઊજલા ગામના દાદા એને આપી ગયા હતા. વરસાદનું પાણી મળતાં નદીનો પ્રવાહ જોરદાર બની જાય, તેમ આજે આ તલવાર અને કટાર ઘસાઈને પાણીદાર બની ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમીર બેઠો બેઠો હથિયારો ઘસતો હતો, એવામાં લછમીરાણીએ ત્યાં આવીને કહ્યું: ‘ અહીં બેઠો બેઠો શું કરે છે ?’

હમીરે કહ્યું: ‘ખબર નથી, મા ? લૂંટારાને પકડવા જવાનું છે ? તેથી મારાં હથિયારોને ધાર કાઢું છું.’

લછમીરાણીએ કહ્યું: ‘શું કપાળ ધાર કાઢે છે ? તું હજી અહીં બેઠો બેઠો હથિયારો ઘસે છે, અને ત્યાં સુજનસિંહ લાવલશ્કર લઇને લૂંટારાને પકડવા પહોંચી ગયો છે. તારા કરતાં તો એ વધારે લાયક દેખાય છે. લોકો ખાલી એનું નામ વગોવે છે!’

માની વાત સાંભળી નવાઈ પામી હમીરે કહ્યું: ‘ શું કહે છે, મા ? તો શું મોટાભાઈ મને લીધા વગર ગયા ? રાજપાટ મારા નસીબમાં હોય એમ નથી લાગતું. હશે, પણ એમ જવા તો નહિ દઉં !’

આમ કહી હમીર બમણા ઉત્સાહથી તલવારને ધાર કાઢવા લાગ્યો.

રાણીએ કહ્યું: ‘ જા, જા, બપોર થવા આવ્યા. હવે તું ખાવા જા, એટલી વાર હું ધાર કાઢું છું.’

હમીર ઊઠી ગયો, અને લછમી હથિયારોને ધાર કાઢવા બેઠી. એ રાજપૂતની દીકરીને શાક સમારવા ને મરી-મસાલો વાટવાના કરતા તલવારને ધાર કાઢવાનું વધારે સારું આવડતું હતું. એના હાથમાં આવતાં બંને હથિયારો થોડી વારમાં વીજળીના જેવાં ચમકદાર બની ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમીર પાછો આવ્યો એટલે લછમીએ એના હાથમાં કટારી આપીને કહ્યું: 'જો, જોઉં, આમાં જરા ખાંચ પડી લાગે છે. આ શું કામ લાગવાની છે?'

હમીરે કહ્યું: 'શું કહો છો, મા? બાપાના હાથની કટારી કામ નહિ લાગે? લાવો, જરા તપાસી જોઉં!'

હાથમાં કટારી લઈ હમીરે આમતેમ ફેરવી જોઈ, પણ કશું સમજાયું નહિ. કટારીના હાથા પર કંઈક વાંકાચૂંકા ઘસરકા જેવું દેખાયું. પણ એ ઘસરકો હતો કે લોહીનો ડાઘ હતો તેની ખબર પડતી નહોતી.'

હમીરે કહ્યું: 'હં, કંઈ સમજ પડતી નથી. જરા બરાબર તપાસ કરવી પડશે. મા, તું બંને હથિયાર મારા ઓરડામાં મૂક. હું એટલામાં મહારાણાને ભેગો થઈ આવું છું. એકાદ ફક્કડ ઘોડો શોધી કાઢવો જોઈશે.'

અજયસિંહ આજે સભામાં ગયા નહોતા. શરીર સારું નહોતું, તેથી પોતાના ઘરમાં આરામ કરતા હતા. હમીરને આવતો જોઇ તેણે કહ્યું: 'આ શું? તું નથી ગયો? સુજન તો ક્યારનોયે ગયો છે!'

હમીરે કહ્યું: 'જી, ઘોડો શોધી કાઢતાં જરા વાર થાય એમ છે. હું આજે સાંજે જ ઊપડી જઈશ.'

અજયસિંહે કહ્યું: 'લોકો તો બધા મોટા કુમારની સાથે જતા રહ્યા છે. તને એકલાને રસ્તો કેવી રીતે જડશે?'

હમીરે કહ્યું: 'જી, મેં એક શિકારીની સાથે ગોઠવણ કરી છે. એણે મને ધાડપાડુઓનો અડ્ડો બતાવવાનું કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. મેં વિચાર તો કર્યો હતો કે સાથે માણસોને લઈને જવું, પણ પછી લાગ્યું કે મુંજ ભીલ એવો ભયંકર છે કે માણસોની સંખ્યાથી એને નહિ પહોંચી વળાય. બુદ્ધિથી કામ પાર પાડવું જોઈશે.'

અજયસિંહે કહ્યું: 'જેમ ઠીક લાગે તેમ કર. મારા આશીર્વાદ છે, તારો જય હો!'

હમીર પ્રણામ કરી ચાલ્યો ગયો.

હમીર પોતાના ઓરડામાં આરામ કરતો હતો, એવામાં લછમીરાણીએ આવીને કહ્યું: 'કેમ, તારા જવાનું શું થયું? લડાઈમાં જવાનાં તારાં કંઈ લક્ષણ દેખાતાં નથી! બી ગયો કે શું? હમણાં તો કહેતો હતો કે ઘોડા લેવા જાઉં છું, ને ઘરમાં આવી ઊંઘવા પડયો?'

હમીરે જરા હસીને કહ્યું: 'જો, મા! બહારવટિયાને પકડવા જવાનું કામ કંઈ સહેલું નથી! જરા મને વિચાર કરવા દો. મનમાં દાવ ગોઠવવા દો! આ કંઈ જંગલી સૂવર થોડો છે કે ગયા કે જુવારના સાંઠાથી મારી લાવ્યા?'

લછમીરાણી સમજી ગઈ કે હમીર મોઢે હસે છે, પણ મનમાં મનમાં કંઈક યોજના ઘડવા બેઠો છે. તેણે હમીરની સામે જોઈ કહ્યું: 'હં, મારી લશ્કરી કરે છે! પણ જુવારના સાંઠાથી તું જંગલી સૂવર મારી લાવે તો તને બહાદુર લેખું! જોઉં છું, આ તારી જૂની તલવાર ને ખાદીલી કટારીથી તું શું ધાડ મારે છે! જરા કહે તો ખરો, તારા મનમાં શું છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એ માદીકરા વચ્ચે એ એકાંત ઓરડામાં આખો દિવસ કંઈ કંઈ મસલત થઈ. સાંજ પડવા આવી એટલે લછમીરાણીએ કહ્યું: 'તો હવે તૈયાર થા. હવે મોડું કરશે તો રાત પડી જશે.'

હમીરે કહ્યું, 'હવે તયાર શું થવાનું છે? આ જેમ છું તેમ જવાનો છું. જો તો, મારો ઘોડો આવ્યો કે નહિ?'

રાણી ઊઠીને ગઈ. હમીરનો ઘોડો તૈયાર થઈને આવ્યો. હમીરે હસતાં હસતાં કહ્યું, 'જોજે, મા! આ જૂની તલવાર, ખાદીલી કટારી અને આ માંદલો ઘોડો લઈને હું શું કરી શકું છું તે.'

માએ આશીર્વાદ આપ્યા: 'તારો જય હો!'

હમીર જૂની તલવાર કમરે લટકાવી, સાધારણ વેશમાં, ઘોડે ચડ્યો. અંધારું વધારે ગાઢું થતું જતું હતું. સૂરજ આથમી ગયો. હમીરને લઇ એ માંદલો ઘોડો ખટરખટર કરતો ગામ વટાવી વનમાં પેઠો.

અરવલ્લી પર્વતની ગાઢ વનરાજિમાં ઘેરો અંધકાર હતો, બે હાથ છેટો માણસ હોય તોયે ઓળખાય નહિ. હમીર પોતાના માંદલા ઘોડાને એક તરફ છૂટો મૂકી દઈ, કાળા કામળામાં શરીર છુપાવીને, જરા પણ અવાજ કર્યા વગર, એ વનના અંધારામાં લપાઈ ગયો, જાણે છાયામાં છાયા ભળી ગઈ. પછી શિકારની શોધમાં જેમ વાઘ ફરે, તેમ એ અંધારા વનમાં, નિઃશબ્દ પગલે, ખૂબ સાવચેતીપૂર્વક, તેણે નદીને કાંઠે કાંઠે, વિકરાળ વનની વાટેવાટે, પહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડની ગુફાએ ગુફામાં, બહારવટિયાની શોધમાં ફરવા માંડયું. તરસ લાગે તો નદીનું પાણી, ભૂખ લાગે તો ઝાડનાં ફળ, ને ઊંઘ આવે તો પર્વતની ગુફા—આમ હમીરના દિવસો પસાર થવા લાગ્યા. જે વિકરાળ વનમાં કદી માણસની અવર-જવર નહોતી, જ્યાં રાત ને દિવસ ઘોર અંધારું રહેતું, અને જ્યાં વાઘરીંછની ગર્જનાઓ સંભળાયા કરતી, ત્યાં, એ મહાવનમાં હમીરે દિવસોના દિવસો લગી ફરવા માંડયું. વન અનંત લાગતું હતું.

એક દિવસ ઘોર અમાવાસ્યાની રાતે,—વનમાં રસ્તો જોઈ ને ચાલવાનું અશકય હતું,—હમીર એક ઊંચા શાલ-વૃક્ષ પર ચડીને ચારે તરફ નજર નાખી જોતો હતો ને મનમાં મનમાં વિચાર કરતો હતો કે છટ, બહારવટિયાનો પત્તો કેમ ન લાગે? પણ આજે આ અંધારામાં આગળ ચાલવું અશકય છે. આજની રાત આ ઝાડ પર જ કાઢવી પડશે એમ લાગે છે. ઊંહ, નીચે મચ્છર કેવા ગણગણે છે! વળી વાઘની ગર્જનાઓ કેવી સંભળાય છે! આટલા મચ્છરો-નો ગણગણાટ અને આટલી વાઘની ગર્જનાઓ અગાઉ કદી સાંભળી નથી! હશે. પણ આજની રાત જમીન પર પગ દેવાય એમ નથી! આ વનમાં ઝાડપાન બહુ નથી, પણ જનાવર બહુ લાગે છે.'

હમીર પોતાને ઝાડની સાથે બરાબર બાંધીને ઊંઘી ગયો.

મોડી રાતે હમીરની ઊંઘ ઊડી ગઈ. આકાશમાં એક તરફ લાલ અજવાળું દેખાયું. સવાર થઈ ગઈ સમજી હમીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠીને બેઠો થયો. પણ સવાર થઈ છે તો પંખીઓ કેમ બોલતાં નથી ? તો શું ભ્રમ થયો હશે ?

હમીરે ધ્યાનપૂર્વક ચારે તરફ જોવા માંડયું: કોઈ બે માણસો એ શાલવૃક્ષની નીચે વાતો કરતાં હોય એવું એને લાગ્યું. તેઓ શી વાત કરે છે એની સમજ ન પડી, પણ વાતચીતમાં એકબે વખત મુંજ અને મુજનનું નામ ચોખ્ખું સંભળાયું. હમીર ખૂબ સાવચેતીપૂર્વક ઝાડની જરા નીચલી ડાળ પર ઊતરી આવીને કાન માંડી સાંભળી રહ્યો હતો.

બે પહાડી માણસો વાતો કરતા હતા. એક જણ કહેતો હતોઃ 'અરે ભાઈ બદરી, તું હજી પણ સરદારને મુંજુ મુંજુ કહીને બોલાવે છે, તેથી એને ખોટું લાગે છે.'

બીજાએ કહ્યું, મુંજને મુંજ ન કહું તો શું કહું ? એ શું નથી જાણતો કે હું એનો કાકો થાઉં છું ?'

'અરે ભાઈ, એ હવે ક્યાં કાકાફાકાને માને છે ? પેલા રાજપૂતોને અને રાણાના બેટાને એણે જ્યારથી લડાઈમાં હરાવ્યા છે, ત્યારથી તેનું માથું ફરી ગયું છે. એ હવે પોતાને રાણો અને પોતાના દીકરાને કુમાર કહેવડાવવા માગે છે.'

'હવે જોયો તારો રાણો ને જોયો તારો કુમાર! હું તો એને કહેવાનો મુંજ અને ભુંજ !'

'તો ભાઈ રંજુ, આજે તું નાચ જોવા ન જાય તો ? સરદારે આજે દીકરીના લગનમાં ખૂબ દારૂ પીને નશો કર્યો છે—તને જોતાં જ તારું માથું ઉડાવી દેવા દોડશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અરે મને તે કંઇ માતાનો પાડો જોયો કે ફટ દઇને હું માથું ધરી દઉં? ચાલ, પોતરીના લગનમાં જરા મજા કરી લઇએ. એમથી વાતોમાં રાત કાઢી.'

બન્ને જણા ઉતાવળે પગલે ઉત્તર તરફ ચાલ્યા. હમીર તરત સમજી ગયો કે અત્યારે હું બહારવટિયાઓના અડ્ડામાં છું.

દૂરથી ઢોલ અને ઝાંઝરનો ધમધમ ઝમઝમ અવાજ ઝાંખોઝાંખો આવતો હતો. મશાલોના અજવાળાને લીધે આકાશનો એક ભાગ લાલ દેખાતો હતો.

એકદમ ઝાડ પરથી ઊતરી હમીર પેલા બે જણાની પાછળ પાછળ ચાલ્યો.

°

દિવસો સુધી મથવા છતાં પણ બહારવટિયાઓને ન પકડી શકવાથી સુજનસિંહ કૈલોરના કિલ્લામાં પાછો ફર્યો હતો. પણ હમીરના કંઇ સમાચાર નહોતા. બધા કહેતા કે ચોક્કસ, બહારવટિયાઓના હાથે એ હણાયો છે.

એવામાં એક દિવસ મહારાણાની સભામાં હમીરનો કાગળ આવ્યો. હમીરે ઊજલા ગામથી લખ્યું હતું: 'મેં ઊજલા ગામમાં મુંજબહાદુરને મેવાડનો રાણો બનાવી ગાદીએ બેસાડ્યો છે. નવા રાણાએ મને કૈલોરનો કિલ્લો અને એકસો ગામની જાગીર આપી છે. અજયસિંહજી સમજી-ને કૈલોરનો કિલ્લો ખાલી કરે તો સારી વાત છે, નહિ તો લડાઇ કરવી પડશે; મુંજબહાદુર જાતે લશ્કર લઇને આવશે, ને કિલ્લો કબજે કરશે એ વિષે શંકા નથી.'

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી સુજનસિંહ બોલી ઊઠયો; 'જોયું, છોકરાએ કેવું કર્યું એ જોયું ? એ એમ સમજે છે કે ચાર ધાડપાડુઓની મદદથી હું મેવાડની ગાદી કબજે કરી લઈશ. આટલી બધી એની હિંમત !'

અજયસિંહે કહ્યું 'હમીર એટલો નીચ બને એવું મારા માન્યામાં આવતું નથી. કાગળ કંઈ વિચિત્ર લાગે છે!'

રાજમંત્રીએ કહ્યું: 'વાત જોકે માન્યામાં આવે તેવી નથી, છતાં કંઈ કહેવાય નહિ. મને લાગે છે કે તૈયાર રહેવું સારું. આજકાલનાં છોકરાં ક્યારે શું કરી બેસે, કંઇ કહેવાય નહિ !'

સુજનસિંહે કહ્યું: 'તાબડતોબ મેવાડના બધા સામંતો ને સરદારોને ખબર આપો !'

અજયસિંહે કહ્યું 'એવી શી જરૂર છે ? આ કંઇ પઠાણ બાદશાહ ચડી આવતો નથી કે બધા સામંતોને અને સરદારોને ખબર આપવી પડે. લોકમાં મશ્કરી થાય ! પણ સૌને ખબરદાર રહેવાનું કહે ! હમીરને લખી દે કે આવું ગાંડું સાહસ કરવામાં ફાયદો નથી. તું લશ્કર લઇને જા, ઊજલા ગામમાંથી ધાડપાડુઓને હાંકી કાઢ, અને બને તો હમીરને બાંધીને અહીં લઈ આવ !'

'જેવી આજ્ઞા,' કહી સુજનસિંહ ગયો. પણ મુંજના હાથનો સ્વાદ એક વખત તે ચાખી ચૂક્યો હતો. એ કેવો અઠંગ ધાડપાડુ છે તેની તેને ખબર હતી. તેથી ઘેર જઇ રાજવૈદ મારફત તેણે રાણાને કહેવડાવ્યું કે મારું શરીર બહુ બગડી આવ્યું છે. થોડા દિવસ આરામ લીધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના ચાલે તેમ નથી. ધાડપાડુને પકડવા સેનાપતિને મોકલો તો શું ખોટું ?'

અજયસિંહે કહ્યું: 'ભલે, એમ કરીશું.'

તે દિવસે રાતે અજયસિંહે લછમીરાણીને મળી તેને હમીરનો કાગળ બતાવ્યો. રાણીમાના અંતઃપુરમાં સેનાપતિને બોલાવવામાં આવ્યો. પછી હમીરના નામનો કાગળ લઇને સેનાપતિ ચાલી ગયો. તેને સ્પષ્ટ હુકમ કરવામાં આવ્યો કે હમીરની સલાહ મળે તે પ્રમાણે ખબરદારીપૂર્વક કામ કરવું.

આ તરફ ઊજલા ગામમાં શિયાળ રાજાની પેઠે મુંજ-બહાદુર રાજસિંહાસનને શોભાવતા બેઠા હતા. ડાબી અને જમણી બાજુએ ગંભીરમલ અને ચુયોમલ નામના બે નવા મંત્રીઓ કાનમાં કલમ ખોસીને બેઠા હતા. ઉપરાંત રાજ-સભામાં હમીર હતો. ઊજલા ગામના એકબે ફાંદવાળા જમીનદાર હતા, અને બેચાર કાળા શાહી જેવા જંગલી ભીલ હતા.

એક ગરીબ માણસ વિઘોટી ભરી શક્યો નહોતો, તેથી તેને બાંધીને રાજાની પાસે લાવવામાં આવ્યો હતો. મુંજ રાજાએ હુકમ કર્યો: 'એનું માથું કાપી નાખો'

તરત જ હમીરે રાજાના કાનમાં કહ્યું: 'આવું કરશો તો લોકો વીફરશે. એને કંઈક ઇનામ આપીને કાઢો !'

તરત જ બે મહોરો ઇનામ આપવાનો હુકમ છૂટ્યો, અને ગરીબ પ્રજાજન બે હાથે સલામો ભરતો વિદાય થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મનમાં મનમાં બોલ્યો: 'રાજા તો હમીર, આ તો ડાકુઓનો સરદાર છે. એને દયા શું ને માયા શું?'

એવામાં કૈલોરના કિલ્લાનો સેનાપતિ આવીને મુંજબહાદુરને મળ્યો. મુલાકાતમાં એવું નક્કી થયું કે મહારાણાએ કૈલોરનો કિલ્લો હમીરને સોંપી, પોતે પુત્રપરિવાર સાથે કાશી જઈને રહેવું, અને તેમનું ખરચ સરકારી તિજોરીમાંથી આપવું. હમીરે ભીલરાજાના મંત્રી બનીને રાજ્યનો અમલ ચલાવવો, અને તે બદલ તેને તેનો બધો ખરચો તથા મહિને દહાડે છ હજાર રૂપિયા પગારં તથા ચિતોડના કિલ્લાની જાગીર આપવી.

ગંભીરમલ શરતો મોઢે બોલી ગયો, અને ચુચોમલે કરારનામું લખી હજૂરને પેશ કર્યું. પરંતુ હજૂરને ક્યાં વાંચતાં આવડતું હતું? એ નામદાર તો હાથમાં કલમ પકડી હમીરની સામે જોઇ રહ્યા.

હમીરે કહ્યું: 'આવા પાકા દસ્તાવેજોમાં હાથમાં કલમ પકડી સહી કરવી એ બરાબર નથી. આવા કાગળોમાં તો મહારાજ હાથના પંજાની છાપો મારે તો શોભે.'

મુંજબહાદુરે એ હાથે શાહી ચોપડી દસ્તાવેજ ઉપર હાથના પંજાની છાપો મારી. સેનાપતિ દસ્તાવેજ લઇને વિદાય થયો.

મુંજબહાદુરે હમીરની સામે જોઇ હસતાં હસતાં કહ્યું: 'આ તો ખરી મજા! લડાઇ નહિ, દોડાદોડ નહિ, એક હાથની છાપ મારી કે કામ સાફ! દિલ્લીના બાદશાહને આવો એક પંજો મોકલીને ચિતોડનો કિલ્લો કબજે ન કરી શકાય?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમીરે કહ્યું: 'પહેલાં મેવાડ કબજે કરી લઈએ. પછી દિલ્હીના શા ભાર છે ? હવે જરા નાચગાનના હુકમ થાય તો સારું ! રાણાને સેનાપતિ આપણો ઠાઠમાઠ તો જરા જુએ.'

મુંજ રાજાએ કહ્યું: 'દોસ્ત, તને ઠીક લાગે તે કર. પણ જો, એમાં ઢોલનગારાં અને દારૂના ઘડા વગર નહિ ચાલે. એ બે વગર મજા નહિ પડે.'

હમીરે અસંખ્ય દારૂના ઘડા અને ઢોલનગારાંનો બંદોબસ્ત કર્યો. ઊજલા ગામમાં ભીલરાજાના રાજમહેલમાં આનંદનો ફુવારો ઊડવા માંડયો. હમીર આવ્યો, સેનાપતિ આવ્યો, ગંભીરમલ આવ્યો, ચુયોમલ આવ્યો, ગામનાં લોકો ને આડોશપાડોશમાંથી બીજા લોકો પણ આવ્યા. અને એની સાથે ગૃહસ્થના પોશાકમાં રાજપૂત સૈનિકોની એક ટુકડી પણ આવી !'

રાત પૂરી થવા આવી હતી. ગામના લોકો પોતપોતાને ઘેર પાછા ફરતા હતા. ભીલો બધા દારૂના ઘડા પર ઘડા ખાલી કરી અહીંતહીં તુંબડાની પેઠે ગબડતા હતા. એવામાં હમીર પોતાના પેલા માંદલા ઘોડાની પીઠ પર સવાર થઈને, એક લોહિયાળ કોથળો ઉપાડી ઊજલા ગામમાંથી વિદાય થઈ ગયો, અને સેનાપતિને ભીલરાજાનો રાજમહેલ બાળી નાખવાનો હુકમ કરતો ગયો !

એક દિવસે સાંજે હમીર માંદલા ઘોડા પર સવાર થઈને કૈલોરના કિલ્લામાંથી બહાર નીકળ્યો હતો, તેવી જ રીતે ફરી એક સાંજે, એ જ માંદલા ઘોડા ઉપર સવાર થઈને, એ રાજમુગટ સમેત મુંજ ડાકુનું માથુ લઈને ઘેર પાછો આવ્યો. આખા કિલ્લામાં એનો જયજયકાર થઇ ગયો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાણાએ એ ભીલના જ તાજા લોહીથી હમીરના કપાળમાં રાજતિલક કરીને કહ્યું: 'ગાદી પર બેસતા પહેલાં તિલકવ્રત પૂરું કરવાનો રાજપૂતોનો નિયમ છે. આજે આ દુશ્મનના રક્તથી તારું એ વ્રત પૂર્ણ થાય છે. આજથી સિંહાસન તારું છે, રાજમુગટ તારો છે. પરંતુ યાદ રાખજે કે મેવાડનો મુગટ પાછો આવ્યો, પણ રાજ્ય હજી પઠાણોના હાથમાં છે!'

પછી મહારાણાએ સુજનસિંહને બોલાવી તેને પાંચ હથિયાર અને એક ઘોડો આપીને કહ્યું: 'તું મેવાડ છોડી દક્ષિણ દેશમાં જા. તારામાં તાકાત હોય તો ત્યાં જઈને નવું રાજ્ય સ્થાપજે. મનમાં એવું ન લાવતો કે તું મને અવહાલો છે, પરંતુ તું મેવાડમાં ન હોય એમાં જ મેવાડનું અને તારું પણ કલ્યાણ છે એવું મને લાગે છે. અને જો ભગવાનની ઇચ્છા હશે તો તારાં સંતાનો એક દિવસ દક્ષિણ દેશમાં અખંડ રાજ્ય સ્થાપશે. જા, તું સૂર્યવંશનું સંતાન છે એ ભૂલતો નહિ. તારા હાથે એ વંશને કલંક લાગે એવું કંઇ થવા દેતો નહિ. પોતાના જ પગ ઉપર ઊભા રહેવાની ટેવ પાડશે, તો જ તું મહાન થઈ શકશે!'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

હમીર હવે કેવળ હમીર નથી—હવે એ ભગવાન એકલિંગનો દીવાન મહારાણો હમીર છે. વિશેષણ સાંભળતાં બહુ મોટું લાગે છે. પણ હમીરનું રાજ્ય તે હિસાબે કંઈ જ નહોતું. રાજ્યમાં હતો એક કેલોરનો કિલ્લો, તેની આસપાસનાં થોડાંક ગામડાં અને એક હજાર રાજપૂત સિપાઈઓ. તે વખતે મેવાડનો મહારાણો નાના સરખા તાલુકદાર જેવો હતો.

આ તરફ દિલ્લીના બાદશાહ મહમદ ખિલજીની વતી માલદેવ તે વખતે, ચિતોડમાં રહીને આખા મેવાડ પર અમલ ચલાવતો હતો. ચિતોડથી લગભગ વીસ કોશ દૂર કેલોરનો કિલ્લો હતો. કોઈ વખત આકાશ સ્વચ્છ હોય તો કેલોરથી ચિતોડનો પહાડી કિલ્લો આકાશ-સાગરમાં સહેલ કરતા કોઈ જહાજ જેવો દેખાતો!'

હમીર લછમીમાની સાથે કેલોરના કિલ્લા પર ચડીને જાણે દેવનાં દર્શન કરતો હોય, તેમ ચિતોડનાં દર્શન કરતો. તે વખતે સવારના પહોરમાં સૂરજનાં સોનેરી ઉજાસમાં, આકાશપટ ઉપર, રાજમહેલની પથ્થરની દીવાલ તથા દેવમંદિરના સુવર્ણ શિખર સમેત ચિતોડનો કિલ્લો ધીરે ધીરે પ્રગટ થવા માંડતો.

તે જોઈને હમીર કહેતો: 'પેલું જુઓ, મા! મારું જહાજ દેખાય!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણી કહેતી: ' જહાજ તો તૈયાર જ છે. પણ તું જો ઊંઘતો રહીશ તો જહાજ હાથમાંથી ચાલ્યું જશે. '

હમીર કહેતો: ' કોની તાકાત છે કે મારા હાથમાંથી આ જહાજ લઈ જાય ? '

હમીર ઊંઘતો નહોતો, એની થોડા જ વખતમાં લછમી-રાણીને ખબર પડી.

તે દિવસ દિવાળી હતી.

સાંજે હમીરે આવીને માને કહ્યું: ' મા ! દિવાળીની રોશની જોવી હોય તો ઉપર આવો.'

રાણીમાએ હસીને કહ્યુ: ' રે, તું આવડો મોટો થયો તોયે હજી માની મશ્કરી કરવાનો તારો સ્વભાવ બદલાયો નહિ ? આ જંગલમાં દિવાળીની રોશની કેવી ? આ તે કંઈ તારું ચિતોડ છે કે ઘેરે ઘેરે લોકો દીવા કરે ? '

' પણ તમે આવો તો ખરાં, મા ! ' કહી હમીર લછમીરાણીને કિલ્લાના બૂરજ પર લઈ ગયો. આસો મહી-નાની અમાવાસ્યા હતી, પણ આકાશ એક છેડાથી બીજા છેડા સુધી તારાઓથી ભરાઇ ગયેલું હતું—જાણે દેવતાઓ ફૂલ વેરી ગયા હોય એવું લાગતું હતું !'

રાણીમા આભી બની આકાશ ભણી જોઈ રહી.

હમીરે હસીને કહ્યું, ' મા, કેવી અદ્‌ભુત શોભા દેખાય છે! પણ આ દિવાળી તો દેવતાઓની છે—તારી પણ નથી, ને મારી પણ નથી. હવે જરા કૈલોરની દિવાળી, મારી દિવાળીની રોશની કેવી થઈ છે એ આ તરફ જુઓ ! '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણીમાએ જોયું તો કૈલોરના કિલ્લાની ચારે તરફ ડુંગરે ડુંગરે દીવા સળગતા હતા. ગામમાં વાટેઘાટે, સીમે, ચારે તરફ જ્યાં નજર કરો ત્યાં સેંકડો ને લાખો દીવા હતા—જાણે તારાઓની માળા જોઈ લ્યો! પ્રકાશની ફૂલગૂંથણી જોઈ લો!

લછમીરાણીએ નવાઈ પામી હમીરની સામે જોઈ કહ્યું, 'આ નિર્જન કૈલોરમાં આટલા દીવા ને આટલાં માણસો ક્યાંથી આવ્યા?'

હમીરે કહ્યું: 'પેલા ડુંગરોમાં દેખાય છે એ દીવા ભીલ લોકોએ કરેલા છે, અને આ બાજુ દેખાય છે તે દીવા બધા ગામના લોકોએ કરેલા છે.'

રાણીમાએ કહ્યું: 'આટલાં કોડિયાં ને આટલું તેલ, તું લાવ્યો ક્યાંથી? બધું ચિતોડથી મગાવ્યું લાગે છે!'

હમીરે કહ્યું: 'એકલા ચિતોડમાંથી નહિ, પણ આખા મેવાડમાંથી! એકલાં કોડિયાં ને તેલ નહિ, પણ કોડિયાં બનાવનારા કુંભાર અને તેલ પીલનારા તેલી પણ લાવ્યો છું! પણે જુઓ, કુંભારવાડામાં મશાલ સળગે છે. રામલીલા શરૂ થઈ લાગે છે. સાંભળો, પણે પેલી ફળીમાં ઢોલનગારાં વાગે છે. હમણાં સંઘ નીકળશે. પણે મહાજન–પટીમાં તોપોના ધડાકા જેવી નોબત ગગડે છે! અને પણે જોયું, મા, હમીર–તળાવની પાળે પાળે બ્રાહ્મણકન્યાઓએ કેવા દીવા કર્યા છે!'

લછમીરાણી બોલી ઊઠી: 'વાહ! તેં તો મોટું નગર વસાવી દીધું ને કાંઈ! હું તો સમજતી કે તું બેઠો બેઠો ઊંઘે છે! પણ તારા પેટમાં આટલી બુદ્ધિ છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમીરે કહ્યું: 'હશે, પણ મા, હવે મારા આ ગામનું તારે એક સરસ નામ પાડી આપવાનું છે. લછમીપુર કેવું લાગે છે?'

રાણીમાએ કહ્યું: 'ના રે ના! એ તો વાણિયાશાઈ લાગે છે. હું એક સરસ નામ શોધી કાઢીશ. નામની સાથે સાથે એક સરસ વહુ પણ શોધી કાઢીશ. તું થોડા દિવસ થોભી જા!'

બન્ને વચ્ચે આવી વાતચીત ચાલે છે, એવામાં ચિતોડથી માલદેવનો દૂત એક બ્રાહ્મણને સાથે લઈને હમીરની સાથે લગ્નસંબંધ બાંધવા વિષે વાતચીત કરવા કૈલોર આવી પહોંચ્યો. તેણે રૂપાના એક પાત્રમાં માલદેવનો કાગળ અને નાળિયેર લછમીરાણીની સામે મૂકયાં.

રાણીએ કાગળ ઉપાડી વાંચવા માંડયો.

કાગળમાં લખ્યું હતું: 'મારી કન્યા કમલા રૂપે લક્ષ્મી ને ગુણે સરસ્વતી છે. તેને આપનાં ચરણની દાસી બનાવી મારા કુળને પવિત્ર કરો! હું પઠાણોનો આશ્રિત છું એ વાત ખરી, પણ હું ધર્મભ્રષ્ટ થયો નથી.'

રાણીએ હમીરની સામે જોઈ કહ્યું: 'જો તો ખરો, માલદેવે ચિતોડથી કેવું સુંદર નાળિયેર મોકલ્યું છે! આજે દિવાળી–પૂજામાં એ કામ લાગશે!'

હમીરે કહ્યું: 'સરસ ચીજ છે. પણ મા, પહેલેથી જ મારી એના પર નજર પડી છે. હવે એ દેવને ધરવાનું શું કામ છે? મને જ આપો ને!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણીએ હસીને કહ્યું: 'ભલે, તો હું એ તને આપું છું.—રાજાને પણ દેવ કહેલો છે. પણ એકલું ફળ લે તે નહિ ચાલે, સાથે સાથે આ કાગળ, અને એમાં લખ્યા પ્રમાણે એની કન્યાને પણ તારે સ્વીકારવી પડશે. માટે, આ બ્રાહ્મણ-ને પૂછી એને શોભે તેવો જવાબ લખી કાઢ! હું એટલી વારમાં પૂજા કરીને આવું છું.'

રાણી પૂજા કરવા ગઈ.

હમીરે બ્રાહ્મણને પૂછ્યું: 'શી બાબત છે આ?'

બ્રાહ્મણે કહ્યું: 'રાણાજી, સભામાં પધારો, ત્યાં બધું કહું છું.'

લગ્નનું નક્કી કરીને માલદેવનો દૂત પાછો ચિતોડ ગયો. આ તરફ કૈલોરમાં જાનની તૈયારીઓ ચાલવા માંડી. બધા વૃદ્ધ રાજપૂત સરદારો લછમીરાણીને કહેવા લાગ્યા: 'માલદેવ ગમે તેવો તોયે શત્રુપક્ષમાં ભળેલો છે. મહારાણાને ત્યાં એકલા મોકલવા ઠીક નથી!'

રાણીના હુકમથી પાંચસો રાજપૂત સિપાઇઓ જાનમાં જવા તૈયાર થયા.

હમીરે માને પ્રણામ કરી વિદાય લીધી. લછમીરાણીએ આશીર્વાદ આપ્યા: 'બેટા, માલદેવની કન્યાની સાથે મેવાડની રાજલક્ષ્મી પણ તને વરો!'

કૈલોરથી ચિતોડ બહુ દૂર હતું, પણ હમીરના ઘોડાને જાણે પાંખો આવી હતી!

જાન જ્યારે ચિતોડ નજીક આવી, ત્યારે સાંજ પડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી હતી. પશ્ચિમના ઉજાસથી આકાશ ભરાઈ ગયું હતું. જાણે દેવદૂતો મહારાણાના મસ્તક ઉપર છત્ર ધરી રહ્યા હોય એવું લાગતું હતું.

પણ માલદેવ—જેની કન્યા આજે મેવાડની મહારાણી, રાજરાજેશ્વરી બનવાની હતી, તે ક્યાં હતી? કિલ્લાના દરવાજે માત્ર એક જ ચોકીદાર ઊભો હતો; નીચા નમી મહારાણાને પ્રણામ કરી એ દરવાજો છોડી, બાજુએ ખસી ઊભો. નહિ નગારાં, નહિ ભેરી, નહિ લગ્નની ધામધૂમ! —જાણે કોઇ નિર્જન નગરીમાં હમીરે પ્રવેશ કર્યો.

વૃદ્ધ મંત્રીએ પાસે આવી હમીરના કાનમાં કહ્યું, ‘મહારાણા, કંઇ વિચિત્ર લાગે છે! માલદેવની દાનત સાફ નથી લાગતી! મારી સમજ મુજબ કિલ્લામાં પગ દેવો ઠીક નથી!’

હમીરે કહ્યું: ‘મારો કિલ્લો છે, ને હું એમાં પગ દઉં છું. એમાં બીવાનું કેવું? ચાલ્યા આવો—’

એવામાં દરવાજાના એક ખૂણામાંથી માલદેવે નીકળી આવીને કહ્યું: ‘મહારાણા, હું પણ એવું માનતો હતો કે તમે તમારે ઘેર પધારો છો—પછી સ્વાગત કેવું, ને વાજાં વગાડવાં કેવાં?’

મંત્રીએ કહ્યું: ‘માલદેવજી, લગનની રાતે ફૂલનો કિલ્લો જીત્યા પછી જ વર કન્યાના બાપને ઘેર પગ મૂકે એવો રાજપૂતોનો નિયમ છે, એ શું આપ નથી જાણતા? આપની કન્યાની સખીઓએ એની તૈયારી કેમ કરી નથી?’

માલદેવે કહ્યું: ‘મંત્રી, હું કન્યાનો બાપ ખરો, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર મારું ક્યાં છે? આ તો મહારાણાનો પોતાનો જ કિલ્લો છે! પોતાના જ ઘરમાં મહારાણા પોતે પધાર્યા છે, પછી મારી દીકરીની સખીઓ એમનો રસ્તો રોકવાની હિંમત કેવી રીતે કરી શકે?'

મંત્રીએ જરા હસીને કહ્યું: 'મને લાગે છે કે બાદશાહની મજલીસમાં જાઆવ કરવાથી આપના ઘણા કુસંસ્કાર હટી ગયા છે. હવે ચાલો, શુભ કાર્ય નિર્વિઘ્ને પૂરું કરો. આજે રાતે જ વરકન્યાને લઈને અમારે કેલોર પાછા ફરવું એવો લછમીરાણીનો હુકમ છે!'

હમીરના પિતાપિતામહો જે સભાખંડમાં બેસીને રાજ ચલાવતા હતા, તે જ ખંડમાં માલદેવ હમીરને લઈ ગયો. તે વખતે હમીરને હૃદયમાં કંઈ કંઈ થવા લાગ્યું. તેને થયું કે બધા વીરપુરુષો છાયારૂપ ધરીને આ વિશાળ ખંડમાં ચિતોડના ખાલી રાજસિંહાસનને ઘેરીને ઊભા છે, ને એકીટશે મારી સામે જોઈ રહ્યા છે. એમનાં શરીર ઉપર સોનેરી પોશાક છે, હાથમાં ઉઘાડી તલવાર છે, અને મુખે મૌન છે. હમીરની સાથે જેટલા રાજપૂતો આવ્યા હતા તે બધાની નજર એ સિંહાસન તરફ હતી. વિશાળ સભાગૃહના અંધારામાં ચિતોડના ખાલી સિંહાસન માથે સોનાનું રાજછત્ર ઘડીકમાં દીપકના પ્રકાશમાં ઝળહળતું અને ઘડીકમાં અંધારામાં દેખાતું બંધ થતું! હમીર અને તેના પાંચસો રાજપૂતો નીચા નમી એ સિંહાસનને નમસ્કાર કરીને ઊભા થયા—એ જ વખતે સખીઓની સાથે કમલકુમારી ત્યાં આવી—જાણે અંધારા ખંડમાં અજવાળું થયું! એણે હમીરના ગળામાં પદ્મફૂલની માળા પહેરાવી દીધી! આજ લગી ચિતો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડની રાજલક્ષ્મી અનાથ વિધવાની પેઠે નિર્જન રાજનગરમાં એકલી હતી, આજે ચિતોડનો રાજકુમાર આવીને એનો હાથ પકડી લઈ ગયો!

કેટલે દિવસે આજે ચિતોડના કિલ્લામાં ફરીને સંગળ શંખ ફૂંકાયો! ચિતોડનો ગઢ અત્યાર સુધી ઉજ્જડ પડ્યો હતો; આજે આ શંખધ્વનિ સાંભળી અને પાંચસો રાજપૂતોની તલવારના ખખડાટ સાંભળી ફરી લોકોનાં ટોળાં ભેગાં થયાં: જાણે એની પહેલાંની શોભા આજે પાછી આવી!

એ પછી બે વરસ પૂરાં થતાં ન થતાંમાં તો સાચેસાચ હમીરે આવીને ચિતોડનો કિલ્લો કબજે કરી લીધો. માલદેવનો પુત્ર વનવીર દિલ્લીના નવાબ મહમદ ખિલજીને આ સમાચાર કહેવા ગયો. માલદેવની પછી ચિતોડનો રાજ્ય-અમલ પોતાના હાથમાં આવશે એવી તેને હોંશ હતી. તેથી તે મહમદ ખિલજીની સાથે પઠાણોની ફોજ લઇને ચિતોડ તરફ ધસ્યો.

શિંગોલીમાં પઠાણ બાદશાહ લશ્કર લઈને પડ્યો હતો. લછમીરાણીની સાથે કમલકુમારીને તથા એક વરસના રાજકુમાર ખેતસિંહને પાછાં કૈલોરના કિલ્લામાં મોકલી દઈને હમીર લડવા ગયો.

વાઘ જેમ હરણના ટોળા ઉપર તૂટી પડે, તેમ રાજપૂત સેના પઠાણોના સૈન્ય ઉપર તૂટી પડી. મહંમદ ખિલજી પાછો દિલ્લી જવા પામ્યો નહિ. એના બંને પગમાં બેડીઓ નાખી હમીરે એને ચિતોડના કિલ્લામાં કેદ કર્યો. વનવીરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એવી જ દશા થઈ. એ કમલકુમારીનો ભાઈ હતો, તેથી એનો જીવ ન લેતાં, એને કેદ કરી હમીર એને લઈને કૈલોરના કિલ્લામાં આવ્યો.

હમીર રહ્યો કૈલોરમાં, અને દિલ્લીનો બાદશાહ મહંમદ ખિલજી રહ્યો ચિતોડમાં—કડક ચોકીપહેરા હેઠળ ! મહિનો થયો, બે મહિના થયા, ત્રણ મહિના થયા—હમીર ચિતોડ જવાનું નામ લેતો નથી.

એક દિવસ લછમીરાણીએ એને બોલાવીને કહ્યું : 'તેં પઠાણ બાદશાહને તો ચિતોડ કાઢી આપ્યું નથીને ? જ્યાં તારું રાજસિંહાસન છે એ ચિતોડ છોડી તું અહીં કૈલોરમાં બેસી રહે એ તને શોભતું નથી. રાજા બની રાજસિંહાસન પર બેસવાનું તને મન નથી શું ? '

હમીરે કહ્યું: ' મા, ચિતોડના સિંહાસન પર બેસવું હોય તો શું જોઈએ તેની તને ખબર છે ? એક મુંજ ડાકુના હાથમાંથી ચિતોડનો રાજમુગટ પાછો આણ્યો, અને પઠાણોના હાથમાંથી ચિતોડનો કિલ્લો ખૂંચવી લીધો—એટલાથી બાપ્પારાવના સિંહાસન ઉપર બેસવાની લાયકાત આવતી નથી. જ્યાં લગી ભવાનીમાતાની તલવાર હાથમાં ન આવે, ત્યાં લગી મારાથી ગાદીએ બેસાય નહિ. પહેલાં એ તલવારની પૂજા કરવાની, ને પછી એ ગાદી પર બેસવાનું. એ તલવાર અત્યારે ક્યાં હશે તેની કોઈને ખબર નથી. કોઇ કહે છે કે પઠાણો લૂંટમાં લઈ ગયા છે, તો કોઇ કહે છે કે રાણી પદ્મિનીની સાથે એ ચિતામાં નષ્ટ થઇ ગઈ છે '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લછમીરાણીએ કહ્યું: 'મને એ બંને વાત ખોટી લાગે છે. લોકો ગમે તે કહે, પણ મને દૃઢ વિશ્વાસ છે કે ભવાનીની તલવાર હજી પણ ચિતોડમાં જ છે. પણ ખંતથી એની શોધ પાછળ લાગે એવો કોઈ માણસ ચિતોડમાં દેખાતો નથી. બીજાનો ક્યાં દોષ કાઢવો? ચિતોડના રાજાને પોતાને એની શોધ કરવાની કંઇ પડી નથી, તો સાધારણ માણસને શી ગરજ કે તલવાર શોધી રાજાના હાથમાં લાવીને મૂકે?'

તે જ દિવસે હમીરે માના પગે હાથ અડકાડી પ્રતિજ્ઞા લીધી કે ભવાનીની તલવાર શોધી કાઢ્યા વગર હું જંપીને બેસવાનો નથી!

સાંજ પડી ગઇ છે: આકાશમાં વાદળાં ચડ્યાં છે. ધીમો ધીમો વરસાદ પડે છે. હમીર અને કમલકુમારી છૂપે વેશે ચિતોડના કિલ્લામાં આવ્યાં છે. ગામડા ગામની ખેડૂત બાઈના જેવા પોશાકમાં કમલકુમારી આગળ ચાલે છે, ને હમીર એની પાછળ પાછળ ચાલે છે. એણે ડિલ પર જાડો ધાબળો વીંટાળ્યો છે, અને અડધું મોં ઢંકાય એવડો મોટો ફેંટો માથે મૂક્યો છે. બંને શ્મશાન તરફ જાય છે! આકાશમાં કાળાં કાળાં વાદળાં પૂરવથી પશ્ચિમ તરફ દોટા દે છે. વાવંટોળમાં મોટાં મોટાં વૃક્ષોની ડાળીઓ કડડ કડડ અવાજ કરે છે. ચારે તરફ ઘોર અંધકાર છે. ક્યાંયે કોઈ દેખાતું નથી. એવો ઠંડો પવન વાય છે કે શરીરે અડતાં રુવાડાં ઊભાં થઈ જાય છે! અમાવાસ્યાની આવી ઘોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધારી રાતે, વાવંટોળમાં, ને વરસાદમાં, કમલકુમારી હમીરને લઈ ને મહાશ્મશાનમાં આવી. આંખે કશું દેખાતું નથી, માત્ર એક તરફથી ખળખળ અવાજ આવે છે— અંધારામાં ઝરણું વહેતું હોય તેવો.

જે તરફથી પાણીનો અવાજ આવતો હતો તે તરફ હાથ કરી કમલકુમારીએ હમીરને કહ્યું: 'પેલા ઝરણાને કાંઠે, પહાડ ઉપર એક જબરો વડ છે. તેની બાજુમાં પાતાળમાં પહોંચે એવું મોટું ભોંયરું છે, એ ભોંયરામાં પદ્મિનીરાણી ચિતા ખડકીને ભસ્મ થયાં હતાં. એ ભોંયરાને છેડે એક ગુફા છે. એ ગુફામાં કારુણીદેવીનું મંદિર છે. કહે છે કે એક અજગર રાતદિવસ ત્યાં ચોકીપહેરો ભરે છે; અને તેના માથા ઉપર ભવાનીની તલવાર લટકે છે. હું ઘણી વખત એ ભોંયરા સુધી ગઈ છું, પણ અંદર પગ દેવાની મારી હિંમત ચાલતી નથી.'

હમીરે કહ્યું: 'તું ભોંયરા સુધી મારી સાથે ચાલ. તને વડની નીચે મૂકી હું ભોંયરામાં ઊતરીશ.'

શ્મશાનની એક બાજુએથી એક વાંકીચૂકી પગદંડી અંધારામાં ચાલી જતી હતી. બંને જણે એ પગદંડીનો રસ્તો લીધો. થોડેક ગયા પછી એક પાણીનું નાળું આવ્યું— આગળ રસ્તો નહોતો! પથરા ફોડીને ઝરણાનું પાણી કલકલ અવાજ કરતું વહી જતું હતું. નાળામાં ગોઠણભર પાણી હતું, પણ બરફના જેવું ઠંડું હતું—અંદર પગ ન મુકાય!

કમલારાણીને બે હાથે ઊંચકી લઈ હમીર એ ઝરણું ઓળંગી વડના ઝાડ તરફ ચાલ્યો. દૂરથી જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહાડની અંદરથી આવતો હોય એવો ગેબી અવાજ સંભળાતો હતો ! જાણે કોઈ લોઢાનાં કમાડ હલાવતું હોય એવું લાગતું હતું. વડનું એક મૂળિયું પકડી હમીર પાણીમાંથી બહાર આવ્યો. ત્યાં એવી અપાર શાંતિ હતી, એવો અંધકાર હતો કે હમીરને થયું, હું ધરતી છોડી આ ક્યાં આવ્યો છું !

એ વડની નીચે કમલારાણીને બેસાડી, હમીર અંધારામાં બે હાથ ફેરવતો ભોંયરાની અંદર ઊતર્યો. બે તરફ પહાડની દીવાલમાંથી પાણી પડતું હતું. અજવાળું નામે નથી, જરા સરખો અવાજ નથી, સામે કશું દેખાતું નથી, તેમ પાછળ કશું દેખાતું નથી. કાળા ઘોર અંધકારમાં થઈને હમીર એકલો ચાલ્યો જાય છે. એટલામાં તેના શરીર સાથે કંઈક ભટકાયું. હમીરે તે હાથમાં લઈને જોયું તો મડદાંની ખોપરી ! એક વખત તેના પગ નીચે એક સુકાયેલું હાડકું ચરચર કરતું ચૂર્ણ થઈ ગયું. એક જગાએ પહાડને ભેદીને કોઈ ઝાડનું મૂળિયું ભોંયરામાં ઊતર્યું હતું. એ હાથે અડતાં હમીરને થયું કે સાપની ઉપર મારો હાથ પડ્યો છે. ઘડીમાં તેને દૂરથી કંઈક વિચિત્ર અવાજ સંભળાતો હતો. ઘડીમાં જાણે કેટલાક માણસો વાતો કરતા હોય એવું તેને લાગતું હતું. કોઈકોઈ જગાએ આગિયા તાગિયા ઘડીક ઝબૂકીને રહી જતા હતા. કોઈ ઠેકાણે દીવાલ બહુ દૂર જતી રહી હોય એવું તેને લાગતું, તો કોઈ ઠેકાણે એને ભીંસ દેતી હોય એવું લાગતું ! એક ઠેકાણે જાણે માથા ઉપર ઘણાં માણસો રોતાં હોય એવું એને લાગ્યું. એના પગ રાખના ઢગલામાં ડૂબી જતા હતા. હમીરે ઊંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજર કરી તો દૂર દૂર નીલ આકાશ દેખાયું—તેની ચારે તરફ ગોળ પથ્થરની દીવાલ હતી, કોઈ તરફ જવાનો રસ્તો નહોતો. એ અંધકૂપની અંદર હમીર ચારે તરફ ફાંફાં મારતો ફરવા લાગ્યો. નીચે રસ્તો નથી, ઉપર રસ્તો નથી, આજુબાજુ પથ્થરની ભીંત છે, તેની વચમાં રાખનો ઢગલો છે. ચાલવા જતાં પગ અંદર ઊતરી પડે છે.

હમીર કેટલોક વખત ત્યાં ઊભો રહ્યો. એવામાં પથ્થરની દીવાલ ઉપરથી તેને શંખનો અવાજ આવતો સંભળાયો ! જોતજોતામાં હમીરની સામેની પથ્થરની દીવાલ ચિરાઈ ગઈ—વચમાં રસ્તો પડી ગયો. હમીરે ત્યાં નજર કરી તો ભગવાં કપડાંમાં, રુદ્રાક્ષની માળા પહેરીને, પાંચ ભૈરવીઓ, અગ્નિ ઉપર એક જબરદસ્ત લોઢાનો તાવડો ચડાવીને, તેની આગળપાછળ બેઠી હતી, અને દૂર કારુણીદેવીની સોનાની મૂર્તિ અગ્નિના પ્રકાશમાં ઝળહળતી હતી !

જરા પણ ડર્યા વગર, હમીર મંદિરમાં જ્યાં પૂજારણો બેઠી હતી ત્યાં પહોંચી ગયો ! હમીરને જોઇ ભૈરવીઓ વિકટ ચિત્કાર કરી બોલી ઊઠી : 'કોણ છે તું ? શું જોઈએ છે ?'

હમીરે હિંમતથી કહ્યું : 'હું આવ્યો છું જે મારું છે તે લેવા ! મા ભવાનીએ બાપ્પાને જે તલવાર આપી હતી તે અહીં છે, અને હું તે લેવા આવ્યો છું ! મારી માએ મને એ લેવા મોકલ્યો છે. હું ચિતોડનો રાણો હમીર છું !'

ભૈરવીઓએ હમીરના બોલવાનો કંઈ જવાબ ન દેતાં, તેને આગમાં ધગધગતો લોઢાનો તાવડો દેખાડી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમીરે દોડતા જઈને એકદમ તાવડામાં હાથ નાખ્યો. ઘડીકમાં આગ ક્યાં ગઈ! તાવડો ક્યાં ગયો! અને ભૈરવીઓ ક્યાં ગઈ! હમીરે જોયું તો ભવાનીની તલવાર હાથમાં લઈને પોતે કમલારાણીની પાસે આવી ઊભો હતો, અને ભોંયરાના મોંમાંથી અજગરના ફુંફાડા જેવી વરાળ ધીરે ધીરે નીકળતી હતી!

ભવાનીની તલવાર હાથમાં લઈને હમીર જે દિવસે ચિતોડના રાજસિંહાસન પર બેઠો, તે દિવસે આખા રાજસ્થાનમાં જયજયકાર થઈ ગયો. દિલ્લીના બાદશાહ મહંમદ ખિલજીએ ૫૦ લાખ મહોરો હમીરને નજરાણામાં આપી, પ્રતિજ્ઞા કરી કે ફરી કદી જિંદગીમાં ચિતોડનું નામ નહિ લઉં! ત્યારે તે છૂટયો!

કમલકુમારીએ હમીરને ભવાનીની તલવાર ક્યાં છે તે કહ્યું હતું, તેથી તેના કહેવાથી હમીરે વનવીરને છોડી દીધો, અને કૈલોરના કિલ્લાનું નામ કમલમેર રાખ્યું.

લછમીરાણી હમીરને રાજગાદી પર બેસાડીને ઊજલા ગામમાં પોતાના બાપને ઘેર જઈને રહી—નદીને કિનારે, ખેતરને શેઢે, જ્યાં બાળપણ વિતાવેલું ત્યાં!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંડ

લખારાણા હમીરનો પૌત્ર હતો—લડાઇઓ કરીકરીને હવે તે વૃદ્ધ થયો હતો. તેની તલવાર શત્રુઓનાં માથાં કાપી કાપીને એવી બૂઠી થઇ ગઈ હતી કે શેરડીનો સાંઠો કાપે એટલી પણ હવે એની ધાર રહી નહોતી. તલવારની ધાર નહોતી, પણ લખારાણાની જીભની ધાર બહુ તેજ હતી. ઠઠ્ઠામશ્કરીમાં એને કોઇ પહોંચી ન શકે. ઉંમરના વધવા સાથે લખારાણાની મશ્કરી કરવાની ટેવ વધતી જતી હતી.

એક દિવસની વાત છે—સફેદ કપડાં, સફેદ દુપટ્ટો, તથા પાસવાળ ઉપર સફેદ પાઘડી પહેરીને લખારાણા સફેદ કબૂતર જેવા બનીને બેઠા હતા. પહાડ ઉપર શ્વેત સંગેમરમરની ખુલ્લી અગાશી હતી, અડધા ભાગ પર ચંદ્રમાનું અજવાળું પડતું હતું, અને બારીના અડધા ભાગ પર કિલ્લાની ઊંચી દીવાલનો કાળો પડછાયો પડતો હતો.

રાણાની ચારે તરફ સભાસદો બેઠેલા હતા. દરેકના હાથમાં ભાંગનો મોટો વાટકો હતો, જલસો શરૂ થાય એટલી વાર હતી. નોકરોએ મોટા મોટા થાળમાં ફૂલની માળાઓ અને પાનની પેટીઓ લાવીને મૂકી હતી. ગુલાબ અને અત્તરની સુગંધથી વાતાવરણ મહેકતું હતું; અગાશીના એક ખૂણામાં નાચનારીઓ સોનાની ઘૂઘરીઓ એકબીજાના પગે બાંધી રહી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં રાજકુમાર ચંડની સાથે મારવાડની રાજકુમારીનું વેવિશાળ કરવાની વાત લઈ ને રણમલ્લનો દૂત આવી પહોંચ્યો—એના હાથમાં રૂપાના પાત્રમાં મૂકેલું નાળિયેર હતું. મારવાડનો દૂત જરા વધારે જાડો હતો, તેમાં વળી એણે અગિયાર ગજ લાંબા થાનની પાઘડી પહેરી હતી, અને તેની ફાંદ તેના શરીરમાં આગળ આવતી હતી. એને જોઈ લખારાણાએ મહામહેનતે હસવું ખાળ્યું, પરંતુ આ માનવી–ભમરડાની જરા ઠેકડી કરવાનો લોભ તેનાથી રોકાયો નહિ.

રાણાએ પોતે દૂતના હાથમાંથી નાળિયેર લઈને કહ્યું: ‘વાહ! તમારા રાજાએ આ ઘરડેઘડપણ મારે માટે રમવાનું રમકડું મોકલ્યું લાગે છે!’

દૂતે કહેવું જોઈતું હતું, ‘જી, ના. આ રાજકુમાર ચંડ માટે છે: કારણ કે એમની સાથે હું અમારી રાજકુમારીનું વેવિશાળ કરવા આવ્યો છું.’ પરંતુ રાણાના રંગઢંગ જોઈ એનું મોં સિવાઈ ગયું.

એક તરફ આખી સભા મરકમરક હસે છે, અને બીજી તરફ રાજકુમાર ચંડનું મોં લાલચોળ બની જાય છે.

દૂત મહાવિમાસણમાં પડી જઈને બોલ્યો: ‘મહારાણા બહુ આનંદની વાત છે કે આપ પોતે અમારી રાજકુમારીના હાથની માગણી કરો છો. અમારો રાજા સાધારણ રાજા ગણાય. વેવિશાળનો સંબંધ બાંધી મહારાણાને નાળિયેર મોકલવાની એની હિંમત કેવી રીતે ચાલે? એટલે તેમની ઇચ્છા તો રાજકુમારને જમાઇ બનાવવાની હતી. પણ કેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાઇની વાત! તેમણે સ્વપ્ને પણ નહિ ધાર્યું હોય એવું બની ગયું! હવે મહારાણાનો હુકમ હોય તો મારા રાજાને આ આનંદના સમાચાર આપવા હું હમણાં ને હમણાં ઊપડી જાઉં!'

આમ કહી દૂત ઊભો થવા ગયો.

હવે રાણો શું બોલે? તરત જ એણે દૂતનો હાથ પકડી લઈ કહ્યું: 'બેસો, હું તો મશ્કરી કરતો હતો. કુમાર બહાદુરને બોલાવો!'

કુમાર તે વખતે સભામાંથી ઊઠીને જતો રહ્યો હતો.

રાજાનો દૂત ચંડને બોલાવવા દોડ્યો, પણ ચંડે કહેવડાવ્યું: 'મહારાણાએ મશ્કરીમાં પણ જે રાજકુમારીને પરણવાની ઇચ્છા પ્રગટ કરી છે તેને હું આજથી મારી માતા સમજું છું; તેની સાથે હું કોઈ કાળે લગ્ન કરવાનો નથી!'

બુઢ્ઢો રાણો બહુ મુસીબતમાં મુકાઈ ગયો. તેને થયું, છોકરો મશ્કરી પણ સમજતો નથી એ કેવી વાત! અનેક માણસો રાજકુમારને સમજાવવા દોડ્યા, પણ ચંડની પ્રતિજ્ઞા અચળ રહી.

પોતાના જ શબ્દોમાં રાણો પોતે બંધાઈ ગયો. આ વખતની મશ્કરી આમ જોતજોતામાં જાદુગરના આંબાની પેઠે સાચી બની જશે એવી તેને સ્વપ્ને યે કલ્પના નહોતી. પરણવાનું એને દુ:ખ નહોતું, પણ દૂતની મશ્કરી કરવા જતાં પોતાની જ મશ્કરી થઈ એનો તેને વાંધો હતો.

ઘણું સમજાવ્યા છતાં પણ ચંડે જ્યારે પરણવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના જ કહી, ત્યારે ગુસ્સે ભરાઈને, બુઢ્ઢા રાણાએ પાકી દાઢીને વળ દેતાં દેતાં કહ્યું: 'જો, ચંડ! તારી પ્રતિજ્ઞા તું જાણે, પણ હુંયે પ્રતિજ્ઞા કરું છું કે હવે મને જે દીકરો થશે તેને જ હું રાજગાદી સોંપીશ, તે જ રાણો થશે, અને તારે એના સામંત થઈને રહેવું પડશે!'

ચંડે એકલિંગ મહાદેવના શપથ ખાઈને કહ્યું: 'તથાસ્તુ!'

આખી સભા સ્તબ્ધ થઈ ગઈ.

મારવાડનો દૂત રાણાનાં લગનનો હુકમ લઈ વિદાય થઈ ગયો.

ઘરડે ઘડપણ વરરાજા બની મશ્કરીને માત્ર થવું પડ્યું, તેથી લખારાણાને બહુ લાગી આવ્યું. ચંડ પરનો તેનો ગુસ્સો ઊતર્યો નહિ. લગન પછી બે વરસ પછી, બે મહિનાના છોકરા મકુલને મેવાડની ગાદી પર બેસાડી, એક કામળો ને લોટો લઈ એ જાત્રા કરવા નીકળી પડ્યો—ક્યારે અને ક્યાં એણે જિંદગીની આ વિચિત્ર લીલા પૂરી કરી તેની કોઈને ખબર પડી નહિ!

મકુલ, તે વખતે, બહુ જ નાનો હતો, એટલે રાજ્યનું બધું કામ ચંડને જ કરવું પડતું. પોતે રાજા નહોતો, છતાં રાજા હતો. દેશના લોકો ચંડનાં વખાણ કરતાં ધરાતા નહોતા. ચંડથી તેઓ બીતા પણ હતા, અને તેના તરફ ભક્તિભાવ અને પ્રેમ પણ રાખતા હતા. એ મકુલની માથી અને એના મારવાડી મામાની ટોળકીથી સહન થતું નહોતું.

ચંડ કોઈને કશું કહેતો નહિ—પણ મનમાં સમજતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો કે હું લાંબો વખત આ રાજ્યમાં રહી શકવાનો નથી. જે રાજભવનમાં એ માના ખોળે ઊછર્યો હતો ને બાપનાં લાડપાન પામ્યો હતો, તે રાજભવનમાં આજે એનું કહી શકાય એવું કોઇ નહોતું. બધા જૂના નોકરોને કાઢી મૂકી મહારાણીએ મારવાડથી નવા માણસોને બોલાવીને રાખ્યા હતા. ચંડના પોતાના મહેલનો કબજો લઇને રાણીના ભાઈઓ બેસી ગયા હતા; ચંડના સોનારૂપાના પલંગ, સરસામાન બધું હવે મકુલનું હતું. રાજમહેલમાં એની કહી શકાય એવી માત્ર એક જ ચીજ હતી—એની તલવાર !

પણ મકુલ—અણુખીલ્યા ફૂલ જેવો કાચી વયનો મકુલ, ચંડના કરતાં પચીસ વરસ નાનો મકુલ, હસુહસુ થતા મોંવાળો મકુલ—હજી એ ચાલતાં શીખ્યો નહોતો, બોલતાં શીખ્યો નહોતો—એ ચંડનો નહિ, તો કોનો હતો? સવારે ને સાંજે ચંડ મકુલને તેડીને રાજસભામાં લઇ જતો, મકુલ પોતાના નાનકડા હાથવડે ચંડને ગળે બાઝી પડતો, ત્યારે ચંડ પોતાનું બધું દુઃખ ભૂલી જતો. ચંડે કેટલીયે વખત દેશ છોડી જતા રહેવાનો વિચાર કર્યો હતો, પણ આ નાનકડા ભાઈના નાનકડા હાથનું બંધન—ગમે તેવા દુઃખમાં પણ આ કુમળા હાથનો સ્પર્શ—છોડીને જવું, કાપીને નીકળી પડવું, એને અશકય લાગતું હતું. તેથી તેણે બધું દુઃખ મૂગા મૂગા સહીને, આ નાના ભાઈ મકુલને એક દિવસ મેવાડની રાજગાદી પર બેસવાને લાયક બનાવવા પાછળ ધ્યાન આપવા માંડયું. સખત ગરમીના દિવસોમાં સભાને વહેલી વહેલી બરખાસ્ત કરી, મકુલને લઇ, ચંડ ખુલ્લા મેદાનમાં રમત રમવા જતો. ચંડ એક ઘોડા પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસતો, ને મકુલ એક ટટ્ટુ પર બેસતો—માથા ઉપર ધોમ ધખતો હોય, ક્યાંયે જરાયે છાંયડો ન હોય, એવે વખતે બંને ભાઈઓના ઘોડા વીજળીવેગે દોડતા—મોં અને આંખો પર બાળી નાખે તેવો પવન લાગતો, અને બંને ભાઈઓનાં મોં તાપથી લોહીના જેવાં લાલચોળ બની જતાં.

કોઈ વખત આકાશમાં વાદળાં ઘેરાયાં હોય, ઝમઝમ વરસાદ પડતો હોય, તેવે વખતે ચંડ મકુલને લઈને કાદવ ખૂંદતો ને વરસાદમાં ભીંજાતો, શિકાર ખેલવા જતો. બે કાંઠે ઊભરાતી નદી, તરીને પાર કરી, એ ગામથી બહુ દૂર જંગલમાં જતો. શિયાળામાં તેઓ પહાડે પહાડે ફરતા. ત્યાં બરફના જેવો શીતળ વાયુ ધારદાર છરીની પેઠે છાતીમાં આવી વાગતો.

આવી રીતે મકુલ મોટો થાય છે, દિવસે દિવસે બળવાન બનતો જાય છે. રાજાનો છોકરો હતો એથી એનું ખાવાપીવાનું બહું આરામનું હતું એવું નથી—મકુલ મેવાડનો રણીધણી થવાનો હતો એ વાત ખરી, પણ એક સાધારણ રાજપૂતના છોકરાની અને એની કેળવણીમાં ચંડે કશો જ ફરક રાખ્યો નહોતો. આવી જ રીતે લખારાણાએ ચંડને મોટો કર્યો હતો. અને ચંડ પણ પોતાનો નાનો ભાઈ ગાદીલાયક બને એ માટે, સુખમાં, દુઃખમાં, આફતમાં, મુશ્કેલીમાં એ વીરની પેઠે છાતી ધરીને ઊભો રહી શકે એ માટે નાનપણથી જ એને ઘડતો હતો.

પણ મકુલની માને એ ગમતું નહોતું! ઉનાળામાં મકુલ બેઠો બેઠો પંખાનો વા ખાય, ચોમાસામાં છત્રછાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે રહે, અને શિયાળામાં ગરમ રજાઇઓ તળે રહીને, મીણના પૂતળાની જેવો ગોટમટોળ ને કૂણો બને એવી તેની ઇચ્છા હતી! આથી મકુલને અને કોઈ કોઈ વખત ચંડને પણ મહારાણીનો ઠપકો ખાવો પડતો. મકુલ બાળક હતો, માનો ઠપકો મળતાં કદીક ગુસ્સે થતો, કદીક રડતો; પણ થોડીવાર પછી બધું ભૂલી જતો—પરંતુ ચંડના હૃદયમાં રાણીના શબ્દો તીરની પેઠે ભોંકાતા!

કોઈ કોઈ વખત ચંડ પોતાના અંતરંગ વૃદ્ધ સરદારોને કહેતો: 'બસ, હવે અહીં નહિ રહેવાય! બધા કહે છે કે હું મારા નાના ભાઇને વશ કરી લઈ પોતે રાજ ચલાવવા માગું છું. તે મારા હુકમથી ઊઠે છે ને બેસે છે, એટલે ખરો રાજા હું છું, ને એ તો કેવળ નામનો મેવાડનો રાણો છે. માટે હવે તમે બધા મને છૂટો કરો, હું બીજા રાજ્યમાં જઇને રહું.'

વૃદ્ધ સરદારો કહે: 'હજી વાર છે, યુવરાજ! હજી થોડો વખત કાઢો, મકુલને જરા મોટો થવા દો!'

કોઇ સરદારના હાથમાં મકુલને મોટો કરવાનો ભાર સોંપીને જતા રહેવાની ચંડની ઇચ્છા હતી, પણ કોઈ સરદાર એ ભાર લેવા તૈયાર નહોતું. બધા કહેતા: 'અમે મકુલ માટે બધું કરવા તૈયાર છીએ. પણ યુવરાજ! ગમે તેવા તોયે અમે પટવીએ, અને તમે એના ભાઈ છો.'

ચંડ આગળ કંઇ કહી શકતો નહિ. બાપ હોત તો કોઈ ચંડને મકુલ માટે કષ્ટ ભોગવવાનું કહેત નહિ, પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારે ભાઈ થઈને જો ચંડ કશું ન કરે તો મકુલને રાજકાજનું શિક્ષણ આપી કોણ તૈયાર કરવાનું હતું ?

આવી રીતે દિવસો વીતતા હતા, એવામાં એક દિવસ પ્રલયકાળની મધરાતના અંધકારમાં પહાડ જેવાં પ્રચંડ વાદળાં એક પછી એક ધીમેધીમે પૂર્વમાંથી પશ્ચિમમાં સરતાં હતાં—જાણે મોટા મોટા સઢ ફુલાવીને નૌકાઓ આકાશના એક છેડાથી બીજા છેડા સુધી અંધારામાં વહેતી હતી! આકાશમાં એકે તારો નહોતો, ક્યાંયે કશો અવાજ નહોતો.

ચંડ આખા દિવસનો થાક્યોપાક્યો, ઓરડાનો દીવો હોલવીને, એકલો પડ્યો હતો, ને આકાશ ભણી જોઈ રહ્યો હતો. મહેલમાં બધાં ઊંઘી ગયાં હતાં. એકલો ચંડ જાગતો હતો. આજે ચંડના હૃદયમાં ફરી ફરીને એક વેદના જાગી ઊઠતી હતી, અને એની છાતી ફાડીને બહાર નીકળવાનું કરતી હતી! વેદના શાની હતી, અને કેવી હતી તેની ચંડને સમજ પડતી નહોતી; તેને કેવળ મકુલને પોતાની પાસે બોલાવવાનું મન થયા કરતું હતું. પણ તેનામાં ઊભા થવાની શક્તિ નહોતી, કે બૂમ પાડવાની પણ તાકાત નહોતી. અંધારામાં એ એકલો ગુપચુપ પડ્યો હતો. એનું શરીર અને મન સાવ નિર્જીવ બની ગયું હતું, માત્ર એની આંખોમાં જીવનનો તમામ પ્રકાશ આવીને ભરાયો હતો, અને ચોમાસાની રાતના અંધકારમાં એ આંખો કશાકને શોધતી હોય એમ ફરતી હતી. એક વંટોળિયો આવ્યો, ને ઠંડી હવાનો જબરદસ્ત ધક્કો મારીને ઝાડપાન, ઘરબાર, જળસ્થળ, આકાશ બધું હચમચાવીને ચાલી ગયો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસાદનું એક જબરું ઝાપટું આવ્યું, ને ચારે તરફ પાણી-પાણી થઈ ગયું. ઘડીભર વીજળી ચમકી ને બીવડાવીને જતી રહી. પછી ધીમેધીમે વરસાદ ઓછો થવા માંડયો. પાછલી રાતે, રૂપેરી પ્રકાશ, વાદળાંના ટુકડામાંથી ચળાઈને આવ્યો, અને ધીમેધીમે અંધકારને ગાળી નાખી જામવા માંડયો. સાથે સાથે પંખીઓનું ગાન પણ સંભળાયું.

બરાબર એ વખતે, ચોમાસાની સવારના એ ઊઘડતા કૂંણા પ્રકાશમાં ચંડે એક જળભરી વાદળી જોઈ! ચંડ એ જોઈ રહ્યો! આહ! કેવું આંખ ઠારે તેવું રૂપ છે! જાણે મારી મા! એ વાદળી પરથી ચંડ આંખ ખસેડી શકયો નહિ. તેને થયું કે આખી રાત જાગીને, અંધારામાં આંખો ખેંચી ખેંચીને, હું આની જ—આ મારી માની જ—તલાશ કરતો હતો; હવે એ તલાશ પૂરી થઈ. એના હૃદયની વેદના, ચડાવેલો તાર છોડી દેતાં જેમ ઝણઝણીને શાંત થઈ જાય તેમ શાંત થઇ ગઈ. આખી રાતના વરસાદમાં ધોવાયેલી એ વાદળીને, માનાં અશ્રુજળથી ભરેલી સવારના પહોરની એ વાદળીને, જોતો જોતો ચંડ ઊંઘી ગયો.

આ તરફ સવાર થઇ છે. દરબારમાં જવાનો ઘંટ વાગ્યો છે. મહારાણી મકુલને શણગારી સજ્જ કરીને બેઠી છે. એવામાં મકુલની દાઇએ આવીને કહ્યું: 'રાણીમા, આજે દરબાર નહિ ભરાય. મોટા કુમાર ચંડનું શરીર સારું નથી!'

મહારાણીનો બાપ રણમલ્લ ત્યાં બેઠો હતો. તે બોલી ઊઠયો: 'મોટા કુમાર ન હોય તેથી દરબાર શા માટે ન ભરાય? રાણો મકુલ શું કંઈ હિસાબમાં નથી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાઈ બહુ જૂની હતી. ચંડને પણ તેણે જ મોટો કરેલો હતો. તે કંઈક જવાબ દેવા જતી હતી, પણ રાણીએ તેને ધમકાવીને કહ્યું: 'જા, જા, તારે વચમાં માથું મારવાનું નથી. મારા બાપુ મકુલને લઈને હમણાં દરબારમાં જાય છે. તું બધા સરદારોને બેસવાનું કહે, જા!'

મેવાડના સિંહાસન ઉપર, તે દિવસે, ફાંદવાળો મારવાડી રણુમલ્લ, પૌત્ર મકુલને ખોળામાં લઈને બેઠો. શરમથી સરદારોનાં મોં લાલ થઇ ગયાં. બરાબર તે વખતે અચાનક ચંડની ઊંઘ ઊડી ગઇ. તે ચમકીને બેઠો થઇ ગયો. જુએ છે તો આકાશમાં ગ્રહણ લાગેલું છે, સૂરજ નિસ્તેજ તાંબાના થાળ જેવો દેખાય છે, અને પેલી બુઢ્ઢી દાઇ એના પગ આગળ બેઠી બેઠી, બે હાથે મોં ઢાંકી રડી રહી છે?

તે દિવસે દરબાર પૂરો થયા પછી, ચોમાસાના આકાશ જેવાં કાળાં મોં લઇને રાજપૂત સરદારો ચંડની પાસે આવ્યા, ત્યારે ચંડે તેમના હાથ પકડી આજીજી કરી કહ્યું: 'દેખો, મહારાણીમાની ઇચ્છા નથી કે હું હવે મેવાડનું કઈ પણ રાજકાજ કરું. કાલે રાતે મહારાણીમાએ પોતાને મોઢે જ મને એ સંભળાવ્યું હતું, અને આજે સવારે તેમના જ હુકમથી મારવાડના રાજા રણુમલ્લે મકુલનો ભાર માથે લીધો છે. હવેથી રાજકારભાર રણુમલ્લ ચલાવશે. હવે હું છૂટો છું. માનો હુકમ આજે સવારે મને મળી ગયો છે. એટલે મકુલ અને આ બાપ્પાનું સિંહાસન તમને સૌને ભળાવીને હું હવે જાઉં છું—મારો ઘોડો તૈયાર છે.'

ચંડે આખી રાત હૃદયમાં કેવી વેદના સહી હશે તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે સૌને સમજ પડી. કંઈ પણ બોલ્યા વગર, બધા ચંડને પ્રણામ કરી છૂટા પડયા.

પછી ચંડે પોતાની દાઈ–માને બોલાવીને ખાનગીમાં કહ્યું: 'મકુલને સાચવજો, એને કંઇ દુઃખ ન પડે એ જોજો! મારો નાનો ભાઈ રઘુદેવ કેલોરમાં છે, હું એને મળીને માંડુના રાજા પાસે જાઉં છું. મહારાણીને કહેજો કે જો કોઈ વખત કંઈ મુશ્કેલી આવી પડે, જો રાજ્યમાં કંઈ ધમાલ થાય, તો હું પાસે જ છું. મને બોલાવતાં તરત જ દોડયો આવીશ. મારી તલવાર મકુલના શત્રુઓ માટે છે, અને મારા પ્રાણ મેવાડ માટે છે. દાઈમા, જતા પહેલાં મકુલને મળવાનું બહુ મન છે. એ લોકો મને મળવા દેશે?'

દાઇ માથું ધુણાવી, આંખે પાલવ દાબી રડવા લાગી. ચંડ સમજી ગયો કે નાના ભાઇને મળવાનો કોઈ ઉપાય નથી. એક અક્ષરે બોલ્યા વગર, પહેરેલ કપડે, માત્ર કમરે તલવાર લઇને રાજમહેલ છોડી, એ ચાલ્યો ગયો—તે વખતે માથે ખરા બપોરનો તાપ તપતો હતો.

શિકાર ખેલવા જવાનો વખત થતાં મકુલે મોટાભાઇને શોધવા માંડયા, ત્યારે રાણીએ કહ્યું: 'તારા મોટાભાઇને વાઘ ખાઇ ગયો, હવે એ આવી રહ્યો!'

આખો દિવસ મકુલની આંખો ભીની રહી. શૂન્ય રાજભવનમાં કયાંયે તેને તેના મોટાભાઇ મળ્યા નહિ. રાતે બધા ઊંઘી ગયા, ત્યારે મકુલે પોતાની દાઈ–માને ગળે બાઝી પડીને કહ્યું: 'મોટાભાઇને વાઘ ખાઈ ગયો, પણ મોટો થઇને હું એ વાઘને માર્યા વગર નથી રહેવાનો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તલવારના એક ઝાટકે હું એનું માથું કાપી લાવીને તને આપીશ, હોં !'

દાઈએ કહ્યું: 'રાણાજી, હું એ વાઘ પકડવાની મજબૂત જાળ કાલથી વણવા માંડું છું—વાઘને કોઈ હિસાબે છટકવા નહિ દઈએ !'

મકુલ થોડીવાર ચૂપ રહીને બોલ્યો: 'દાઈ-મા ! વાઘ કેવો હોય ? મેં કદી વાઘ જોયો નથી. હું એને ઓળખીશ કેવી રીતે ?'

'અરે, તરત ઓળખાશે. નહિ ઓળખાય તો હું ઓળખીશ. તમારા પેલા મારવાડી દાદાજી જેવી એને મોટી ફાંદ છે, અને એવી જ ખરબચડી જાડી દાઢી ને મૂછ પણ છે.'

બીજે દિવસ દાઈ મકુલને દરબારી કપડાં પહેરાવી તેના બુઢ્ઢા દાદાની પાસે લઈ ગઈ, ત્યારે રણમલ્લે પાકી મૂછોના આમળા લેતાં લેતાં, ડોળા કાઢીને એની સામે જોઈ કહ્યું: 'દાઈ, વાઘ પકડવાની જાળ બનાવવી સહેલી નથી. જા, તારે રસ્તે પડ. મારા દેશમાંથી એક સરસ દાઈ આવી છે, એ રાણીનું કામ કરશે. તું બેઠી બેઠી જંગલમાં જાળ વણ્યા કર !'

દાઈએ 'જેવો હુકમ' કહી રણમલ્લને એક લાંબી સલામ કરી. મકુલની સામે જોઈ કહ્યું: 'રાણાજી, વાઘને ઓળખી રાખજો—બરાબર આ તમારા દાદાજી જેવી દાઢી છે, તેવી જ મૂછો છે, તેવું મોટું પેટ છે, ને મોટા મોટા દાંત છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી સભા આ સાંભળીને હોઠમાં હસવા લાગી.

મકુલની આંખોમાં ભય ભરાયો. ભયભીત નજરે એકવાર રણમલ્લની સામે જોઇ તે દાઈના પડખામાં જઇને ઊભો.

દાઈએ તેના મુખ પર ચુંબન કરી કહ્યું: 'બેટા! ડરો મત! શેર કો દેખ ભાગના કભી નહિ! માર તલવાર કી ચોટ, કાટ લે સર!'

આખી સભાના મોં પર હવે હસવું દાબ્યું રહેતું નહોતું, એ જોઈ રણમલ્લ વાતને દાબી દેવા માટે એકદમ, મહાપરાણે હોઠ પર હસવું આણી, દાઇની પીઠ થાબડી, તેના હાથમાં એક સોનાનો તોડો આપીને બોલ્યો: 'સરસ! સરસ! હું બહુ રાજી થયો. આવી રીતે મકુલને હિંમત આપી, એને આજથી જ વાઘનો શિકાર કરવાની ચાનક ચડાવો! આજથી તારા પગારમાં હું દશ રૂપિયા વધારી દઉં છું. મકુલજી ઉંમરલાયક થાય ત્યાં સુધી તારે જ એમની સંભાળ રાખવાની છે.'

આખી સભા સમજી ગઇ કે રણમલ્લને કોઈ પહોંચી વળે એવું હોય તો આ દાઈ છે, અને રાજમહેલમાં એ દાઈ સિવાય મકુલનું બીજું કોઇ નથી. મેવાડના જે રાજપૂત સરદારો રાણીને લીધે રણમલ્લથી બીતા હતા. અને એક અક્ષરે બોલતા નહોતા, તેઓએ આજે આ દાઈની હિંમતની મનમાં મનમાં ખૂબ પ્રશંસા કરી. રણમલ્લ તે દિવસે નીચી મૂંડીએ દરબારમાંથી ચાલ્યો ગયો.

ચંડના નાના ભાઈનું નામ રઘુવીર હતું, પરંતુ મેવા-

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડમાં સૌ એને રઘુદેવ કહેતા. રૂપેગુણે તે ખરેખર દેવ જેવો હતો. ગામની બહાર, રાજ્યની ધમાલથી બહુ દૂર, એક સુંદર બગીચાવાળા નાનકડા ઘરમાં, રઘુદેવ એકલો રાજકુંવર હોવા છતાં, તપસ્વીની પેઠે, દીનદુઃખી ગરીબોની સાથે રહેતો હતો. તેના મુખની વાણી એવી મીઠી હતી કે નાનામોટા સૌનાં મન પિગાળીને ગીતની પેઠે હૃદયમાં ગણુ-ગણુતી. રાજ્યમાં એનો કોઈ દુશ્મન નહોતો—એટલે સુધી કે જે મહારાણી ચંડ તરફ વિષદૃષ્ટિએ જોતી, તે પણ રઘુદેવ તરફ ગુરુના જેવો પૂજ્યભાવ રાખતી, અને ભાઈના જેવો સ્નેહ રાખતી. અને મકુલ—નાના ભાઈના મોઢે સાંભળેલી વાતો, નાનાભાઈના બાગમાં ફળો પાડીને કરેલું વનભોજન, ઝાડ પર પંખીઓના માળાની છેક પાસે જઇને જોયેલાં ઇંડાં, ઝાડની છાયામાં બેસીને ગોવાળિયા-ઓની પાસે વાંસળી વગાડતાં શીખેલો તે—કશું ભૂલી શકતો નહોતો.

ચંડના ગયા પછી મકુલ પોતાના આ રઘુ ભાઈને મળવા જવા માટે રોજ રડતો હતો. રાણીની ઇચ્છા એને થોડા દિવસ ત્યાં મોકલવાની ખરી, પણ રણમલ્લ ના કહેતો હતો. રાણીએ એક વખત રઘુદેવને જ રાજમહેલમાં બોલા-વવાની વાત કરી, પણ તેમાં પણ રણમલ્લને વાંધો હતો! છેવટે એક દિવસ રણમલ્લે સાફ કહી દીધું કે, ખબરદાર! મારા હુકમ સિવાય રઘુદેવને મળવાનું કે એને અહીં બોલા-વવાનું કર્યું છે તો!

હવે રાણીની આંખો ઊઘડી! તે સમજી ગઈ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે રાજકાજમાં મારો કંઇ હાથ રહ્યો નથી. રાજમહેલની આ પથ્થરની દીવાલોમાં હું અને મકુલ હવે કેદ થઇ ગયાં છીએ !

એવામાં ઓચિંતાના સમાચાર આવ્યા કે રઘુદેવ મકુલને મળવા માટે ગામમાં આવતા હતા, ત્યાં અચાનક મરણ પામ્યા છે. લોકોમાં હાહાકાર થઇ ગયો છે, ને વાતો ચાલે છે કે રણમલ્લે રઘુદેવને ઝેર દઇને મારી નાખ્યો છે. આખું મેવાડ ઘરેઘરમાં રઘુદેવની મૂર્તિ રાખી પૂજા કરે છે, ને મારવાડી શિયાળરાજા તથા તેની ટોળકીને ખૂની, બદમાશ, ચોર કહીને શાપ દે છે !

બુઠ્ઠી દાઇએ આવીને રાણીને કહ્યું: ‘ મારું માનો તો હમણાં ને હમણાં ચંડજીને ખબર મોકલો, નહિ તો કોક દિવસ તમારા મકુલજીની દશા પણ રઘુદેવજીના જેવી જ થશે.’

પણ ચંડને ખબર મોકલવા કેવી રીતે ? ચારે બાજુ રણમલ્લનાં જ માણસો હતાં—પોતાનાં જ માણસો તેણે આખા રાજ્યમાં ભર્યાં હતાં. તેના જાસૂસો રાણીના અંતઃ-પુરમાં ફરતા હતા, અને તેના અનુચરો સરદારોના ઘેરે ઘેરે, મુકામે મુકામે, ગામે ગામે, અને રૈયતનાં ઘેરે ઘેરે, પાઠ-શાળામાં, મંદિરમાં ને મઠમાં બધે હતા ! કોણ ક્યાં શું કરે છે, શું બોલે છે, બધી એને ખબર પડતી હતી—એ મોટી ફાંદવાળો રાજા રણમલ્લ ડાકુઓનો સરદાર હતો, ચોરોનો શિરોમણિ હતો. નગરના દરવાજે અને કિલ્લાના બુરજે બુરજે તેના ચેલાઓ થાણાં નાખી દિનરાત ચોકીપહેરો ભરતા હતા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોષ, ભય અને દુઃખથી રાણી મૂંઝાઈ ગઈ. એને ચારે બાજુ અંધકાર દેખાવા માંડ્યો. ચંડને દેશનિકાલ કરવામાં પોતે કેવી ભૂલ કરી હતી તે રોમેરોમમાં આજે તે અનુભવી રહી હતી. બુઢ્ઢી દાઈના પગે બાઝી પડી રાણીએ રડતાં રડતાં કહ્યું: 'હાય રે! મારું શું થશે?'

જે રાણી એક દિવસ પોતાને હાડહાડ કરતી હતી, તેને આજે પોતાના પગમાં પડી રડતી જોઈ દાઇની આંખોમાં આંસુ આવ્યાં. તેણે રાણીને શાંત કરી કહ્યું: 'હું ચંડને સમાચાર પહોંચાડવાની ગોઠવણ કરું છું. પણ રાણીમા, તમારે ખૂબ સાવધ રહીને કામ કરવાનું છે. જો આપણા મનની વાતની કોઈને ખબર પડી ગઈ, તમારા બાપને કાને વાત ગઈ, તો બહુ મુશ્કેલીમાં મુકાવું પડશે; કારણ કે અત્યારે આખું રાજ્ય તેમની મૂઠીમાં છે. કાલે તમારા મકુલને એ ગળું દાબી મારી નાખે તો પણ કોઈ ચૂં કે ચાં નહિ કરે, એવા બધા ફફડે છે.'

રાણીની સાથે બધી વાત પાકી કર્યા પછી, બુઢ્ઢી દાઇ, રણમલ્લ જે ખંડમાં સાંજે એકલો, પોતાની ફાંદ જેવા મોટા જાડા તકિયા પર પડ્યો પડ્યો, મહોરો ગણી ગણીને કોથળીઓમાં ભરી રાખતો હતો—બજારના મારવાડી શરાફની પેઠે—ત્યાં આવીને ઊભી, એકાએક દાઇને પોતાના એકાંત ખંડમાં આવેલી જોઈને બુઢ્ઢાએ બે હાથે મહોરોની કોથળીઓ ખોળામાં દબાવી દઇને કહ્યું: 'કેમ—કેમ—અત્યારે અહીં કેમ?'

'જી, જરા કામ હતું, જો હમણાં તમે બહુ કામમાં હો તો પછી આવીશ,' દાઈએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણમલ્લ દાઈથી બીતો હતો—દફ્તરખાતાનો દફ્તરી પોતાના શેઠથી બીએ તેમ. રાજ્યમાં બધા રણમલ્લથી ફફડતા હતા, પણ રણમલ્લ આ દાઇથી ફફડતો હતો. તેથી તેણે તરત જ દાઇને કહ્યું, 'ના, ના, પહેલું કામ તારું.'

પછી દાઇએ કહ્યું: 'જી, મકુલજીનો હુકમ થયો છે. તેમને કબૂતર પાળવાનો શોખ થયો છે, તેથી હું હજૂરની પાસે રજા લેવા આવી છું.'

'મકુલજીને કબૂતર પાળવાં છે!' આમ કહી બુઢ્ઢા હો હો કરતો હસી પડી બોલ્યો: 'વાહ! આ શોખ તો બહુ સારો!—કબૂતરો પાળો, ઘેટાંબકરાં પાળો!—મને એનો વાંધો નથી. ઘોડે ચડવાનું ને પટાબાજી ખેલવાનું ન કરે એટલે મારે બસ. રાજાના કુંવરે એવું બધું શું કરવા કરવું જોઈએ? ખાઓ, પીઓ, પતંગ ઉડાવો, ને સુખમાં પડી રહો!'

દાઈ વચમાં બોલી ઊઠી: 'અને રાજાના કુંવરના બુઢ્ઢા મારવાડી દાદા ગાદી પર પડ્યા પડ્યા મહોરોંની કોથળીઓ ભર્યા કરો!'

'તું ખરું કહે છે, દાઇ! હું તારા ઉપર બહુ ખુશ છું. મકુલજીને તું આવી રીતે કબૂતર ને પતંગ ઉડાડવામાં રોકી રાખ! બસ! આ બે વરસ! પછી મારી પાસેથી કોઈ ગાદી કેવી રીતે પડાવી લે છે તે હું જોઉં છું. લે આ!'

આમ કહી, ડોસાએ થેલીમાંથી અચકાતાં અચકાતાં એક મહોર કાઢી દાઇને આપવા માંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાઇએ હાથ જોડી કહ્યું: 'ભલેને રહી આપની મહોર આપની પાસે! મકુલજી પાસે કબૂતર લાવવાના પૈસા છે!'

ડોસાએ કહ્યું: 'અરે હા! એની માની પાસે ઘણા પૈસા છે એ તો હું ભૂલી ગયો! ઠીક, તો જાઓ, કબૂતરના પૈસા તમે આપજો! લોકોની પાસે રાજનું લહેણું બહુ ચડી ગયું છે ખરું ને? એટલે અત્યારે મારા હાથમાં પૈસા નથી!'

આમ કહી ડોસો ફરી મહોરો ગણવા બેસી ગયો. દાઇ એક લાંબી સલામ કરી ત્યાંથી ચાલી ગઇ.

•

કિલ્લાની અગાશીના એક ખૂણામાં પથ્થરનો ઝરૂખો હતો. તેની નીચે વાંસના એક પાંજરામાં બે કબૂતર સવારના ખુશનુમા આકાશ સામે જોતાં ચૂપ થઇ બેસી રહ્યાં હતાં. હમણાં મંકુલ આવીને પાંજરું ઉઘાડી, તેમને આકાશના અજવાળામાં ઊડવા કાઢશે એના આનંદમાં તેમની સફેદ પાંખો ધીમો ફફડાટ કરતી હતી. એવામાં મહારાણીની સાથે દાઈ આવી; તેણે બંને કબૂતરોની પાંખોની નીચે કાગળની બે નાનકડી ચરખીઓ બાંધી દઇ; ફરી પાંજરું ધીમેથી બંધ કરી દીધું. પછી એ બંને ચાલી ગઇ.

હજી સૂરજનું અજવાળું ધરતી પર પડ્યું નહોતું. રાજકુમાર મકુલ નરમ ઓશિકા પર માથું રાખીને એક હાથ પૂરવની બારી તરફ લાંબો પ્રસારીને ઊંઘતો હતો. એની મૂઠીમાં એક કાગળ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણીએ આવી તેને ઊંઘમાંથી ઉઠાડી, ખોળામાં લઇ કહ્યું: 'હજી તું ઊંઘે છે? સવાર થઇ ગઈ! પછી તું ક્યારે કબૂતરને ગળે કાગળ બાંધીને, તારા ભાઇને પહોંચાડીશ?'

દાઇએ હાંફતાં હાંફતાં કહ્યું, 'મકુલજી, તમે કાગળ લખી રાખવાનું કહેતા હતા તે લખ્યો?'

મકુલે હાથની મૂઠી ઉઘાડીને પેલો ચોળાઈ ગયેલો કાગળ બતાવ્યો. દાઈએ કાગળને આમતેમ ફેરવી ફેરવીને જોયા પછી કહ્યું: 'ઠીક, જરા વાંચી સંભળાવો તો, કુમાર-સાહેબ! તમે કાગળમાં શું લખ્યું છે?'

મકુલને કાગળ વાંચતાં આવડતું હતું, તેથી તેણે ગંભીર બની વાંચવા માંડ્યું:

ભાઇ,

હું તમારો નાનો ભાઈ તમારા માટે ઝૂરું છું. એક વખત આવો. બહુ મજા પડશે. કબૂતરના કાગળનો જવાબ આપજો. એને બચ્ચાં થશે તો એક હું તમને આપીશ. હું બહુ મજામાં છું. એ જ.

તમારો નાનો ભાઈ,

મકુલ

તા. ક. મા અને દાઈ તમને બહુ યાદ કરે છે.

'કાગળ તો જોઇએ એવો છે,' એમ કહી દાઈ કાગળ લઈ બરાબર ગડી વાળીને બોલી: 'તો હવે ક્યા ભાઈને કાગળ મોકલવો છે, કહો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વખતે મકુલ મૂંઝવણમાં પડયો, મોટાભાઈ અને વચલા ભાઈમાંથી કોની પસંદગી કરવી તે તેને અઘરું લાગ્યું. બંને એને સરખા વહાલા હતા; બંનેને કાગળ મોકલવાનું એને મન હતું, પણ કાગળ માત્ર એક જ હતો. ચિંતાથી તેનું મોં સુકાઈ ગયું. પછી રાણીએ ધીરે ધીરે તેને ખોળામાં બેસાડીને કહ્યું: 'એક કામ કર! અડધો કાગળ મોટાભાઈને અને અડધો વચલા ભાઈને મોકલી આપ.'

બસ, તરત જ કાગળના બે ટુકડા કરી, એક ટુકડો મોટાભાઈને મોકલવા ને બીજો ટુકડો વચલા ભાઈને મોકલવા માટે તેણે દાઈના હાથમાં મૂકયો.

સફેદ પાંખોવાળાં બે કબૂતર કાગળના બે ટુકડા ગળે બાંધીને આકાશમાં ઊડયાં. તેમની પાંખોની નીચે રાણી અને દાઈએ બાંધેલા બે કાગળો સંતાડેલા રહ્યા. સોનેરી વાદળાંની ઉપર થઈને, આ ટપાલી પંખી ઊડયાં—સફેદ સઢમાં હવા લાગે તેવી રીતે સૂરજનું અજવાળું આકાશને લાલ રંગીને તેમની સફેદ પાંખોનાં પીંછાંમાં પડતું હતું! ચિતોડના કિલ્લામાં કેદી જેવા નિરાધાર મકુલ અને તેની માની ટપાલ, સવારના સોનેરી તડકામાં થઈને, બપોરના સખત તાપમાં થઈ ને, સાંજના ચિત્રવિચિત્ર અજવાળામાં થઈ ને, રાતના નીલઘેરા અંધારા આકાશમાં થઈને માંડુના કિલ્લામાં ચંડની પાસે પહોંચી. તરત જ ચંડ બધું દુઃખ, બધું અપમાન ભૂલી જઈને, ઘણા દિવસથી ખૂણે મૂકી રાખેલી તલવાર ફરી પાછી કમરે બાંધીને ઊભો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે ત્રણ દિવસથી એક પ્રચંડ વંટોળિયો આખા રાજસ્થાનમાં ફરી વળ્યો છે. વચમાં વચમાં ઘડી બે ઘડી સાંઝે સવારે સૂરજદેવ લાલ મોં કરીને દેખા દે છે. ચંડે જ્યારે ચિતોડ છોડયું ત્યારે ત્રણસો ભીલ તેની સાથે તીર-કામઠાં લઈને નીકળી ગયા હતા. આજે ચંડનો હુકમ મળતાં એ લોકો ફરી પાછા વાવંટોળ અને વરસાદમાં ચિતોડ પાછા આવતા હતા.

ચિતોડથી થોડે દૂર ગો–સુન્દ નામનું ગામ છે. પહાડની ઉપર એક મજબૂત કિલ્લો છે, અને કિલ્લાની ચારે તરફ નાનાં નાનાં ઘરો છે. પહાડની નીચે ઘીચ જંગલો છે. તેમાં ઘણાં નાનાં નાનાં ઝરણાં વહેતાં હતાં. એ જંગલમાં ચંડ પોતાનાં માણસોને લઈને છુપાઈ રહ્યો. ગોઠવણ એવી કરેલી હતી કે મહારાણીએ સુન્દેશ્વરીની પૂજા કરવા જવાને નામે મકુલજીને લઈ ને અહીં આવવું અને દિવાળીને દિવસે ચંડને મળવું.

આ તરફ ચંડના અનુચર ભીલોએ મેવાડનાં ગામેગામ વાત ફેલાવી દીધી હતી કે રણમલ્લે મકુલજીને મારી નાખ્યા છે. આ ભયાનક સમાચાર સાંભળી લોકોનાં ટોળે-ટોળાં ગામેગામથી, ખેતરેખેતરેથી, ગુસ્સામાં લાઠી, તલવાર, ને તીરકામઠાં લઈને, ચિતોડ તરફ હાલી નીકળ્યાં હતાં, ને બૂમો પાડતાં હતાં કે જો આ વાત સાચી હશે તો એ ફાંદવાળા મારવાડી રાજા રણમલ્લના કટકા કરી નાખીશું.

રણમલ્લ આ સાંભળીને ભયથી કાંપતો હતો. શું કરવું તેની તેને સમજ પડતી નહોતી. એવામાં એક દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાઈએ આવી એને કહ્યું: 'આપને ગુસ્સો ચડચો લાગે છે. એક વાત સાંભળીને અમે પણ ભયથી ફફડીએ છીએ: કહે છે કે લોકો એમના રાણા મકુલને જોવા લાઠી ભાલા લઈને આ તરફ આવે છે.'

રણમલ્લ આ સમાચાર કંઈ પહેલી વખત નહોતો સાંભળતો, તોયે તેણે દાઈને ધમકાવીને કહ્યું: 'જા, જા, મારવાડનો રાજા અને મેવાડનો રણીધણી એમ બેપાંચ લાઠીઓથી બી જવાનો છે? બીજા કંઈ સમાચાર હોય તો કહે!'

પછી દાઈએ ધીમેથી કહ્યું: 'માર માર કરતી સેના આવે છે. મેવાડના રાજપૂતોને તમે ઓળખતા નથી, જે કરવું હોય તે વેળાસર કરી લેજો!'

રણમલ્લ મનમાં બીતો હતો, પણ મોઢે હિંમત બતાવી બોલી ઊઠચો: 'શું કરવું!'

દાઈએ કહ્યું: 'મકુલજીને એક વખત ગામડે ગામડે શિકાર ખેલવા મોકલી દો! લોકો જુએ કે તેમનો રાણો મજામાં છે, ને સાજોસમો ફરેહરે છે, તો કંઈક ઠંડા પડશે, અને તમને નિરાંતે બેસવા દેશે.'

રણમલ્લે થોડીવાર વિચારમાં પડી જઈ કહ્યું: 'સલાહ ખોટી નથી, પણ મકુલ હથિયાર બાંધી ગામે ગામે શિકાર કરતો ફરે એ કેમ ચાલે? શિકારમાંથી લડાઇ થતાં કેટલી વાર? માટે બીજો કંઈ રસ્તો હોય તો કહે!'

'તો રાણીમાને અને મકુલજીને પાલખીમાં બેસાડી ગામે ગામે દેવદેવતાની પૂજા કરવા મોકલી દો—બધું એકનું એક છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સલાહ રણુમલ્લને ગમી. દાઇએ રાણીને અને મકુલજીને પાલખીમાં બેસાડી ચિતોડના કિલ્લામાંથી વિદાય કરી દીધાં. છૂટા પડતી વખતે મકુલે કહ્યું: 'દાઈ–મા! તું નથી આવતી?'

'ના, જી! વાઘ પકડવાની પેલી જાળ હજી પૂરી થઈ નથી. એ પૂરી થતાં હું તમારી પાસે આવી પહોંચીશ.' આમ કહી એ ચિતોડના કિલ્લામાં પાછી ફરી.

ગો–સુન્દ ગામમાં આજે દિવાળીની ભારે ધામધૂમ હતી, મહારાણી રાણાજીને લઇને કિલ્લામાં આવ્યાં છે, ને ભારે ધામધૂમપૂર્વક આજે સુન્દેશ્વરીની પૂજા થવાની છે. લોકોએ આજે ઘેરઘેર દીવા કર્યા છે. રસ્તે રસ્તે આજે દુકાનદારો દીવા, તોરણ, ચિત્રો ને આયનાઓથી દુકાનો શણગારીને બેઠા છે, ને જતાઆવતા લોકોની ઉપર ગુલાબ-જળની પિચકારીઓ છોડયા કરે છે. ગામના છોકરાઓ આજે રસ્તામાં દારૂની કોઠીઓ સળગાવી, દારૂખાનું ફોડી મકુલજીની સાથે આવેલા ઘોડેસવારોના ઘોડાઓને ભડકાવી મજા માણે છે. નાનાંમોટાં બધાં મળીને આજે ફટાકડા, ટોટા, ભીંતભડાકા, ફૂલકણીઓ, હવાઇઓ વગેરે ભાતભાતનું દારૂખાનું ફોડીને વાતાવરણમાં ખૂબ ધુમાડો ને ખૂબ આનંદ ભરી દે છે.

મકુલના આનંદનો આજે પાર નથી. એક સોનેરી સાજવાળા કાળા ઘોડા પર સવાર થઇને એ આખા ગામમાં દિવાળીની રોશની જોતો ફરે છે. અને રાણીમા કિલ્લાની અગાશીમાં એકલાં અંધારામાં ગુપચુપ ઊભાં છે. રાત વધતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે તેમ તેમની ભીતિ વધતી જાય છે કે ચંડ કેમ ન આવ્યો ? આજે આ દિવાળીની રાતે આ ગો–સુન્દ ગામમાં પોતાની ટુકડી લઈને તે આવવાનો હતો, છતાં હજુ એ કેમ દેખાયો નહિ ?

જોતજોતાંમાં ગામના દીવા હોલવાઈ ગયા, મકુલ પોતાના ઘોડા પર પાછો કિલ્લામાં આવ્યો. પરંતુ હજી ચંડના આવવાનાં કંઈ ચિહ્ન દેખાયાં નહિ. આજે રાતે જ પાછું ચિતોડ જવાનું હતું: વધારે વખત રોકાવાય એવું નહોતું.

રાણીએ અંધારા આકાશ ભણી જોઈને રડવા માંડ્યું. આંખોમાંથી દડદડ આંસુ વહેવા માંડયાં, ને એ આંસુમાં ચોળી ભીંજાવા માંડી.

આ તરફ સુન્દેશ્વરીના મંદિરમાંથી ટન, ટન કરતા રાતના દશના ટકોરા વાગ્યા. લોકો ચિતોડ પાછા જવા માટે પાલખીઓ લઈને આવી પહોંચ્યા. મકુલે જવા માટે રાણીને બોલાવવા માંડી, પણ રાણીના પગ ચોંટી ગયા હતા. તેની છાતીની અંદર જાણે ઘણના ઘા વાગતા હતા: એક, બે, ત્રણ, ચાર—રાતના દશના ટકોરા વાગીને રહી ગયા હતા, પણ તેના અવાજના પડઘા અંધારા આકાશ અને પવનમાં હજીયે સંભળાતા હતા. એવામાં પહાડની નીચે આવેલા જંગલમાંથી દશ હવાઈઓએ આગના બનેલા સાપની પેઠે ફુંફાડા મારી ફણા ઊંચી કરી, આકાશમાં ચઢી, ભક દઈને આખા આકાશને પ્રકાશનાં ફૂલથી ભરી દીધું. એના અજવાળામાં રાતનો દિવસ બની ગયો. ગામના લોકો આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાઈની આતશબાજી જોવા હો હો હો કરતા રસ્તાઓમાં ને છાપરાં પર આવી ભરાયા.

રાણીએ મકુલનો હાથ પકડી કહ્યું: 'વખત થયો છે, હવે મોડું કરવાનું નથી, ચાલ!'

મકુલની ઇચ્છા હજી થોડો વખત ત્યાં ઊભા રહીને આતશબાજી જોવાની હતી. પરંતુ રાણીએ તેને જોર કરી ખેંચીને પાલખીમાં બેસાડી દીધો. આકાશમાંની હવાઇ તેમનાં માથાં પર લાલ અજવાળાની પુષ્પવૃષ્ટિ કરી અંધારામાં ભળી ગઇ. ફરી પાછી આકાશમાં હવાઇ ચડવાની રાહ જોતો મકુલ પાલખીમાંથી મોં બહાર રાખીને બેઠો હતો, પરંતુ આકાશમાં ફરી રોશની થઇ નહિ.

મોડી રાત સુધી બહાર જોયા કરીને થાકવાથી મકુલ પાલખીમાં ઊંઘી ગયો: રાણીની પાલખી નિર્જન મેદાનમાં થઈને ધીમે ધીમે જતી હતી. જમીન ઉપર આઠ પાલખી ઊંચકનારાના પગના ધડધડ અવાજ સિવાય બીજો કોઈ અવાજ ક્યાંયથી સંભળાતો નહોતો. રાણી અંધારામાં મોં કાઢીને આંખો ખેંચી ખેંચી જોઇ રહી હતી. એક વખત એને દૂરદૂર કેટલાક ઘોડેસવારો દોડતા જતા હોય એવું લાગ્યું. એક વખત એણે રસ્તામાં કોઈને હાથમાં ભાલો લઈને ચુપચુપ ઊભેલો જોયો—પાલખી નજીક આવતાં એ આકાર અંધારામાં અદૃશ્ય થઈ ગયો! ગો–સુન્દ ગામમાં દશ વાગે આકાશમાં આતશબાજી જોઇને રાણી સમજી ગઈ હતી કે ચંડ આવી પહોંચ્યો છે; પણ હજી તેણે ચંડને આંખે દીઠો નહોતો. ચંડ ક્યાંક આટલામાં જ છે એવો માત્ર એને ભાસ થયા કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધરાત થઈ છે. પાલખી ચિતોડની નજીકમાં આવી પહોંચી છે. દૂરથી કિલ્લાની દીવાલ આકાશની ભોંય ઉપર કાળી કાળી દેખાય છે. પહાડ પર થઈને રાણીની પાલખી કિલ્લાના દરવાજા તરફ ચાલી, પણ હજી ચંડ દેખાયો નહિ. ઘોડાના ડાબલાનો અવાજ કે તલવારનો ખણખણાટ કંઈ જ સંભળાયું નહિ.

રાણીની છાતી જોરથી ધબકવા માંડી. તેની આંખો આગળ કિલ્લાના દરવાજાનાં મોટાં બારણાં ધીરે ધીરે ઊઘડ્યાં—જાણે કોઈ રાક્ષસે અંધારામાં મોં ફાડ્યું. પછી ધીરેધીરે રાણીની પાલખી કિલ્લામાં દાખલ થઇ. આ વખતે રાણીએ પાલખીમાંથી મોં કાઢીને પાછળ નજર કરી જોયું, તો એક ઘોડેસવારોની ટુકડી માથા પર ખુલ્લી તલવાર ધરીને, એની પાછળ પાછળ કિલ્લામાં પ્રવેશ કરતી હતી. તેમનો સરદાર એક મસ્ત કાળા ઘોડા પર બેઠેલો હતો. તેનો પોશાક માથાથી તે પગ સુધી કાળો હતો. એક પળમાં રાણીએ બધું જોઈ લીધું. ચંડને ઓળખતાં તેને વાર લાગી નહિ.

પછી તો 'મકુલજીનો જય હો! ચંડજીનો જય હો!' ની ગર્જનાથી આકાશ કંપી ઊઠ્યું. તરત જ આખા ચિતોડમાંથી નાનાં મોટાં બધાં હાથમાં ઉઘાડી તલવાર લઈને દોડી આવ્યાં, ને રાણીની પાલખીની આગળપાછળ વીંટાઈને રાજમહેલ તરફ ચાલ્યાં. જે બધા મારવાડીઓ અત્યારસુધી ફાંદ ફુલાવી રાજાગીરી કરતા હતા, તે બધા ચંડનું નામ સાંભળતાં, ઉંદરની પેઠે દરમાં છુપાઈ ગયા. રણમલ્લને ખબર આપવા જવાની પણ કોઈની હિંમત ચાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. અને ખબર આપવાથી પણ શો ફાયદો હતો? દિવાળીની રાતે સારી પેઠે ભાંગ પી, રણમલ્લ ખાટલામાં પડ્યો પડ્યો નસકોરાં બોલાવતો હતો. દાઈએ મોટું દોરડું લઈ ખાટલાની સાથે તેને મુશ્કેટાટ બાંધી દીધો હતો, અને તે અગાશીએ ચડીને ખેલ જોતી હતી. રણમલ્લના ભોજપુરી અને મારવાડી દરવાનો ઢાલતલવારથી સજ્જ હતા, પણ તાલપાંદડાના સિપાઈઓની પેઠે, હાથપગ પછાડતા હતા; લડાઈ આપવાની તેમની હિંમત નહોતી.

ચંડે તાળું તોડી મહેલમાં પ્રવેશ કર્યો. શોરબકોર સાંભળી રણમલ્લે જાગી ઊઠી જોયું તો એની ચારે તરફ ઉઘાડી તલવારો હતી, અને એના હાથપગ બંધાયેલા હતા. તેનામાં હિંમત પણ હતી, ને જોર પણ હતું. ગમે તેવો તોયે તે મારવાડનો રાજા હતો, અને તલવાર જોઈને તેનો ભાંગનો નશો ઊતરી ગયો હતો તે પીઠે બાંધેલા ખાટલા સાથે ઊભો થઈ ગયો, ને ચંડને બોલ્યો: 'મને છૂટો કર, પછી જો, કોણ જીતે છે ને કોણ હારે છે! તું વીર છે, રાજકુંવર છે; તો હું પણ એક દેશનો રાજા છું, અને તું આમ જાનવરની પેઠે બાંધીને મારે તે તને શોભતું નથી.'

ચંડ રણમલ્લને છૂટો કરવા માટે ઓરડામાં પેસતો હતો, એવામાં દાઈએ દોડી આવીને કહ્યું: 'ખબરદાર, એને એકલો બળી મરવા દો. ખસી જાઓ; નહિ તો બધા મરી જશો!'

ધડૂમ કરતો એક ભયાનક અવાજ થયો, ને ઓરડામાં રાખેલો દારૂ સળગી ઊઠ્યો. આખા ઓરડામાંથી ભડભડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્વાળાઓ નીકળવા માંડી. કોણ જાણે ક્યારે દાઇએ ઓરડામાં દારૂખાનું ભરી રાખ્યું હશે—ફટાકડાની પેઠે રણુમલ્લ બળી મૂઓ—'છોડ ! ઉઘાડ !'ની બૂમો પાડતો પાડતો ! જેને એ કેવળ રાજમહેલની દાસી સમજતો હતો, તેના હાથનો બાંધેલો દોરડાનો બંધ છેવટ સુધી નાગપાશની પેઠે એના શરીરને જકડી રહ્યો.

મેવાડ અને મારવાડ બંને દેશ કબજે કરવાની રણુમલ્લની મુરાદ અધૂરી રહી ગઈ. હવે તો એના મારવાડનું સિંહાસન પણ મેવાડના રાણાના હાથમાં ગયું. એનો દીકરો જોધરાવ બાપની ગાદી ખોઇ બેસીને, હવે બેપાંચ સાધારણ સિપાઇઓને લઈ રાજ્ય છોડી ભાગી ગયો—ઘણે દૂર લૂણી નદીની પેલી પાર !

*

મહાવીર હરવા શંકલ રાજર્ષિ,—લૂણી નદીની સામે પારના તમામ પ્રદેશમાં, પહાડ, નદી અને જંગલમાં એનું રાજ્ય હતું. તેનું નામ સાંભળીને સૌ માથું નમાવતું એવું એનું વીરત્વ હતું, એવી એની દયા હતી; એના હુકમને અમાન્ય કરે એવું રાજસ્થાનમાં કોઇ નહોતું. દુઃખમાં પડેલાને બચાવવો, દુઃખીનું દુઃખ ટાળવું, અનાથને આશરો આપવો, એ તેનું કામ હતું. એના બધા અનુચરો સંન્યાસી વીરો હતા; પણ ગાંજાખોર નહિ, ખરેખરા ઉપયોગી માણસો હતા. કોઈ કોઈની ઉપર ત્રાસ કરે, જુલમ કરે, તો તેનું આવી બન્યું. આ લોકોનું રહેઠાણ વનની અંદર, અને પહાડોની ગુફામાં હતું. ત્યાં રૂપિયાના ચરુ દાટેલા હતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો માગે તો એ રૂપિયા વડે તેઓ તેમનું દુઃખ ટાળતા. જમીનની નીચે મોટાં મોટાં ભોંયરાં હતાં. ત્યાં તેમનાં અસ્ત્રશસ્ત્ર સંતાડવામાં આવતાં. કોઈ દુઃખમાં આવી પડેલો તેમની પાસે જાય તો તેઓ એ હથિયારો વડે તેને મદદ કરતા. આવા મંડળનો રાજા હતો હરવા શંકલ.

લૂણી નદી તરીને પાર કરી જોધરાવે અડધી રાતે હરવા શંકલનો આશરો માગ્યો. જોધરાવ જાણતો હતો કે ચંડ ધારે તો પણ અહીં આવીને કશું કરી શકે તેમ નથી.

હરવા શંકલે માનપૂર્વક જોધરાવને બેસાડયો. તેનું ઘર નાનું હતું, અને રાજકુમાર જોધરાવની પાસે ઘણા સિપાઈઓ હતા. એટલે બધાને ઝાડ નીચે બેસવું પડયું. સંન્યાસી રાજા જરા વિચારમાં પડી ગયો કે આટલી રાતે આટલા બધા માણસોને શું ખવડાવવું—લાંબી વાટથી આવેલા એટલે એમને બધાને ભૂખ પણ સારી પેઠે લાગી હતી. હરવા શંકરે પોતાના માણસોને બોલાવી સૌને માટે ભોજનનો બંદોબસ્ત કરવાનું કહ્યું. પરંતુ એના ઘરમાં એક દાણોયે નહોતો, જે કંઇ હતું તે બધું તેણે એ દિવસે અતિથિઓને ખવડાવી દીધું હતું.

સંન્યાસી રાજાના સંન્યાસી ચેલાઓ બધા મુસીબતમાં આવી પડી એકબીજાનાં મોં સામે જોઈ રહ્યા. એવામાં રાજર્ષિએ કહ્યું: 'અતિથિઓને જમાડયા વિના નહિ ચાલે. ચાલો, જરા તપાસ કરીએ કે ઘરમાં શું છે!'

ઘરના એક ખૂણામાં સંન્યાસીઓનાં કપડાં રંગવા માટે મુંજ લતાનો એક મોટો ભારો હતો. રાજર્ષિએ એ બતાવીને કહ્યું: 'જાઓ, એ રાંધી લાવો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાંધનાર સંન્યાસી હતો. તેણે હસીને કહ્યું: ‘ પ્રભુ, આ વખતે અતિથિસેવા બહુ સારી કરવા ધારી છે! જે મોં આજે અહીં દેવનો પ્રસાદ આરોગશે તે કાલ સવારે દેશમાં જઈને કોઇની આગળ આપની અતિથિસેવાની નિંદા કરવા નહિ પામે. ઠીક થયું! ’

રાજર્ષિએ હસીને કહ્યું: ‘ આજે હું મારા હાથે રાંધું છું. તમને બધાયને હું એકસાથે જમાડીશ—સૌને મારું નોતરું છે—બધા ચેલાઓને બોલાવો! ’

ઝાડ નીચે ચૂલા નખાયા. રસોઇની તૈયારી થવા માંડી. રસોઈની ગંધથી આખું વન મઘમઘી ગયું, પણ રંધાતી ચીજ જોઈ હતી ત્યારથી ચેલાઓની ભૂખ ઊડી ગઈ હતી—એક મૂઠી છોલા સિવાય, સવારનું કોઇના પેટમાં કશું પડ્યું નહોતું તોપણ. પરંતુ, ગુરુનું નિમંત્રણ અમાન્ય કરવાની કોઈની તાકાત નહોતી. રસોઈ પૂરી થતાં, બધા અતિથિઓ માટે આસન નાખી શું થાય છે તે સૌ જોઇ રહ્યા. પહેલાં જોધરાવ અને તેના અતિથિઓને જાડા આટાની રોટી અને મુંજ લતાની પેલી ભાજી ખવડાવી, રાજર્ષિ બધા ચેલાઓને લઈને જમવા બેઠા. માત્ર પેલા રસોઇ કરનારા ચેલાને ઘણી બૂમો પાડવા છતાં કોઇ આણી શક્યું નહિ. તે મોઢે માથે કામળો ઓઢીને જંગલમાં ક્યાંક છુપાઈ ગયો હતો—તેનો કંઇ પત્તો જ લાગ્યો નહિ.

જમ્યા પછી બધા રાજર્ષિએ રાંધેલી તરકારીનાં મોંફાટ વખાણ કરતા કરતા પોતપોતાની જગ્યાએ સૂવા ગયા. મુંજ લતાની આવી સરસ રસોઇ થાય છે એવી કોઈને ખબર નહોતી. હવેથી રોજ આપણે મુંજ પકાવીને ખાશું એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા વાતો કરતા હતા, એવામાં પેલો રસોયો સંન્યાસી આવી પહોંચ્યો. સૌને મોઢે શાકનાં વખાણ સાંભળીને તેના પસ્તાવાનો હવે પાર નહોતો. તેના મનથી એમ કે આ રંગ બનાવવાનાં પાંદડાં ખાઈને બધા માથું પટકી મરી જશે, પરંતુ હવે તેણે જોયું તો બધા લહેરથી પેટ ભરી, નિરાંતે કામળો ઓઢી ઊંઘવા પડ્યા હતા—માત્ર શિયાળાની રાતે એ એકલો ભૂખે પેટે કાંપતો હતો !

શિયાળાની રાત ઘડીકમાં પૂરી થતી નથી. રસોયા સંન્યાસીએ જેમ તેમ દુઃખે કષ્ટે રાત પૂરી કરી. સવારમાં ઊઠીને એ હાથમાં કુહાડી લઇ, રસોઈ માટે લાકડાં કાપવા જતો હતો, એવામાં એક બુઢ્ઢા મારવાડી સિપાઈનો એને ભેટો થઈ ગયો. પહાડના ઝરણાના કાંઠે એ હાથમોં ધોતો હતો, એની દાઢી ને મૂછો લાલરંગનાં દેખાતાં હતાં. કાલે સાંજે જે દાઢી ધોળી હતી, તે આજે લાલ થઈ હતી. એ જોઇ રસોયો સંન્યાસી હસવું ખાળી શક્યો નહિ. હો હો હો કરી હસતો એ પોતાના સાથીદારોને આ મજેદાર સમાચાર આપવા દોડ્યો. પણ જઈને જુએ છે તો ગઈ રાતે જેટલા ધોળાં દાઢીમૂછવાળા હતા તેટલા બધા અત્યારે પોતપોતાની દાઢી પર હાથ ફેરવી રહ્યા હતા, અને એકબીજાનાં મોં સામું જોતા હતા—સૌની દાઢીમૂછે લાલ રંગની છાપ લાગી ગઇ હતી.

એટલામાં રાજર્ષિ બહાર આવ્યા. પરંતુ એમની ધોળી દાઢી એવી ને એવી ઝગારા મારતી હતી. મુંજનાં પાંદડાંનો આ રંગ લાગ્યો છે એવો કોઈને ખ્યાલ આવ્યો નહિ. સૌ વિચારમાં પડી ગયા કે દાઢી લાલ કેવી રીતે બની ગઈ. કોઈ અજ્ઞાત ભયને લીધે તેમનાં મોં સુકાઈ ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં રાજર્ષિએ સૌને અભય દઇ કહ્યું: 'ગભરાશો નહિ, બીશો નહિ! તમારો સુખનો સૂરજ ઊગવાને હવે બહુ વાર નથી; જોયું ને એ સુખનો લાલ ઉજાસ ક્યારનોયે તમારાં મોં ઉપર આવીને પડ્યો છે! હવે થોડા દિવસ અહીં આરામ કરો. તમારું રાજ્ય તમને પાછું મળે તેવો બંદોબસ્ત થઈ જશે.'

તે દિવસે રસોયા સંન્યાસીએ જંગલમાંથી મુંજનો એક ભારો લાવીને રાજર્ષિને કહ્યું: 'પ્રભુ, મને આજે જરા આ રાંધી દેવાની કૃપા કરો!'

રાજર્ષિએ હસીને કહ્યું: 'તારી કાળી દાઢી લાલ નહિ બને. પહેલાં દાઢી પાકવા દે, પછી એક દિવસ મુંજ શાકની છાપ લગાવી આપવામાં આવશે. આજે બીજું શાક લાવી અતિથિઓને જમાડવાનો બંદોબસ્ત કર!'

રસોયો સંન્યાસી ખાવામાં જેમ ઉસ્તાદ હતો, તેમ રાંધવામાં પણ એક્કો હતો. અને આખી દુનિયાની અજબ-ગજબ વાતો એની પાસે હતી. જોધરાવ અને તેના સાથી-દારોના બહુ આનંદમાં દિવસો જવા લાગ્યા. વનવાસ જેવું એમને કશું લાગતું જ નહોતું.

આ તરફ હરવા શંકલનો હુકમ ચંડની પાસે પહોંચ્યો. કે જોધરાવને મારવાડની ગાદી પાછી સોંપી કજિયાનો અંત આણી દો.

બસ, આગળ કોઈએ કંઈ બોલવાનું રહ્યું નહિ. ચંડના બે દીકરા મુંજજી અને કંઠજી મારવાડનું રાજ્ય ચલાવતા હતા. તેમના પર હુકમ ગયો કે હરવા શંકલ અથવા તેમનો કોઈ માણસ જોધરાવને લઈને આવે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત મારવાડની ગાદી તેને સોંપી દેવી. હરવા શંકલ દૂતને મોઢે આ સમાચાર સાંભળી પોતે જ જોધરાવને સાથે લઈને મેવાડ ગયો. ત્યાંથી ચંડને સાથે લઈને મારવાડ જવાનો તેનો વિચાર હતો.

બધા મેવાડ પહોંચ્યા. ત્યાંથી ચંડને સાથે લઈ જોધરાજની રાજધાની મંદોરગઢ તરફ ચાલ્યા. જોધરાવ હજી બાળક હતો. એક રાતે બધા મેદાનમાં તંબૂ નાખીને પડ્યા હતા, તેવામાં એક બુઢ્ઢા મારવાડીએ જોધરાવના કાન ભંભેર્યા: ' આપણે દેશમાં આવી ગયા છીએ, તો પછી હવે જરા હાથ બતાવીએ ! ચાલોને, આજે રાતોરાત કિલ્લો કબજે કરી લઈએ. પોતાની ગાદી બીજાની પાસેથી દાનમાં લેવા કરતાં, બાહુબળથી જીતી લેવામાં આપણું ભૂષણ છે ! '

જોધરાવને વાત ગમી ગઈ. ધીમેધીમે બધું મારવાડી સૈન્ય મંદોર તરફ રવાના થઇ ગયું.

ચંડ અને હરવા શંકલને આ વિષે કશી ખબર નહોતી. સવારે તંબૂમાંથી બહાર નીકળતાં તેમણે જોયું તો દૂરથી એક ઘોડેસવાર દોડતો આવતો હતો. એનું માથું ઉઘાડું હતું, અને કપડાં પર છાતી આગળ લોહીના ડાઘ હતા. સવાર દોડતો આવીને ચંડની પાસે ઊભો, ત્યારે ચંડ એને પોતાના પુત્ર તરીકે ઓળખી શક્યો. હરવા શંકલે એને ઘોડા પરથી ઉતારી ઘાસ ઉપર સુવાડી દીધો—તરત જ કંઠજીનો પ્રાણ ચાલી ગયો. કોણે તેને આવી રીતે માર્યો એ જોવા માટે સૌ ચારે તરફ નજર કરતા હતા, એવામાં જોધરાવે મારતે ઘોડે આવીને કહ્યું: ' પ્રભુ, મારો કંઇ અપરાધ થયો હોય તો માફ કરજો ! બાપનું રાજ્ય કોઈની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ભીખ માગીને દાનમાં લેવાનું મને ગમ્યું નહિ, તેથી બાહુબળથી લશ્કરના જોરે મેં એ જીતી લીધું છે. લડાઇ પૂરી થઇ ગઇ છે. ચંડજીના હાથે મારા પિતા પશુની પેઠે મરી ગયા છે; તેનું વેર, મેં એમના બંને દીકરાઓને યુદ્ધમાં વીરની પેઠે મારીને લીધું છે. એમાં મારો કંઇ દોષ થયો હોય તો મને સજા કરો !'

ચંડના મોંમાંથી એક શબ્દ નીકળ્યો નહિ. હરવા શંકલ થોડીવાર નીચું માથું કરી બેસી રહ્યા. પછી ધીરે ધીરે બોલ્યા: 'જોધરાવ, તેં ભૂલ કરી છે. ચંડનો કશો દોષ નહોતો. તું બાળક છે, એટલે હું તને કંઇ સજા કરતો નથી. પરંતુ, ફરી કદી મેવાડની સામે હથિયાર નહિ ઉપાડવાની પ્રતિજ્ઞા કર ! અને આ જમીન પર જ્યાં વીર કંઠજી પોઢી ગયો છે ત્યાં સુધીની હું મેવાડની હદ નક્કી કરું છું, એથી આગળની હદ તારા રાજ્યની !'

ચંડે આંસુભરી આંખે જોયું તો જ્યાં તેનો કંઠજી નિર્જીવ શરીરે પડ્યો હતો, તે જમીન બધી કુમળાં ફૂલથી છવાઇ ગયેલી હતી. સવારના તડકામાં એ ફૂલો સોનાનાં હોય એવાં લાગતાં હતાં.

તેણે હરવા શંકલની સામે જોઇ કહ્યું: 'આ ફૂલ શાંતિનાં ફૂલ બનો ! આ ફૂલ સુધી મેવાડનું રાજ્ય ! મારું કાર્ય હવે પૂરું થયું છે. પ્રભુ, મને હવે આપનો અનુચર બનાવી લૂણી નદી પરના આપના તપોવનમાં આશ્રય આપો !'

રાજર્ષિએ કહ્યું: 'તથાસ્તુ !'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણો કુંભ

રાણા મકુલના બે કાકા હતા—ચાચા અને મેર, બંને રાજકુંવર હતા, પણ તેમની માતા કઠિયારાની છોકરી હતી. તેથી રાજકુટુંબમાં તેમનું માન બહુ ઓછું હતું. મેવાડની ગાદી પર પણ તેમને બેસવા મળે એવું નહોતું, અને એવો પ્રયાસ પણ તેમણે કર્યો નહોતો. મકુલે તેમને પૂરતી જાગીર આપેલી હતી. મકુલે જો પોતાના આ બે કાકાઓને કેવળ રાજદરબાર શોભાવતા રાખ્યા હોત તો કંઈ વાંધો નહોતો, પણ તેણે તો એક દિવસ બંને કાકાઓને સાતસો સિપાઈઓના સરદાર બનાવી યુદ્ધમાં મોકલ્યા—મકુલરાણાને ગમત જોવાનું મન થયું હતું!

બંને કાકાઓનું ખાસ કામ આખો દિવસ અફીણ ખાઈને ઝોકાં ખાવાનું હતું. અચાનક સરદાર બનીને લડાઈમાં જવાનું થતાં એ લોકો કેવા ગભરાઈ જશે, ત્યાં અફીણ ક્યાંથી લાવશે? તમાકુ ક્યાંથી લાવશે? દૂધ, રબડી, ને મલાઇ તો ત્યાં જોવાયે નહિ મળે; ઊલટું ખુલ્લા મેદાનમાં ટાઢે ઠૂંઠવાવું પડશે!—માદેરિયાના ભીલો તોફાને ચડ્યા હતા, તેમને દબાવવા માટે મકુલે આ કાકાઓને મોકલી તમાસો જોવાનો વિચાર રાખ્યો હતો.

ઘણા દિવસ બહુ ગમતમાં ગયા. તમાસો તો તમાસો, પણ સાતસો સિપાઈઓના સરદારોને જ્યાં સુધી, પગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળતો હતો, ત્યાં સુધી ભત્રીજાને ખુશ રાખવામાં બંને કાકાઓને કંઇ વાંધો નહોતો. પરંતુ વખત જતાં ઠઠ્ઠામશ્કરી જરા વધારે કડક રૂપ ધારણ કરતી ગઇ. એટલે સુધી કે, અફીણી હોવા છતાં પણ, મશ્કરીની તીવ્રતા તરફ આંખો બંધ કરી રાખી ઝોકાં ખાવાનું બંને કાકાઓને માટે અશકય બની ગયું. પરંતુ ભત્રીજાની મહેરબાની વગર એ બિચારાઓનો પેટગુજારો ચાલે તેમ નહોતો. એથી એમના મનનો ગુસ્સો એમનાં મનમાં જ ભંડારાતો રહ્યો, અને કોઈ કોઇ વખત એ મોંમાંથી નીકળવા પણ માંડયો. આથી તો મકુલજીની ગમતપ્રિયતા ઘટવાને બદલે વધવા માંડી. લોકોની મશ્કરી કરવાની ટેવ જેવી લખારાણાને હતી, તેવી જ મકુલને પણ હતી.

એક દિવસ બંને કાકાઓએ તેને ચોખ્ખું મોં પર સંભળાવી દીધું: 'બાપના મશ્કરા સ્વભાવને લીધે તને આ ગાદી મળી છે; હવે તારા મશ્કરા સ્વભાવને લીધે તું એ કોક દિવસ ખોઇ ના બેસે એટલું સંભાળજે.'

કાકાના મનની વાત આમ ઉઘાડી પડી ગઇ, છતાં મકુલની આંખ ઊઘડી નહિ. કાકાઓને બનાવીને તેણે વધારે ને વધારે ગમત માણવા માંડી.

તે દિવસે વનમાં એક ઝાડ ઉપર રાતોરાત એટલાં બધાં લાલ ફૂલ ઊગી આવ્યાં હતાં કે એ જોઇને, વનમાં કોઈએ દવ લગાડયો હોય એવું લાગે ! મકુલે એ ઝાડ જોઈ બાજુમાં ઊભેલા એક માણસને તે ઝાડનું નામ પૂછ્યું. તેણે માથું હલાવી કહ્યું: 'ઝાડનાં નામ અમે ન જાણીએ, રાણા-સાહેબ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી મકુલે પોતાના બે કાકાઓની સામું જોઈને કહ્યું: 'તમને તો ઝાડનું નામ ખબર હશે, કાકા?'

સાવ સરળ પ્રશ્ન હતો. પરંતુ બંને કાકા સમજ્યા કે અમારી મા કઠિયારાની છોકરી હતી, તેથી ઝાડના નામની ખબર હોવી જોઈએ એવો રાણાના કહેવાનો મર્મ છે. મા ગમે તેવી હોય, પણ મા એટલે મા! માની મશ્કરી કોઈ સહન નહિ કરે!

તે જ દિવસે બંને કાકા મકુલની નોકરી છોડી દઈને સભામાંથી વીલે મોંએ જતા રહ્યા. રાણાનો આપેલો પોશાક, અસ્ત્રશસ્ત્ર, પૈસોટકો, નોકરચાકર, હાથીઘોડા, બધું પડ્યું રહ્યું. માત્ર એક માવગરની છોકરી, જેને અનાથ જાણી બંને ભાઈઓએ પોતાને ત્યાં રાખી હતી, અને ખૂબ લાડ-પાનથી ઉછેરી હતી, તેને સાથે લઈને, સિપાઈઓ અને સરદારો વગેરેની વચમાં થઈને, નીચું માથું કરી એ જતા રહ્યા.

બંને કાકાઓને પોતે કેવો અન્યાય કર્યો છે તેની હવે મકુલને સમજ પડી. માફી માગી બંને કાકાઓને પાછા બોલાવવા તેણે દૂત પર દૂત મોકલ્યા, પણ બેમાંથી કોઈ પાછો આવ્યો નહિ. મકુલને હવે આખો દિવસ પસ્તાવો થયો. બિચારો ભલો માણસ હતો, વગરકારણે બે કાકાઓનાં શુષ્ક મુખ જોવાં પડ્યાં, તેથી તેને બહુ દુઃખ થયું હતું—તે સાંજે એકલો વનમાં ફરવા ગયો. સરદારો બધા રાણાના મનની દશા સમજી ગયા હતા, તેથી તેની સાથે રહેવાની કોઈની હિંમત ચાલી નહિ. બધા તેનાથી છેટા ને છેટા રહ્યા. વનમાં ધીમે ધીમે અંધારું ગાઢ થવા માંડ્યું. આકાશ કાળું ઘોર થઈ ગયું હતું. ચારે તરફ બળવાખોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીલોની વસ્તી હતી. એવે વખતે વનમાં રાણાને એકલો રહેવા દેવો ઠીક નથી, એમ સમજી બધા સરદારો વનમાં આગળ વધ્યા. એવામાં વનનાં સૂકાં પાંદડાં પર થઈને અંધારામાં કોઇ નાસભાગ ફરતું હોય એવું એમને લાગ્યું.

થોડીવારમાં સરદારોએ જોયું તો પેલા રુધિરના જેવા લાલ ફૂલઝાડની નીચે રાણો મકુલ પડયો હતો. છાતીમાં બે બાજુ બે ભાલાના જખમમાંથી રુધિર વહી રહ્યું હતું.

રાણો સંધ્યાનો જાપ કરતો હતો. હજી તેના જમણા હાથમાં એ માળા હતી!

રાણા જેવો રાણો હતો મકુલ! આખા મેવાડમાં હાહાકાર વરતાઇ ગયો! બધા કહેવા લાગ્યા કે આ કામ પેલા બે કાકાઓનું જ છે! માદેરિયાના વનમાં કોઈ બળવાખોર આવીને રાણાને મારી જાય એ વાત બધાને અસંભવિત લાગતી હતી.

પાયીગામથી થોડે દૂર પહાડ ઉપર રાતકોટનો કિલ્લો હતો. ગામપરગામ ફરતાફરતા ચાચા અને મેર, મહાકષ્ટે ત્યાં આવી પહોંચ્યા.

આ તરફ મકુલનો પુત્ર રાણો કુંભ બાપને શોભાવે તેવો હતો. તેને મારવાડનો જોધરાવ આવી મળ્યો હતો. ગામેગામ અને જિલ્લે જિલ્લે તેમનાં માણસો ચાચા અને મેરને પકડવા ફરતાં હતાં. પાયીગામ ચિતોડથી બહુ દૂર હતું. થોડાંક ઘર સુતાર કુંભારનાં હતાં, થોડાં ખેડૂતો જમીનદારનાં હતાં. મોટો ભાગ ગરીબ વસતી હતી. ચાચા અને મેર ત્યાં આવીને ભાંગેલો કોટ કબજે કરી, મોજમજા ઉડાવવા લાગ્યા, તેથી પહેલાં તો આ લોકો બહુ રાજી થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં તો વારતહેવારે એમને સહુને કિલ્લામાં જમવાનું નોતરું મળતું, ને આવવાજવાનું પણ થતું. પણ પછી જેમ પૈસાની તાણ પડવા માંડી, તેમ ચાચા અને મેરે હાથ પાછો ખેંચવા માંડ્યો. છેવટે એવો દિવસ આવી ગયો કે ચાચા અને મેરનું કોઈ નામ પણ દેતું નહિ. ફરી પહાડ પરના ભાંગેલા કિલ્લામાં રહેનારાઓ વિષે કંઇ કંઇ વાતો ચાલવા માંડી. કોઇ કહેતું: 'એ લોકોની પાસે અઢળક ધન છે. એમણે એ બધું ધન કિલ્લાની અંદર દાટી રાખ્યું છે. રોજ મધરાતે પહાડની ઉપર કોઈ દીવો લઈને ચડે છે, અમે અમારી સગી આંખે એ જોયું છે.' કોઇ કહે: 'એ કિલ્લામાં એક ભોંયરું છે. એ ભોંયરા વાટે એ બંને સરદારો દિલ્લી જાઆવ કરે છે. નવાબ પણ કોઇ કોઈ વખત કિલ્લામાં આવે છે, નાચતમાશો જુએ છે, ને ખાઇપી મોજ ઉડાવે છે. મારો ભાઇ એક દિવસ માલ વેચીને પાછો આવતો હતો, ત્યારે એણે કોઇ બાઇને કિલ્લામાં સારંગી વગાડતી ને ગાતી કાનોકાન સાંભળી હતી.' કોઈ લુહાર કોક વખત કિલ્લાનાં બારણાંનો કાટ ચડેલો આગળો મરામત કરવા ગયો હશે. તે લોકોમાં વાતો કરતો હતો, 'મેં મારી સગી આંખે એ બે ડોસાઓને, ચૂલા પર ધગધગતી લોઢાની કઢાઇમાં મૂઠીએ મૂઠીએ લોઢાનો ભંગાર નાખતા જોયા છે. લોઢું કઢાઇમાં પડતાં વેંત સોનું બનીને પાછું જમીન પર પડતું હતું! આખીયે કઢાઈ માણસના લોહીથી ભરેલી હતી, અને બે કાળા વાઘ એ કઢાઇની ચારે તરફ જમીન સૂંઘતા સૂંઘતા ચોકીપહેરો ભરતા હતા!'

આમ રાતકોટનો કિલ્લો ધીમે ધીમે કંઈ કંઈ અજબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયાનક બનાવો અને ભય તથા ત્રાસની જગા તરીકે જાણીતો થઈ ગયો. લોકોએ ભયના માર્યા એ તરફની અવરજવર જ બંધ કરી દીધી હતી. ખરે બપોરે એમને ત્યાં વાઘની ગર્જનાઓ સંભળાતી, અને સમી સાંજે કોઇ ઘોડાની પીઠ પર રૂપિયાના થેલા ને થેલા લાદીને જતું હોય એવું દેખાતું—રૂપિયાનો ખણિંગ ખણિંગ અવાજ સુદ્ધાં એમને સંભળાતો!

બંને સરદારો મહિને બે મહિને એકાદ વખત બજાર-માં ઊતરી આવતા, અને લૂગડાંલતાં, અનાજ વગેરે એક ખોડા ઘોડાની પીઠે લાદીને પાછા પહાડ પરના કિલ્લામાં ભરાઈ જતા. પરંતુ એ બનાવ અઠવાડિયા લગી આખા ગામમાં ઘેર ઘેર ચર્ચાતો, કંઇ કંઈ વાતો ચાલતી—'એ...ઈ! મોદીને રૂપિયાના આટાની એક મહોર મળી! દશ શેર ઘીની વળી કિંમત કેટલી? ઘી વેચ્યાના બીજા જ દિવસે ભરવાડની બૈરીના ગળામાં એકદમ રૂપાની હાંસડી ક્યાંથી આવી? અને પેલા વાણિયાની દુકાનેથી આ બે ડોસાજીઓ આટલી બધી સાડીઓ શું કરવા ખરીદે છે તે વાત કોઇથી છાની નથી, છતાં બહાર આવતી નથી, એમાં એ વાણિયાની જ ચાલાકી છે!'

એક તરફ ગામમાં ઘેરઘેર આવી વાતો ચાલે છે, અને બીજી તરફ કિલ્લામાં બે ભાઈઓ પેલી અનાથ બાળાની ઉપર પોતાનો બધો સ્નેહ ઠાલવીને તેનું લાલનપાલન કરી રહ્યા છે. છોકરી એમને જીવ કરતાં વહાલી છે. એ ભાંગેલા કિલ્લાની હવા એ છોકરીના હાસ્યથી, એના કૂંણા કંઠની મીઠી વાણીથી, બપૈયાના જેવા તેના મીઠા સંગીતથી, રાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને દિવસ ભરાઈ જાય છે. એના હાથે વાવેલી ફૂલની લતા ભાંગેલી દીવાલ પર ચડી ગઈ છે, અને સાંજસવાર ફૂલથી લચી પડે છે, અને રાજાની બીકથી દેશવટો ભોગવતા આ બે ડોસાઓની ખાતર વાતાવરણને ગંધથી ભરી દે છે.

કિલ્લામાં માત્ર આ ત્રણ જીવ છે. ચોથો જીવ છે એક રાની કૂતરો—દેખાવે વાઘ જેવો છે. એ કૂતરો જ ચાકર, દરવાન, સંત્રી, ચોકીદાર, જે કહો તે છે. અજાણ્યા માણસને તે કિલ્લામાં પગ મૂકવા જ ન દે! શ્વેત ગરુડ જેવી રીતે પહાડના શિખર પર માળો બાંધીને બચ્ચાને લઈને રહે, તેવી રીતે, ધોળાં પળિયાંવાળા આ બે ડોસા આ અગમ્ય જગાએ લાડવાઈ છોકરીને લઈને રહેતા હતા.

આમ ઘણા દિવસો વહી ગયા. એવામાં એક દિવસ પાયોગાસના જમાદારની રૂપવતી દીકરી ગુમ થઈ. નદીમાં ડૂબીને મરી ગઈ કે પછી એને વાઘ લઈ ગયો, તેની કંઈ સમજ પડી નહિ. પરંતુ બધાએ નક્કી કર્યું કે પેલા બે બુઢ્ઢાઓ જ, એ છોકરી રૂપાળી હોવાથી, એને ઉપાડી ગયા છે. છોકરીનો બાપ, ગાંડા જેવો થઈને, કામકાજ છોડીને રાત ને દિવસ, રાતકોટના કિલ્લાની આગળપાછળ ભમવા લાગ્યો. તેને પક્કી ખાતરી હતી કે એની સુન્દરિયા આ કિલ્લામાં જ છે. કારણકે એ દિવસ સવારે સચમૂચ એણે એક છોકરીને ખુલ્લે માથે પહાડની પગદંડી પર ફરતી જોઇ હતી—બહુ દૂરથી જોઈ હતી, છતાં એ પોતાની જ દીકરી છે એ વિષે એને કંઈ જ શંકા રહી નહોતી.

જમાદારને સૌને સલાહ આપી: ‘જાઓ, રાણા કુંભની પાસે દાદ માગો! તમારી દીકરી એવા ભયંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસોના હાથમાં પડી છે કે રાણા કુંભ સિવાય બીજું કોઇ એને છોડાવી શકવાનું નથી!'

બુઢ્ઢા જમાદારે કટાઈ ગયેલી તલવાર કમરે બાંધી, અને પોતાના કરતાંયે વધારે ઘરડા ઘોડાની પીઠ પર સવાર થઈને ચાલી નીકળ્યો. એકલો ચિતોડની વાટે એ ચાલી નીકળ્યો.

રાતકોટથી ચિતોડ કેટલે દિવસે પહોંચાય છે તેની કંઇ ખબર નહોતી. પણ જમાદાર ચાલ્યો જતો હતો દીકરીના શોકમાં ગાંડા જેવો બનીને એ ચાલ્યો જતો-હતો, અને વળી વળીને રાતકોટના કિલ્લા ભણી નજર કરી, તલવાર ખખડાવતો હતો ને ગાળો દેતો હતો! એવામાં એને રસ્તામાં ત્રણ ઘોડેસવારોનો ભેટો થયો.

વાતવાતમાં જમાદારને મોઢે છોકરીની ચોરીની વાત સાંભળી ત્રણે જણે કહ્યું: 'ચાલો, જમાદારસાહેબ, આટલા સારુ તમારે છેક રાણાની પાસે જવાની જરૂર નથી. અમે એ બંને ડોસલાને રફાદફા કરી નાખી તમારી છોકરીને છોડાવી લાવીશું. ચાલો!'

આ સાંભળી જમાદારે માથું ધુણાવી કહ્યું: 'તમે એ ડોસાઓને ઓળખતા નથી, એટલે આવું બોલો છો! જ્યાં દિવસે પણ કોઈ ઢૂંકે નહિ, તેવા અઘોર સ્થળે તેઓ રહે છે! એ કિલ્લો જીતી શકે એવો માત્ર એક જ માણસ છે— રાણો કુંભ! ઊભો પહાડ ચડીને ત્યાં જવાનું છે,— રસ્તોબસ્તો કંઈ નથી! બધે જંગલ છે. દિવસે પણ વાઘના હાકોટા સંભળાય છે. કોઇ ત્યાં જઈ શકતું નથી, અને જાય તો પાછું આવતું નથી. એવા ભયાનક પહાડને માથે આ રાતકોટનો કિલ્લો છે! અને એની અંદર રાક્ષસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં પણ ભયાનક આ બે ડોસા રહે છે!'

આમ કહી જમાદાર છોકરીને યાદ કરી ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગ્યો.

ત્રણ સિપાઈ એમાં જે સૌથી નાનો હતો તેણે જવાબ દીધો: 'બીશો નહિ! અમે ત્યાં પહોંચી જશું. ચાલો અમારી સાથે!'

તરુણ સિપાઈનું બોલવું સાંભળી જમાદારે જરા ચિડાઈને કહ્યું: 'મારી વાત તમે માનતા નથી, કેમ? હું કહું છું, ત્યાં જવાનો રસ્તો જ નથી!'

તરુણ સિપાઇ બીજો કોઇ નહિ, રાણો કુંભ પોતે હતો. ચાચા અને મેરને શોધી કાઢી, સજા કરવા માટે તે નીકળ્યો હતો.

જમાદારનું બોલવું સાંભળી તેણે હસીને કહ્યું: 'કોઇ કિલ્લા પર ચડી શકતું નથી, તો એ બે ડોસા તમારી દીકરીને લઈને ત્યાં ગયા કેવી રીતે? માટે રસ્તો છે એ વાત નક્કી!'

જમાદારે ફરી ચિડાઈને કહ્યું: 'અરે છોકરા, રસ્તો હોય તો ત્યાં જવાનું મેલી હું અહીં જાઉં ખરો? જાતે જઇને એ બે હરામખોરોનાં માથાં વાઢી નાખી, મારી દીકરીને—'

બોલતાં બોલતાં તે ફરી રડવા લાગ્યો. ત્રણ સિપાઇ તેને આશ્વાસન આપી પાયીગામ લઈ આવ્યા.

સાધારણ સૈનિકના વેશમાં જમાદારની સાથે જ્યારે રાણો કુંભ ગામમાં આવ્યો, ત્યારે સાંજ પડી ગઈ હતી. આકાશમાં કાળાં વાદળાં જમા થઇને, વાવંટોળની તૈયારી કરી રહ્યાં હતાં.

ગામમાં આવતાં રાણાને ખબર મળ્યા કે કિલ્લાની ઉપર જે બે ડોસા રહે છે તે તેના બાપના કાકા—ચાચા અને મેર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુસ્સાથી લાલ થઇ જઇને રાણો કુંભ બોલી ઊઠયોઃ ‘ચાલો, હમણાં ને હમણાં ચાલો! એ બે પાપી દુષ્ટોને યોગ્ય સજા કર્યા વગર હું જંપીને બેસવાને નથી.’

આમ કહી રાણાએ કિલ્લા તરફ ઘોડો દોડાવી મૂક્યો. એ જોઈ એની સાથેના બે સિપાઇઓ પણ તેની પાછળ ચાલ્યા. જમાદાર ઘડીભર અંધારામાં મોં ફાડીને એમની સામે જોઇ રહ્યો, અને ‘પાગલ! પાગલ!’ કહી માથું ધુણાવતો ધુણાવતો બારણું બંધ કરી ઘરમાં ભરાઈ ગયો.

સૂસૂ કરતો વાયરો વાવા લાગ્યો, અને તેની સાથે વરસાદ તૂટી પડયો. ઘડીએ ઘડીએ વીજળીના ચમકારા થતા હતા, અને તેના અજવાળામાં પહાડ ઉપર રાતકોટનો કિલ્લો દેખાતો હતો—જાણે કાળા અંધકારનું મોજું આકાશમાં સ્થિર થઈ ગયું હતું! ભીની જમીન પર ત્રણ ઘોડાના ડાબલાનો છબછબ અવાજ થતો હતો.

રાણાએ કહ્યું: ‘ઘોડા અહીં છોડી, ચાલતા જઇએ!’

વનમાં ઘોડા બાંધી ત્રણે સૈનિકોએ પહાડ પર ચડવા માંડયું.

આ તરફ, પહાડ ઉપર ભાંગેલા કિલ્લામાં એ ડોસા અને તેમની પેલી પોષિત કન્યા, ગાઢ અંધારામાં, કોડિયાના અતિ ઝાંખા અજવાળે બેઠાંબેઠાં વાતો કરતાં હતાં; અને કિલ્લાના દરવાજામાં સિંહના જેવા વાળવાળો ભીષણ શિકારી કૂતરો હિંગુલિયા, ભાંગેલા દરવાજાના ઉમરામાં બે વિશાળ પંજા મૂકીને, મોં આગળ કરી, કાન ખડા કરી, રસ્તા ભણી જોઈ રહ્યો હતો કે કોઈ આવે છે કે નહિ!

રાતે ખીલેલા એક વનફૂલની ગંધ ભીની હવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિકારી કૂતરાની પાસે ખેંચાઈ આવી. તે પછી કોઇના પગ નીચે ચંપાતાં વનનાં ઝાંખરાંનો અવાજ તેને સંભળાયો. એકદમ શરીર ખંખેરી નાખી, કૂતરો ઊભો થઇ ગયો, ને ધીરે ધીરે બહાર નીકળ્યો—વનના મારગે ! વનમાં ભીના પહાડમાંથી ઊની વરાળ નીકળતી હતી. અંધારામાં બેચાર આગિયાતાગિયા દીવો સળગાવીને જાણે કંઈક શોધતા હોય એવું લાગતું હતું. કૂતરો પહાડની પગદંડી આગળ જઈને ઊભો રહ્યો. રાતની વેળાએ, કોઈ અજાણ્યાં પગલાંનો અવાજ સાંભળી, શિકારી કૂતરાની આંખો અંગારાની પેઠે ભભૂકતી હતી.

કૂતરો સાવચેત થઈને બેઠો હતો. પરંતુ પહાડ ઉપર ચડનારાયે ઓછા સાવચેત નહોતા—તે પાકા શિકારી હતા, પાકા યોદ્ધા હતા. એક રાણો કુંભ હતો, બીજો એનો ચારણ હતો, ને ત્રીજો મારવાડનો જોધરાવ હતો. ઝાડવાંની પાછળ તગતગતી જનાવરની આંખોને આગિયાતાગિયાનું અજવાળું સમજી બેસવાની તેમણે ભૂલ કરી નહિ. રાણાના હાથમાંથી કટારી છૂટી. અને હિંગુલિયાનો વફાદાર જીવ વીંધાઈ ગયો ! શિકારીની કટારી વડે કિલ્લાનો એકનો એક રક્ષક, બે ડોસા અને એક કુમળી બાલિકાનો એકનો એક મિત્ર અને વપતવેળાનો બેલી—સિંહના જેવો એ હિંગુલિયા—મરાયો. મરતાંમરતાં એણે દુઃખની ચીસ પાડી. મરતાં મરતાં જાણે તે કહી ગયો—સાવધાન !

વાવંટોળમાં એ છેલ્લી ચીસ પાડીને કૂતરો ઢળી પડ્યો.

રાણાને મનમાં એવો ગર્વ થયો કે કિલ્લામાં પેસતાં જ મેં એક જબરા સિંહનો શિકાર કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના સાથીદારોએ કહ્યું: 'રાણાજી, શુકન બહુ સારાં થાય છે!'

પરંતુ જ્યારે એ મરતા પ્રાણીની ચીસ અંધારું વીંધીને પહાડ પર ને કિલ્લા પર બધે ફરી વળી, ત્યારે સૌનાં મોં ફિક્કાં પડી ગયાં. જોયું તો કૂતરો મરેલો પડયો હતો.

ફરી ત્રણે જણે ધીરે ધીરે આગળ ચાલવા માંડયું. પણ હવે કોઈના મનમાં પહેલાંના જેવો ઉત્સાહ રહ્યો નહોતો.

આ તરફ પેલા અંધારા ઓરડાનો ઝાંખો દીવો હોલવાઉં હોલવાઉં કરતો હતો; અને તેની આસપાસ ત્રણ જીવ બેઠા હતા. વૃદ્ધ ચાચા વાત કરતો હતો. તેનો નાનો ભાઇ પણ બુઢ્ઢો હતો ને ફાટેલી ગોદડી પર બેઠો બેઠો ઝોકાં ખાતો હતો—તે અને છોકરી એકચિત્તે સાંભળતાં હતાં:

'અમે બંને ભાઈ તે વખતે બહુ નાના હતા. હું ચાલતાં શીખ્યો હતો, અને એ હજી માના ખોળામાં જ લપાઈ રહેતો હતો. એને તેડીને તથા મારો હાથ પકડીને માએ ચાલવા માંડયું. ગામમાં બધા કહેવા લાગ્યા કે તું કઠિયારાની છોકરી કહેવાય. રાણા ક્ષેતસિંહને તો તારી સાથે લગન કર્યાનું યાદ પણ નહિ હોય! શું કરવા ચિતોડ જાય છે? પણ માએ માન્યું નહિ. પછી અમે ઘર છોડી બહાર નીકળ્યાં. અમારું એ નાનકડું ઘર છોડતાં, હરિયાળા મેદાન આગળ ઊભેલા પેલા ઊંચા આંબલીના ઝાડ તરફ નજર કરતાં મને મનમાં કંઈ કંઈ થઈ ગયું. હું ચાલતાં ચાલતાં ઘડીએ ઘડીએ પાછું વળીને એ ઘર તરફ જોતો હતો. પણ માએ કદી પાછું વળીને જોયું નહિ. એણે તો કેવળ ક્ષિતિજ તરફ નજર માંડીને ચાલવા માંડયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત પડે, રસ્તામાં અથવા તો ઝાડની નીચે, કે પછી ખુલ્લા મેદાનમાં મા અમને લઈને પડી રહેતી. બપોરે કોઇ ગામમાં આવી પહોંચીએ તો ત્યાં જે મળે તે ખાઇ લેતાં. કોઈ દિવસ કશુંયે ખાવાનું મળતું નહિ! આવી રીતે અમારી મા અમને લઇને જતી હતી; એ કઠિયારાની દીકરી હતી, પણ ચિતોડના રાણાની રાણી હતી! કેટલા દિવસો આમ રસ્તામાં વિતાવ્યા તેની ખબર નથી. આખું ચોમાસું પૂરું થઈ ગયું. ભીંજાતા ભીંજાતા પણ અમે ચાલ ચાલ કર્યું હતું! પછી શિયાળો આવ્યો. ખુલ્લા મેદાનમાં અમે પડી રહેતાં. રાતે સૂસૂ કરતો વાયરો વાતો, ત્યારે જાણે શરીર પર કોઇએ બરફ ઢાળી દીધો હોય એવું લાગતું. ફાટેલા કામળામાં અમને લપેટી રાખી, મા આખી રાત જાગતી પડી રહેતી ને રડ્યા કરતી. અમારી એ દુ:ખિયારી મા હતી—ચિતોડના રાણાની રાણી હતી! હું કોઇ કોઈ વખત કહેતો: "મા, ઘેર ચાલ!" ત્યારે મા કહેતી: "હવે થોડુંક ચાલીશું એટલે ઘર આવશે!" હું સામે આંખો ખેંચી ખેંચીને જોતો, પણ દૂર દૂર કેવળ એક ધુમ્મસઢૂંક્યા પહાડના આસમાની મોજા જેવું દેખાતું! મા એ તરફ નજર માંડીને ચાલતી હતી, અને કોઇકોઇ વાર તો એની આંખોમાંથી દડદડ આંસુ પણ નીકળી પડતાં હતાં! આમ કેટલા દિવસો ગયા, અમે કેટલું ચાલચાલ કર્યું. એવામાં એક દિવસ આકાશમાં આજની પેઠે વાદળાં ચડ્યાં, જોરથી પવન ફૂંકાવા માંડ્યો, વીજળી ચમકવા માંડી. વાદળાંનો પડછાયો પડવાથી પેલો સામે દેખાતો પહાડ તે દિવસે કાળો ઘોર બનીને જાણે ખૂબ પાસે આવી ગયો હોય એવું લાગતું હતું. મારી મા થાકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાથી રસ્તામાં ઊંઘતી હતી. મેં તેને જગાડીને કહ્યું: "મા, જો તો ખરી, પહાડની ઉપર કેટલાં બધાં ઘર છે!"

માએ આંખો ઉઘાડી, જોઈને કહ્યું: "એ મારું ઘર છે!" પછી હળવે રહીને મને છાતી સરસો ખેંચી, એક સોનાનો હાર મારી ડોકમાં નાખી એ બોલી: "રાણાને આ દેખાડજે, તેઓ તમને ઘરમાં બોલાવી લેશે!"

વાત કરતાં કરતાં વૃદ્ધ ચાચાની આંખોમાં પાણી ભરાઇ આવ્યાં. છોકરીએ કહ્યું: 'પછી? પછી શું થયું?'

કોઇ કંઈ બોલ્યું નહિ.

બહુ વાર પછી ચાચાએ જવાબ દીધો: 'પછી વળી શું? રાજાના રાજાએ મારી દુખિયારી માને બોલાવી લીધી—પોતાના દરબારમાં!'

'અને તમે બે ભાઇ?' છોકરીએ પૂછ્યું.

ચાચાએ ધીમેથી કહ્યું: 'અમે રાણાને મળવા ગયા. ત્યાં બંને ભાઈઓએ સુખેદુઃખે એકલા ઘણો વખત કાઢયો. મહેલ એવડો મોટો, પણ મા ક્યાં? એક ખૂણે બંને એકલા પડી રહીએ, ને માને યાદ કરી કરી રડીએ—'

છોકરીએ બહુ ચિંતાતુર બની પૂછ્યું: 'રાજાના ઘરમાં મા ન મળી?'

ચાચાએ માથું હલાવી કહ્યું: 'ના; મા ક્યાં ગઈ તેની અમને કેમ ખબર પડે? ઘણા દિવસ પછી, અમે બંને ભાઇઓ ઘરડા થયા, સાથે પળિયાં આવ્યાં; ત્યારે એક દિવસ સવારે અમે રાજદરબારમાં જવા નીકળ્યા હતા. તેવામાં અમારી માને અમે નાની બાળકીરૂપે, રસ્તા પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકલી ઊભેલી અને ઘેર જવા માટે રડતી જોઈ. ઘણા વખતથી ખોયેલી મા એકાએક હાથ લાગવાથી, અમે એને ખોળામાં ઘાલી, ઘોડા દોડાવતા આ પહાડ પર આવી ગયા.'

છોકરીએ પૂછ્યું: 'રાણા એની કઠિયારણ રાણીને પડાવી લેવા ન આવ્યો ?'

ચાચા અને મેર બંને સાથે બોલી ઊઠચા: 'પત્તો લાગે તો ને ? અમે એવી જગાએ માને છુપાવી રાખી છે કે રાણાની દેન નથી કે ત્યાંથી માને શોધી કાઢે !'

વાત સાંભળતાં સાંભળતાં છોકરીની આંખો ઘેરાવા માંડી હતી. તેણે ચાચાના ખોળામાં માથું નાખી કહ્યું: 'મને કોક દિવસ તમારી મા દેખાડશો ?'

ચાચાએ ધીરે ધીરે છોકરીના માથા પર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું: 'તું જરા મોટી થા, પછી એ એકાંત ઓરડામાં જ્યાં મા કોડિયાનો દીવો કરીને એકલી બેસી રહી છે ત્યાં આપણે બધાંયે જતાં રહીશું.'

છોકરીએ ઊંઘના ઘેનમાં બારણાં તરફ જોઈને કહ્યું: 'હિંગુલિયા !'

ચાચાના ભાઈએ અફીણના ઘેનમાં માથું હલાવી કહ્યું: 'હા, હા, એને પણ સાથે લઈ જશું.'

વાત કરનાર ને વાત સાંભળનાર બધાંયે ધીમે ધીમે ઊંઘી ગયાં. જાગતો રહ્યો એક માત્ર કોડિયાનો દીવો— અંધારામાં, કસોટીપાષાણ પર સોનેરી રંગ જેવો !

વાવટોળ ક્યારે બંધ થઈ ગયો, અને ક્યારે રાણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંભ હાથમાં નાગી તલવાર લઈ ઘરમાં દાખલ થયો તેની ખબર પડી નહિ. અચાનક વાદળાંની ગાજવીજ સાથે કડકડ કરતી વીજળી તૂટી પડી. ત્રણે જણે ચમકી ઊઠીને જોયું તો ત્રણ નાગી તલવારો તેમનાં માથાં પર તોળાઈ રહી હતી!

રાણા કુંભે બૂમ પાડી: 'ઊઠો!'

બંને વૃદ્ધ ઊઠીને ઊભા થયા—છોકરીનો હાથ પકડીને.

કુંભે ગંભીર બની કહ્યું: 'તમે રાણાજીનું ખૂન કર્યું છે, અને રાજપૂતની છોકરીને ઉઠાવી નાસી ગયા છો—તેની સજા ખમવા તૈયાર થાઓ!'

ચાચાએ નવાઈ પામી કહ્યું: 'રાણાનું?'

મેરે બીતાં બીતાં કહ્યું: 'મકુલજીનું?'

કુંભે કહ્યું: 'હા, અને આ એ ખૂનની સજા!'

એકસાથે બંને વૃદ્ધોના માથા પર તલવારો પડી.

છોકરી 'મા' એવી ચીસ પાડી બેભાન બની ગઈ. અચાનક વાયરાએ આવીને દીવાને હોલવી નાખ્યો.

કુંભ સમજ્યો કે મેં મારા બાપના ખૂનનો બદલો લીધો છે, રાજસ્થાનમાં સૌએ એવું માન્યું. માત્ર ક્ષેતસિંહની કઠિયારણ રાણીના બે દીકરા, જેમનાં માથાં કપાઇ ગયાં, તેમને જ ખબર ન પડી કે રાણાએ તેમને શાની સજા કરી! પેલી છોકરીને પણ ખબર ન પડી કે રાતોરાત તેને જમાદારના ઘરમાં કોણ મૂકી ગયું, અને સવારમાં ગામના લોકો તેની આસપાસ ભેગા થઇને 'આ તો નહિ, આ તો નહિ!' એમ કેમ બોલતા હતા? તે પછી એ બધા ભેગા થઇને સાંજે એને ગામની બહાર ખુલ્લા મેદાનમાં એકલી મૂકીને કેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતપોતાને ઘેર જતા રહ્યા, અને આખી રાત એણે ચાચા, ચાચા! હિંગુલિયા, હિંગુલિયા! કરી રડી રડીને બૂમો પાડી તોયે કેમ એને કોઇએ કંઈ જવાબ દીધો નહિ? અને પેલો રાતકોટનો કિલ્લો અંધારામાં ક્યાં ગુમ થઈ ગયો, તેને શોધતાં શોધતાં એના પગ રહી ગયા, તોયે એ કેમ ત્યાં પહોંચી નહિ? કેમ પહોંચી નહિ? કેમ પહોંચી નહિ?

પછી રાણા કુંભ ચિતોડના સિંહાસન પર બેઠો. તેની રાણી મીરાં જેવી રૂપવતી હતી, તેવી જ ગાવામાં પણ કુશળ હતી. મીરાં રતિયા રાણાની કુંવરી હતી. તેના રૂપગુણ જોઇને રાણા કુંભે તેની સાથે લગન કર્યાં હતાં. રાણી પતિની સેવા કરતી, પણ તેનું મન રણછોડજીના મંદિરમાં બંસીધારીની કાળા પથ્થરની મૂર્તિના પગમાં આળોટતું હતું. રાણાને એ ગમતું નહોતું. તે પોતે કવિ હતો, કવિતા રચી જાણતો હતો, અને તેની ઇચ્છા મીરાં રાજભવનમાં બેસીને એ ગીત ગાય એવી હતી. પણ એવું કંઈ બન્યું નહિ! મીરાં દેવની દાસી હતી, તે રણછોડજીના મંદિરમાં જ આખો દિવસ ભક્તવૃંદમાં ગાયાં કરતી: 'મીરાં કહે, બિના પ્રેમસે ના મિલે નંદલાલા!'

ચિતોડની રાણી મીરાં લોકોના દેખતાં એકતારો લઈને ગાવા બેસે એ તો બહુ શરમાવા જેવી વાત થઈ પડી. રાણાએ હુકમ કર્યો: 'મંદિરમાં બહારના માણસોને આવવાની મના કરો!'

એક રાતમાં મંદિરની આસપાસ પડદા નાખી દેવામાં આવ્યા. હવે મીરાંને કોઈ જોઈ શકતું નથી, પરંતુ તેનાં ભજન સાંભળવા પડદા બહાર દેશવિદેશના લોકોનો ઠઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જામે છે. બંસી સાંભળીને મૃગ જેમ મુગ્ધ બની જાય, તેમ બધા એકચિત્તે કાન માંડીને મીરાંનું ગીત સાંભળી રહે છે, —મારતાં હઠતા નથી, હુકમ સાંભળતા નથી, કોઈનું માનતા નથી! એક દિવસ અજવાળી રાતે, મંદિરની સામે શ્વેત સંગેમરમરની વેદી પર, સોના અને હીરાનાં આભૂષણોમાં સજ્જ થઈને, મીરાં સ્વર્ગની અપ્સરાની પેઠે દેવની આગળ નાચતી હતી, ગાતી હતી, અને રાણો વીણા બજાવતો હતો. બહાર લોકોની ભીડ હતી. એવામાં આકાશમાંથી, તારાઓની માળાની પેઠે એક હીરાનો હાર આવીને મીરાંની ડોકમાં પરોવાઇ ગયો. રાણાએ ચમકી પડી વીણા બંધ કરી.

મીરાંએ એ અમૂલખ હાર પોતાની ડોકમાંથી કાઢી મંદિરમાં બંસીધારી રણછોડજીની ડોકમાં પહેરાવી દઇ ગીત બંધ કર્યું.

હાર કોણ આપી ગયું તેની કંઇ ખબર પડી નહિ, પણ દેશમાં અનેક વાતો ચાલવા માંડી. કોઇએ કહ્યું, દિલ્લીનો બાદશાહ આપી ગયો; કોઇએ કહ્યું, કોઈ સાધુબાવા હતા! આવી કઈ કંઈ વાતો ચાલી. પરંતુ મીરાંએ અમૂલખ હાર રાણાને ન આપતાં રણછોડજીને પહેરાવી દીધો એથી બધા રાજી થયા. ભક્તોએ મીરાંનો જયજયકાર કર્યો.

પણ રાણો કુંભ જરા ખિજાયો. તેણે હુકમ કર્યો, 'હવે ભક્તોને મંદિરમાં આવવા દો ને મીરાંને અંતઃપુરમાં પૂરી રાખો!'

આવો હુકમ કરી રાણો મહંમદ ખિલજીની સામે લડવા ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાંનું ગાન બંધ થઈ ગયું. તેની સાથે સાથે ચિતો-ડનો આનંદ ઊડી ગયો. મંદિરમાં ભક્તો રડવા લાગ્યા, અને અંતઃપુરમાં મીરાં રડવા લાગી. નંદલાલાનાં દર્શન ન થવાથી વનમાંથી તોડી આણેલા ફૂલ જેવી મીરાં દિવસે દિવસે ચિમળાવા માંડી. એવામાં એક દિવસ યુદ્ધમાં જયજયકાર બોલાવીને, ધામધૂમપૂર્વક રાણાએ ચિતોડમાં પ્રવેશ કર્યો. મહંમદશાહને એના તાજ સાથે, રાણાએ ચિતોડમાં કેદ રાખ્યો. રાજ્યના બધા કારીગરો ભેગા થઈને ચિતોડની વચમાં પથ્થરનો વિશાળ જયસ્તંભ બનાવવા બેઠા.

પરંતુ મીરાંનું મન રાણો જીતી શક્યો નહિ.

મીરાંએ કહ્યું: 'રાણા, હું નંદલાલાની દાસી છું, મને ઘરમાં પૂરી રાખો નહિ! મીરાં આવ! મીરાં આવ! કરીને મારો નંદલાલા સાદ દઈને મને બોલાવી રહ્યો છે. મને છોડી દો, રાણા! ભટકતી ભિખારણ બનીને મારા નંદલાલાની સાથે મને વૃંદાવન જવા દો!'

રાણાએ ગુસ્સે થઈને કહ્યું: 'રતિયા જેવા સાધારણ સરદારની તું દીકરી છે! તારા નસીબમાં સિંહાસન કેવું? જા, બહાર નીકળ—જવું હોય ત્યાં જા—હું બીજી રાણી લઈ આવું છું!'

તે દિવસે ચિતોડેશ્વરી મીરાં, નંદલાલાની મીરાં ભિખા-રણની પેઠે હાથમાં એકતારો લઈને ઘરમાંથી બહાર નીકળી ગઈ અને રાણો નવી રાણીની શોધમાં નીકળી પડ્યો.

મંદોરના રાજકુમારની સાથે ઝાલાવાડના રાઠોડ સરદારની પુત્રીનું લગન થવાનું હતું. વર ધામધૂમપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રહ્યો હતો, એવામાં રાણો કુંભ આવીને કન્યાને સભામંડપમાંથી ઉપાડી ચિતોડમાં લઈ ગયો. એક તો મહારાણો, તેમાં પાછો કુંભ; એની ટીકા કરે એવું રાજસ્થાનમાં કોઈ નહોતું! પણ જ્યારે મીરાંએ મંદોરના રાજકુમારના મુખે વૃંદાવનમાં સમાચાર સાંભળ્યા, કે રાણો બે જીવોના પ્રેમની ઉપર ભયાનક ઘા કરવા તૈયાર થયો છે, ત્યારે તેનાથી રહેવાયું નહિ. તે ઝાલકુમારીના વરની સાથે ચિતોડ આવવા નીકળી. રાણાને ખબર મળ્યા કે મીરાં આવે છે. શું કરવા આવે છે તે પણ તેણે સાંભળ્યું.

રાણાએ કડક હુકમ ફરમાવ્યો: 'ઝાલકુમારીને ઝાલવનમાં કડક ચોકીપહેરા હેઠળ રાખો!' પછી કુંભે મીરાંને એક કાગળ લખ્યો કે 'ચિતોડેશ્વરી મીરાં, ચિતોડપતિ તમને પાછાં આવેલાં જોઈને સુખી થશે! તમે જે સ્ત્રીરત્નની ભિક્ષા માગવા આવ્યાં છો તે ઝાલકુમારીને જ્યાં કેદ કરવામાં આવી છે તે ઝાલવનની ચાવી આ સાથે મોકલી છે. ઇચ્છા હોય તો દરવાજો ખોલીને તમે ઝાલકુમારીને મળી આવી શકો છો. પરંતુ જો મંદોરનો રાજકુમાર ઝાલવનમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરશે તો એ ઝાલકુમારીનું મોં જોવા નહિ પામે; કારણકે રાણાના અંતઃપુરમાં કોઇ પુરુષને પગ દેવાની મનાઈ છે. જો જવું હોય તો માથું બહાર મૂકીને જાય, એ કાયદો છે.'

તે વખતે સાંજ પડવા આવી હતી. આકાશમાં માત્ર એક જ તારો હતો. દૂર, ઝાલવનના બગીચામાં, પથ્થરના રાજમહેલના ઉપલા માળ પર એક ઓરડામાં એક દીવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટમટમ બળતો હતો, અને મંદોરના રાજકુમારની ઉપર ઝાલકુમારીને કેવો જ્વલંત પ્રેમ હતો તેની જાહેરાત કરતો હતો! બરાબર એ વખતે મીરાંને રાણાએ કાગળ મોકલ્યો. મીરાંએ રાણાને બે વેણ લખ્યાં: 'પ્રેમ ન કરિયો રે, વિના પ્રેમસે પ્રેમ ન મળિયો રે!'

મંદોરના હાથમાં ઝાલવનની ચાવી આપીને મીરાં ચિતોડ છોડી ચાલી ગયાં. અને મંદોરનો રાજકુમાર ઝાલકુમારીને છેલ્લી વારનું મળી લેવા ઝાલવનમાં પેઠો—દીવાની એંધાણી રાખીને.

પેલે દિવસ રતકોટના કિલ્લામાં, અંધારી રાતે, બે વૃદ્ધ અને એક કોમળ બાળાના સ્નેહનો દીવડો જેમ ઓચિંતો હોલવાઈ ગયો હતો, તેમ આજે ફરીને રાણા કુંભે પોતાના અંતઃપુરમાં ઝાલકુમારીના પ્રેમના દીવડાને તલવારની ચોટ મારી હોલવી નાખ્યો. સવારે દરબારમાં આવીને તે બેઠો. કારીગરે આવીને હાથ જોડી કહ્યું: 'મહારાણાનો કીર્તિસ્તંભ તૈયાર થઇ ગયો છે. હવે માત્ર સ્તંભનું નામ પથ્થરમાં કોતરવાનું બાકી છે. નામ શું લખવું તે ફરમાવો!'

રાણા કુંભે થોડીવાર વિચાર કરી કહ્યું: 'જાઓ, લખો—કુંભશ્યામ!'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈ ભાઈ

રાણા કુંભે અનેક યુદ્ધ ખેલ્યાં હતાં, અનેક દેશો જીતીને પોતાનું વીરત્વ બતાવ્યું હતું, પણ ઝુંઝુંની લડાઈ જેવી બીજી કોઇ લડાઇ થઇ નહોતી. અને એ લડાઇ જીત્યા પછી જે નાચગાન, તમાશો, રોશની ને આતશબાજી થઇ તેવી કદી થઇ નહોતી! એક મહિના સુધી ચિતોડમાં રાતનો દિવસ થઈ ગયો.

પણ એક નવાઇની વાત બની. એ લડાઈ જીતીને આવ્યા પછી બીજા દિવસથી રાણો કુંભ હાથમાંની તલવાર ત્રણ વખત માથા ઉપર ફેરવીને, શી ખબર ફારસીમાં કે અરબીમાં, કંઇ સાપનો મંતર કે પછી દેડકાનો મંતર બોલતો ને પછી જ સિંહાસન પર પગ દેતો. માત્ર એક-બે દિવસ ચાલીને આ વાત અટકી નહિ. રાણો ઘરડો થયો તોયે આ તલવાર ફેરવવાનું અને મંતર ભણવાનું એક દિવસ પણ અટક્યું નહિ. રાણાની આ રીતભાત જોઇ આખી સભા નવાઈ પામતી, પણ રાણો કેમ આવું કરે છે એ જાણવાનો કોઇ પ્રયાસ કરતું નહિ. એક વખત રાણાના મોટા કુંવરે રાણાને સભા વચ્ચે પૂછ્યું, 'માથા ઉપર આમ ત્રણ વખત તલવાર ફેરવવાનું કારણ શું અને એ સાપનો મંતર ભણવાનું કારણ શું?'

જવાબમાં રાણા કુંભે કહ્યું: 'બાર કલાકમાં ચિતોડ છોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતો રહે! બાપ શું કરે છે ને શું નથી કરતો એ છોકરા-એ જાણવાની જરૂર નથી!'

તે પછી પણ રોજ ત્રણ વખત રાણાની તલવાર માથા ઉપર ફરતી રહી, પણ એનો હુકમ પાછો ફર્યો નહિ. રાણાનો મોટો કુંવર રાયમલ દેશનિકાલ થયો; હવે રહ્યા માત્ર બે કુંવર: એક સૂરજમલ અને બીજો—આજે પણ રાજસ્થાનમાં કોઈ એનું નામ જીભે આણતું નથી: ઘાતી, હત્યારો—એવાં એવાં નામે લોકો એનો નામોલ્લેખ કરે છે. એ હત્યારો ઝેર દઈને રાણા કુંભને મારી ચિતોડની ગાદી પર બેઠો.

રાજપૂતો આ ભયાનક બનાવથી એકદમ ગુસ્સે થઈ ગયા, ખૂનનો બદલો ખૂન એમ નક્કી કરીને તેમણે રાયમલને પાછો ગાદીએ બેસાડવાનું નક્કી કર્યું. દિલ્હીમાં તે વખતે પઠાણ સુલતાન બહલોલ લોદી હતો. હત્યારો તેની સાથે સગપણનો સંબંધ બાંધી, પોતાની દીકરીની સાથે સુલતાનનાં લગન કરવાનું ગોઠવી, ચિતોડની ગાદી પર ચીટકીને બેસવાની મુરાદ સેવતો હતો. એવામાં રાજપૂત સરદારોએ ઈડર રાજ્યમાંથી રાયમલને શોધી કાઢ્યો. હત્યારાએ મોટા મોટા સરદારોને મોટી મોટી જાગીરોની લાલચ આપી, પણ કોઈને તે પોતાના પક્ષમાં ખેંચી શક્યો નહિ. જે માણસ પોતાના બાપનું ખૂન કરે, અને રાજપૂત-કન્યાને પઠાણની બેગમ બનાવવાનો વિચાર કરે તેના પક્ષમાં કયો રાજપૂત ઊભો રહે? છેવટે બાજી બગડી ગયેલી જોઇ હત્યારો એક દિવસ સુલતાનના દરબારમાં પહોંચી ગયો, અને ત્યાં પોતાની પુત્રીનાં લગનનું નક્કી કરી, છાનોમાનો પાછો ચિતોડમાં આવી ભરાવા માટે મારતે ઘોડે નીકળ્યો. પણ રસ્તામાં માથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીજળી પડવાથી તેનું મરણ થયું !

આ તકનો લાભ લઇ રાયમલ ચિતોડનો કબજો કરી બેસી ગયો. સુલતાન બહલોલ ચિતોડની રાજકુમારીને પરણવા આવ્યો. જુએ તો બાણું હજાર સવારો અને અગિયાર હજાર પાયદળ લઈને વાઘ-રાય જેવો રાયમલ એને પકડવા માટે પહાડ ઉપર ટાંપીને બેઠો હતો. પઠાણ સુલતાન વરરાજા બનીને પરણવા આવ્યો, પણ કિનખાબની લુંગી કમરે વીંટાળી, જરીની મોજડી મેલીને એ એવો ઊભી પૂંછડીએ નાઠો કે તે જ્યાંથી આવ્યો હતો ત્યાં દિલ્લી જઇને ઊભો !

રાયમલ પોતાના ત્રણ પુત્રો—સંગ, પૃથ્વીરાજ, જયમલ અને એક માત્ર નાનાભાઇ સૂરજમલ, એ ચારની મદદથી ચિતોડનું રાજ્ય ચલાવતો હતો. એવામાં એક દિવસ—તે વખતે રાણો વૃદ્ધ થયો હતો, રાજકુમારો મોટા થયા હતા, દેશમાં શાન્તિ હતી, અને રાજાપ્રજા સૌ સુખમાં રહેતાં હતાં—ખરા ઉનાળાની બપોરે, બહાર લૂ વરસતી હતી, અને વૃદ્ધ રાણો ભીમ તલાવની વચમાં શ્વેત સંગેમરમરના તખ્ત પર વિશ્રામ કરતો હતો, તે વખતે ત્રણે રાજકુમારો નાના કાકા સૂરજમલના ઘરમાં ભેગા થયા હતા. પત્તાં, ચોપાટ, ગુલાબજળમાં ભીંજાયેલા પંખા, એવાં બધાં આળસ અને એશનાં સાધનોની વચમાં સૌ બેઠા હતા, ને આડાંઅવળાં ગપ્પાં હાંકતા હતા. પણ બહાર ધોમ ધખતો હતો, બાળી નાખે એવો ઊનો વાયરો વાતો હતો—એવો ઊનો કે પહાડો પણ ફાટી ગયા હતા, ને ઘરની અંદરની દીવાલોમાંથી પણ આગ વરસતી હતી ! એટલે ઘરમાં પણ રાજકુમારો ઠંડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવા ઇચ્છે તો પણ વધારે વખત ઠંડા રહી શકે એવું નહોતું. વાતવાતમાં કોણ કેવો વીર છે, કઈ લડાઈમાં ફતેહનો ડંકો વગડાવી કોણે કયો મુલક જીત્યો, લોકો કોનાં કેવાં વખાણ કરે છે; એવી નાની નાની વાતોમાંથી, ગાદી કોને મળે તો લોકો ખુશી થાય, અને દેશનું પણ ભલું થાય, એની ચર્ચા નીકળી પડી.

રાણાનો વચલો કુંવર પૃથ્વીરાજ દેખાવડો અને સાહસિક હતો. મોટો કુંવર દેખાવે જરાયે રાજકુંવર જેવો લાગતો નહોતો—સાદો સીધો ભલો માણસ હતો, સ્વભાવે ધીર ગંભીર અને મોટી પહોળી આંખોવાળો. નાનો કુંવર જયમલ બાધા જેવો હતો. રાણાનો ભાઈ સૂરજમલ બહુ દેખાવડો નહોતો, તેમ બહુ કદરૂપો પણ નહોતો. એનાં નાક ને આંખો વૃદ્ધ રાણાને ઘણાં મળતાં આવતાં હતાં.

ત્રણે ભાઈઓની વચ્ચે ગાદીની બાબતમાં ભયાનક વિવાદ થયો. પૃથ્વીરાજે કહ્યું: 'લોકોના હાથમાં જો રાજાની પસંદગી કરવાનું આવે છે તો જોજો, રાજપૂતો મને જ રાજા બનાવશે.'

જયમલ બોલી ઊઠયો: 'એ હું કાંઇ ન સમજું. જોયો આ હાથ? જેના કાંડામાં જોર, તેનું રાજ્ય!'

સૌથી મોટા સંગે જરા હસીને કહ્યું: 'જેને ગાદીએ બેસાડવાનો છે તેને ભવાનીમાતાએ ક્યારનોયે બેસાડી દીધેલો છે. માન્યામાં ન આવતું હોય તો ચાલો, ચારણી-દેવીના મંદિરમાં જઈને જોવડાવીએ કે કોના નસીબમાં ગાદી લખેલી છે.'

સૂરજમલે ત્રણેને ધમકાવીને કહ્યું: 'અરે, કેવી ગાંડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતો કરો છો! રાણો જાણશે તો આવી બન્યું! તમારી સાથે કદાચ મને પણ દેશવટો દેશે! ગાદીની આ મારામારી શા સારુ, બાપુ? એ કંઇ શેતરંજ કે ચોપાટની રમત છે કે ઘડીમાં રાજા મૂઓ ને ગાદી ખાલી પડી! માટે, જરા ગુલાબજળ માથે નાખો, જરા ઠંડા પડો! જવા દો એ બધી વાતો!'

પરંતુ બહારની ગરમી રાજકુમારોના મગજમાં બરાબર ચડી ગઈ હતી. ઠંડું થાય કોણ? બધા બોલી ઊઠ્યા: 'ચાલો, કાકા! હમણાં તો ચારણીની પાસે જઈને જોવડાવીએ કે ગાદી કોને મળવાની છે. પછી ઠંડા થશું!'

બુદ્ધિશાળી સૂરજમલ મૂંઝવણમાં મુકાયો. તે સમજી ગયો કે આ લોકોની સાથે જઈશ તો મોટાભાઇ ખિજાશે, અને નહિ જાઉં તો મોટા ભાઇના ત્રણે દીકરા ખિજાશે—એમાં એક તોફાની છે, ને બીજો ખોટો સાહસિક છે! એટલે સૂરજમલ બબડતો બબડતો એમની સાથે ગયો: 'છેવટે ગાદી મારા જ હાથમાં આવશે એવું લાગે છે. કાં તો તમે ત્રણે ભાઇઓ રાણાના હુકમથી કાલે દેશવટે જશો, અથવા તો બે દિવસ પછી, તમે બધા અંદરઅંદર કપાઇ મરશો. બાકી રહેવાનો હું એકલો રાજ ભોગવવા!'

પૃથ્વીરાજ બોલી ઊઠ્યો: 'એટલા વાસ્તે તો તમને પણ સાથે લઇ જઇએ છીએ. તમારા નસીબમાં શું છે એ પણ જોવું જોઈએને?'

સૂરજમલ પોતાના અને ત્રણે ભાઈઓનાં કપાળમાં એક એક ટકોરો મારીને બોલ્યો: 'જોવડાવવાની કંઇ જરૂર નથી, અવાજ પરથી લાગે છે કે બધાનાં કપાળ ફૂટેલાં છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાહરાસુગરા ઉદયપુરથી પાંચ કોશ દૂર હશે. ત્યાં એક પહાડ છે. તેને વ્યાઘ્રમેરુ કહે છે. ત્યાં ચારણી મંદિરની સિદ્ધયોગિની રહેતી હતી. પહાડની અંધારી ગુફામાં દેવીનું મંદિર હતું. રાજકુમારો સખત ગરમીમાં મારતે ઘોડે તે મંદિરમાં આવી પહોંચ્યા. તે વખતે યોગિની સંધ્યાપૂજાની જોગવાઈ કરવા બહાર ગઇ હતી. મંદિરમાં કોઈ નહોતું. અંધારામાં કાળા પથ્થરની ચારણીદેવીની મૂર્તિની સ્ફટિકની ત્રણ આંખો માત્ર તગતગતી હતી, અને ગુફાની સામે એક મોટા પથ્થરના ચોતરા પર સમીસાંજનું અજવાળું પડતું હતું—જાણે લોહી રેડાયું હોય એવું લાગતું હતું!

જોગણને મંદિરમાં ન જોઈ સૂરજમલ બોલી ઊઠ્યો: 'કેમ, મેં નહોતું કહ્યું કે બધાનાં કપાળ ફૂટેલાં છે! મંદિરમાં કોઈ નથી. હવે દેવીને પગે લાગી ડાહ્યાડમરા થઈને પાછા ઘરભેગા થઈ જાઓ!'

પૃથ્વીરાજે માથું હલાવી કહ્યું: 'એ નહિ બને. બધાએ અહીં બેસવાનું છે. આરતી પછી હાથ જોવડાવીને જવાનું છે!'

એક તરફ વ્યાઘ્રચર્મ પાથરેલું હતું; અને બીજી તરફ જોગણનો ખાટલો હતો, અને તેની ઉપર ફાટેલી કામળી હતી. પૃથ્વીરાજ એકદમ જઇને ખાટલા પર બેઠો. એનું જોઇને જયમલ પણ ઊંચે આસને ખાટલા પર બેઠો. વાંસનો ખાટલો ચરડ ચરડ બોલીને રહી ગયો. સંગ જમીન ઉપર વ્યાઘ્રચર્મ પર બેઠો અને સૂરજમલ વ્યાઘ્રચર્મથી એક હાથ દૂર, આગનાં જેવી તપેલી પથ્થરની ભોંય પર બેઠો.

રાત પડી. ગુફામાં અંધારું વધારે ને વધારે ગાઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતું જતું હતું. એવામાં હાથમાં દીવો લઈને જોગણુ ગુફામાં દાખલ થઇ—જુએ તો ચાર જણા ! સંગ ઊભો થઈને જોગણુને પગે લાગી બેઠો. સૂરજમલને ઊભા થવું પડ્યું નહિ, બેઠો હતો તે જમીન પર જ તેણે જોગણુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પૃથ્વીરાજે ખાટલા પરથી ઊઠીને ઊભાં ઊભાં જ માથું નમાવ્યું, હાથ જરા કપાળ તરફ ઊંચા થયા કે તરત નીચા નમી ગયા; અને જયમલ ન ઊભો થયો, ન તેણે નમસ્કાર કર્યા. તે બેઠાં બેઠાં જ બોલ્યો: 'માતાજી, ભવિષ્ય જોઈને કહો કે અમારામાંથી કોના નસીબમાં ચિતોડની ગાદી લખેલી છે ?'

જોગણુ કંઇ ન બોલતાં માત્ર પોતાના કપાળ ઉપર હાથ ફેરવવા લાગી, અને ભગવા વસ્ત્રના છેડા વડે મુખ લૂછવા લાગી.

એ જોઈ પૃથ્વીરાજ બોલી ઊઠ્યઃ 'આ બહુ અગત્યની વાત છે ! બરાબર વિચાર કરી, પૂરેપૂરું ભવિષ્ય જોઈને જવાબ દેજો !'

સંગે કહ્યું : 'પહેલાં એમને માતા ચારણીની પૂજા કરી લેવા દો, પછી બધું કહેજો !'

'ખરું કહ્યું !' કહી જોગણુ પૂજા કરવા બેઠી.

જોગણુ ચારણીની આરતી ઉતારી, ઘંટડી વગાડી, માતાની પ્રસાદીરૂપ ફૂલ ચારે કુમારોની પાઘડીમાં ઘાલીને બોલી; 'રાજકુમારો, એક વાત કહું, સાંભળો:

ઉજેણી નગરીમાં મહારાજા વિક્રમાદિત્ય રાજ્ય કરતા હતા. એક દિવસ તેઓ રાજદરબારનું કામ પતાવી, અંતઃપુરમાં જઇને જમવા બેસતા હતા, તેવામાં લક્ષ્મી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ્વતી વાદે ચડીને ત્યાં આવી પહોંચ્યાં. મહારાજાએ એકદમ આસન પરથી ઊભા થઈ જઈને કહ્યું: "દેવી, આપનું કેમ પધારવું થયું એ આ સેવકને કહો !" બંનેએ રાજાને આશીર્વાદ આપી કહ્યું: 'વત્સ વિક્રમાદિત્ય, અમે તારી પાસે ન્યાય માગવા આવ્યાં છીએ. તું રાજા છે, અમારા બેમાં કોણ મોટું તે કહે!'

વીણાપાણિ સરસ્વતીએ વીણાનો ઝંકાર કરી કહ્યું: "કહો, હું મોટી કે એ મોટી ?"

લક્ષ્મીએ સરસ્વતીના ઝંકારની ઉપર અલંકાર કરીને કહ્યું: 'આ હું કે આ એ—મોટું કોણ ?'

રાજા બહુ મુસીબતમાં મુકાઇ ગયો: આને મોટી કહે છે તો એને ખોટું લાગે છે, અને એને મોટી કહે છે તો આને ખોટું લાગે છે. બે જણની વચમાં ઊભો રહીને રાજા માથું ખંજવાળે છે, એ જોઇ વિક્રમાદિત્યની નાની રાણી બોલી ઊઠી: "માતાઓ, રાજાને પહેલાં જરા જમી લેવા દો. આખો દિવસ કચેરીનું કામકાજ કરવાથી અત્યારે એમનું મગજ થાકી ગયું છે, ન્યાય કરે કેવી રીતે ? માટે આજની રાત એમને વિચાર કરી જોવાનો વખત આપો. કાલે રાજ-સભામાં સાચો ન્યાય મળી જશે, જોજો !"

રાજાએ કહ્યું: "વાત સાચી છે. તમે સવાલ એવો અઘરો પૂછ્યો છે કે તે માટે જરા વખતની જરૂર છે."

દેવીઓ 'તથાસ્તુ' કહીને ચાલી ગઇ.

રાજાએ જમવા બેસતાં નાની રાણીને કહ્યું, "આજે તો જાણે દેવીઓને સમજાવીને કાઢી, પણ કાલે શો જવાબ દેવો એનો તેં કાંઇ વિચાર કર્યો છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણીએ ભવાં સંકોચી કહ્યું: "જવાબ દેવાનું હું શું જાણું? તમારી સભામાં નવનવ રત્નો છે, કોઇ પંડિત છે, કોઇ કવિ છે, કોઇ મંત્રી છે, કોઈ જંત્રી છે: એમને પૂછોને!"

રાજા માથું ખંજવાળતો સભામાં ગયો. સભામાં નવે રત્નો હાજર હતાં: ધન્વતરિ, ક્ષપણુક, અમરસિંહ, શંકુ, વેતાલભટ્ટ, ઘટકર્પર, કાલિદાસ, વરાહમિહિર, વરરુચિ. રાજાનો સવાલ સાંભળી નવે જણાએ માથું ખંજવાળવા માંડ્યું. બે પહોર રાત વીતી ગઇ, પણ કંઈ નિર્ણય થયો નહિ. બે દેવીઓનો ન્યાય હિસાબ કરીને કેવી રીતે થઇ શકે? સરસ્વતીને મોટી કહે તો લક્ષ્મી ગુસ્સે થાય, રાજપાટ બધું જાય, અને નવે રત્નોની ખોરાકીપોશાકી બંધ થઈ જાય! અને જો લક્ષ્મીને મોટી કહે તો વિદ્યા નાસી જાય, બુદ્ધિ નાસી જાય, કાલિદાસનું કવિતા લખવાનું બંધ થઈ જાય, ધન્વંતરિની ચરકસંહિતા અને વરાહમિહિરનું પંચાંગ ધૂળ થઈ જાય! રાજા પણ પછી કઇ બુદ્ધિ વડે રાજ ચલાવે, ખરાખોટાનો વિચાર કરે, અને ન્યાય કરે? વિક્રમાદિત્ય ચિંતાતુર બની અંતઃપુરમાં જઇને સૂઇ ગયો. પણ એને ઊંઘ ન આવી.

રાણીએ જોયું કે રાજાને ઊંઘ આવતી નથી, માત્ર આમતેમ પડખાં ફરે છે, પથારીમાં એમને જાણે કાંટા ભોંકાય છે? પછી—

એટલામાં પૃથ્વીરાજ બોલી ઊઠયો: 'આ વાર્તા તો અમે સાંભળી છે. પછી બે દેવીઓમાંથી એક આવીને સોનાના સિંહાસન પર બેઠી, અને બીજી રૂપાની ખાટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર બેઠી. નાનામોટાનો નિર્ણય એની મેળે થઇ ગયો. હવે વાત રહેવા દો, ને અમારામાંથી કોણ રાજા થવાનું છે એનો નિર્ણય કરીને કહો!'

જોગણે ચારે તરફ એક દૃષ્ટિ નાખીને કહ્યું: 'રાજ-કુમારો, તમે સૌ પોતે જ પોતાનો નિર્ણય કરીને બેઠા છો. સંગ વીરાસન વાળીને વ્યાઘ્રચર્મ પર બેઠો છે—એ બરાબર રાજાને શોભતી જગાએ બેઠો છે—એ રાજ્યનો ધણી છે! સૂરજમલ જમીન પર બેઠો છે—અને સંગની પાસે જ બેઠો છે, તેથી માલૂમ પડે છે કે જમીન પર એનો અધિકાર છે, એ સિંહાસનની નિકટમાં રહેશે—મંત્રી થાય, સરદાર થાય કે પછી જાગીરદાર થાય! અને તમે પૃથ્વીરાજ તથા જયમલ બેઠા છો મારા જોગણના આસન ઉપર, ફાટેલી કામળી પર! તેથી ફાટેલી કામળી પર પડયા પડયા રાજ-વૈભવનાં સ્વપ્નાં જોવા સિવાય તમારા બેના નસીબમાં બીજું કંઈ નથી!'

આટલું કહી સિદ્ધ જોગણ ગુફાના અંધારામાં અદૃશ્ય થઇ ગઇ. ચારે રાજકુમારોની આંખો વાઘની પેઠે તગતગ થતી એકબીજાની સામું જોવા લાગી.

સૌથી પહેલો સૂરજમલ બોલ્યો: 'તો 'હવે?'

'તો હવે ગાદી કોની છે તેનો અત્યારે અહીં જ ફેંસલો કરી નાખીએ!' આમ કહી પૃથ્વીરાજે તલવાર ખેંચી સંગની ઉપર હુમલો કર્યો. સંગ ગુફામાંથી બહાર નીકળી જવા નાઠો, પણ તલવારનો ઘા એની એક આંખ ઉપર પડયો. ચારણીદેવીની સામે ભાઈના હાથે ભાઈનું લોહી રેડાયું! સંગ જીવ બચાવવા મારતે ઘોડે અંધારામાં અદૃશ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ ગયો. એક તરફ ગયો સૂરજમલ, અને બીજી તરફ ગયા પૃથ્વીરાજ અને જયમલ—આની પાછળ એ, તેની પાછળ તે! ચારે જણાને અંધારે ઢાંકી દીધા.

ચારણી મંદિરથી લગભગ એક રસ્તા પર, રાઠોડ સરદાર વિદાનું, કિલ્લાના બૂરજના આકારનું કાચી માટીનાં કોટડાંવાળું ઘર હતું. સવાર થવા આવી હતી, પણ વાદળઘેર્યા આકાશમાં હજી અજવાળાની રેખા સરખી પડી નહોતી. આંગણામાં આમલીનું મોટું ઝાડ હતું. તેની નીચે પાળેલો મોરલો પાંખોમાં મોં ઘાલી શાંત ઊભો હતો. ઝાડની નીચે હળના બળદ જમીન પર પડયા પડયા ઊંઘતા હતા. કયાંયે કશો અવાજ થતો નહોતો. માત્ર સરદારનો ઘોડો લઈને બારણા આગળ એક રાજપૂત છોકરો ઊભો હતો. તે ઘોડો ઘડીએ ઘડીએ માથું હલાવતો હતો, અને તેના મોંમાં ઘાલેલી લગામનું લોઢાનું કડું ઘડીએ ઘડીએ ખણખણ અવાજ કરતું હતું. વિદાને પૂજા કરવા બહારગામ જવાનું હતું, તેથી સવારે વહેલો ઊઠી તે ઘરમાંથી બહાર નીકળવાનું કરતો હતો એવામાં દૂરથી અંધારામાં ઘોડાના ડાબલાનો અવાજ સંભળાયો—કોઇ મારતે ઘોડે તેની પાસે આવી રહ્યું હતું. જોતજોતામાં રાજકુમાર સંગે લોહિયાળ શરીરે, ‘ બચાવો ! બચાવો ! ’ની બૂમ પાડી. વિદાના ઘરનાં બારણાં ખખડાવ્યાં. તેની એક આંખ ઉપર તલવારનો ઝટકો પડયો હતો, અને શરીર પણ ક્ષતવિક્ષત થયેલું હતું.

વિદાએ એકદમ બારણું ઉઘાડયું. રાજપૂતને જોતાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બોલી ઊઠયોઃ 'આ શું! તમારી આવી દશા કોણે કરી!' સંગે બે શબ્દોમાં તેને સમજાવી દીધું કે જીવ જોખમમાં છે; પૃથ્વીરાજ અને સૂરજમલ બેભાન થઈ રસ્તામાં પડયા છે, અને જયમલ હજી મને મારવા પાછળ દોડયો આવે છે.'

વિદાએ સંગને પોતાનો ઘોડો આપી કહ્યું: 'રાજકુમાર, અંદર જઈને આરામ કરો, પછી નવા ઘોડા પર ચડીને ગમે ત્યાં જતા રહેજો!'

આ તરફ જયમલ મેદાન વટાવી વંટોળિયાની પેઠે આવી રહ્યો હતો. સંગની ઇચ્છા તરત જ ત્યાંથી નાસી છૂટવાની હતી, પણ રાજભક્ત વિદા ખવડાવ્યા પિવડાવ્યા વગર એને કેમે જવા દેવા તૈયાર નહોતો.

આ તરફ આફત પાસે ને પાસે આવતી જતી હતી. સંગ વિમાસણમાં પડી ગયો. એ જોઈ વિદાએ કહ્યું: 'બીશો નહિ, તમે ઘરમાં જાઓ! તમે ખાઈ પી, ઘડી આરામ લઈ, તમારે રસ્તે ન પડો, ત્યાં લગી હું જયમલને આ ઊમરો ઓળંગવા દેવાનો નથી—હું એને રોકી રાખીશ.'

એવું જ થયું. સંગનો નવો ઘોડો સૂર્ય ઊગતાની સાથે, પૂરવમાં દૂર દૂર નીકળી ગયો, અને કાળા ટપકા જેવો બની, મેદાન પાર કરી, છેવટે વનની અંદર અદૃશ્ય થઇ ગયો! એટલો વખત, વિદાએ જયમલની સાથે ટક્કર ઝીલી—છેવટે ત્રણ કલાકની ઝપાઝપી પછી વિદાને મારી જયમલે ઘરમાં દાખલ થઇને જોયું તો સંગ ગુમ થઇ ગયો હતો, પરંતુ તેનો ઘાયલ અને લોહિયાળ ઘોડો આંગણામાં આમલીના ઝાડ નીચે ઊભો હતો, અને શાંતિથી લીલમડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાસ ચાવતો હતો. જયમલે રાજભક્ત રાજપૂતવીરના લોહીથી ખરડાયેલા હાથ વડે કપાળ કૂટી હતાશ ભાવે, નિર્જીવ વિદાની સામે નજર કરી—પછી નીચી મૂંડીએ એ ધીરધીરે પાછો ફર્યો.

સવાર થઈ. કોઇ અજાણ્યા ગામના ખેડૂતો સવારના પહોરમાં ખેતરમાં જતા હતા. જતાં જતાં રસ્તામાં તેમણે બે રાજકુંવર—સૂરજમલ અને પૃથ્વીરાજને લોહીના ખાબોચિયામાં પડેલા જોયા! બધા ભેગા થઇ રાજકુંવરોને ડોળીમાં નાખી, ઊંચકીને ગામમાં લઇ આવ્યા. આ તરફ મહારાણાના માણસો પણ ઘોડા પાલખી વગેરે લઇને કુંવરોની શોધમાં નીકળેલા હતા. પરંતુ કેવળ પૃથ્વીરાજ અને સૂરજમલને લઈને તેઓ પાછા ફર્યા—બાકીના બે જણ ક્યાં હતા તેનો કંઈ પત્તો લાગ્યો નહિ. રાણીઓની સેવાચાકરીથી પૃથ્વીરાજ થોડા વખતમાં સાજો થઇ ગયો. પણ સૂરજમલ સખત ઘવાયો હતો. કેટલા ઉપાયે તે સાજો થયો.

મહારાણાએ ચારે કુમારોની રસાકસીની વાત સાંભળી એક દિવસ પૃથ્વીરાજને બોલાવીને કહ્યુંઃ 'આમાં તારો જ વાંક છે. સંગ બિલકુલ નિર્દોષ છે. તે ક્યાં છે, જીવતો કે મૂએલો, તેની કશી જ ખબર પડતી નથી. જીવતો હશે તો તારી બીકે ક્યાંક ભરાઇ બેઠો હશે. હું તને ચિતોડમાં આરામ ભોગવવા દઉં, અને મારી આંખો મીંચાતાં તું લપ દઇને ગાદી પર ચડી બેસે એવી આશા રાખતો નહિ! માટે આજ ને આજ તું ઘોડો, હથિયાર વગેરે જે જોઇએ તે લઈ ને અહીંથી રસ્તે પડ! લડવાનું જોર હોય તો મોટાભાઈની સામે ન લડતાં, રાજ્યના શત્રુઓની સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડ ને એમને હરાવ—તો જાણું કે તું વીર છે. જાઓ!'

છોકરાને આવો હુકમ કરી રાણાએ સૂરજમલને બોલાવીને કહ્યું: 'તું સંગને બચાવવા ગયો હતો, તેથી તને હું વધારે સજા નહિ કરું. પણ આજથી ચિતોડમાં તારો પગ નહિ! તું આપણા સારંગદેવને ત્યાં જઈને રહે!'

સૂરજમલને આમ ચિતોડમાંથી દેશવટો મળ્યો.

હવે પૃથ્વીરાજ ચિતોડ છોડી દિગ્વિજય કરવા નીકળી પડ્યો. તે જાણતો હતો કે મહારાણાની ક્ષમા મેળવવી હોય તો વીરતા દેખાડ્યા વિના, મેવાડના શત્રુઓને હરાવ્યા વિના, કદી મળવાની નથી. રાણો ગુસ્સે થયો હતો, છતાં લોકોને પૃથ્વીરાજ પર ખરેખર, ખૂબ પ્રેમ હતો. તેથી એ એકદમ એકલો પડી ગયો નહિ. એકબે એકબે કરતાં ધીમે ધીમે એક નાનકડી સેના તેની પાસે ભેગી થઈ ગઈ. ગમે ત્યાં લડાઈ કરતા ફરવું એ જ એનું કામ રહ્યું. એવી રીતે સેના લઈને દેશવિદેશ ફરતાં ફરતાં પૃથ્વીરાજની પાસે જે કંઇ પૈસોટકો હતો તે બધો ખલાસ થઈ ગયો. છેવટે એવા દિવસો આવ્યા કે એક ટંકનું ખાવાનું મેળવવું પણ ભારે થઇ પડ્યું. હવે એકાદ નાનકડું રાજ્ય કબજે કરીને બેસી ગયા વિના બીજો ઉપાય નહોતો. આવી સ્થિતિમાં એક દિવસ પૃથ્વીરાજે પોતાના હાથની એક માણેકની વીંટી ગોદ્ધારના ઓઝ નામે એક ઝવેરીને ત્યાં ગીરો મૂકી પૈસા લઇ આવવા પોતાના એક માણસને મોકલ્યો. આ ઓઝાએ જ એક દિવસ આ વીંટી પૃથ્વીરાજને ભારે કિંમતે વેચાતી આપી હતી. વીંટી જોતાં જ ઝવેરી એકદમ રૂપિયા લઇને પૃથ્વીરાજને મળવા ગયો. પૃથ્વીરાજ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે છૂપા વેશમાં સાધારણ માણસની પેઠે એક ધર્મ-શાળામાં પડ્યો પડ્યો દિવસો કાઢતો હતો. ઝવેરીએ ત્યાં જઇને કહ્યું: 'આ શું, રાજકુમાર? રૂપિયા જોઇતા હતા તો જરા કહેવડાવ્યું હોત તો મળી જાત; વીંટી ગીરો મૂકીને બજારમાં બદનામ થવાની શી જરૂર?'

પૃથ્વીરાજે ધીરેધીરે ઓઝાને બધી ખીના કહી. પછી કહ્યું: 'આ વીંટી સિવાય મારી પાસે બીજી કોઇ પૂંજી નથી—તમારા રૂપિયા લઈ ને પછી હું વાળું કેવી રીતે? અને કોક દિવસ તો એ વીંટી પેટની ખાતર વેચ્યા વિના મારો છૂટકો નથી! મારી સાથે કેટલા બધા માણસો છે, જુઓ! એ બધાઓને હું ભૂખે પેટે મરવા કેમ દઉં?'

પૃથ્વીરાજના દુ:ખની વાત સાંભળીને ઓઝાની આંખોમાં પાણી આવ્યું. તેણે હાથ જોડીને કહ્યું: 'કુમાર, લો આ રૂપિયા! મારે વીંટી નથી જોઈતી. હું તમારી રૈયત છું, ઘણા વરસ મેં મહારાણાનું લૂણ ખાધું છે.'

પૃથ્વીરાજે ઓઝાને છાતી સરસો ભીડીને કહ્યું: 'ભાઈ, આજે તો તમે મારો જીવ બચાવ્યો, પણ પછી શું?'

ઓઝાએ પૃથ્વીરાજના કાનમાં કહ્યું: 'મીના રાજાને હરાવી, આ દેશ કબજે કરી લો! રાજ્યનો એક દુશ્મન જશે, ને તમારું યે માન વધશે.'

પૃથ્વીરાજ તે જ દિવસે છૂપા વેશમાં ગયો, ને પોતાના માણસોને લઇને મીના રાજાની નોકરીમાં રહી ગયો. રાજસ્થાનના આ મીના લોકો જંગલી હતા, અને બહુ જુલમી હતા. તેમનો ધંધો જ લૂંટફાટ કરવાનો હતો. એમનો રાજા

. CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીનારાય નામ ધારણ કરી આખા ગોદ્ધાર દેશ પર અમલ ચલાવતો હતો. મહારાણાની પણ તે પરવા કરતો નહિ. નાદૌલ નામના ગામમાં એની રાજધાની હતી. પૃથ્વીરાજે પોતાના પાંચ સાથીદારો—જશ, સિંધિયા, સંગમદેવી, અભય અને જહનુની સાથે આ અત્યાચારી મીનાને સપડાવવા વિષે મસલત કરી. આહેરિયાનો ઉત્સવ રાજસ્થાનમાં બહુ ધામધૂમથી ઉજવાય છે. તે દિવસે નોકર અને માલિક બધા એક થઈને શિકાર, વનભોજન વગેરે વિવિધ આમોદપ્રમોદમાં આખો વખત મસ્ત રહે છે. તે ઉત્સવ પર મીનારાય મોટા મોટા મીનાઓને લઈને વનમાં ગયો હતો, ને દારૂ પી મોજ ઉડાવતો હતો. એવામાં પોતાના માણસોને લઈને પૃથ્વીરાજે તેની ઉપર હુમલો કર્યો, અને તેનાં ઘરબાર બાળી મૂક્યાં. રાજા કપાઈ મૂઓ. બાકી રહેલા મીનાઓ જીવ બચાવવા વનમાં નાસી ગયા. ઓઝાને પૃથ્વીરાજે ગોદ્ધારનો રાજકર્તા બનાવી, પોતાનું દેવું વાળી દીધું. પછી પોતે દિગ્વિજય કરવા આગળ વધ્યો—પોતાની સાથે રીતસરની ફોજ અને સરંજામ લઈને.

આ તરફ જયમલ ફરતો ફરતો બેદનોર જઈ પહોંચ્યો. તે સમયે બેદનોરમાં ટોડાનો રાજા રાય સૂરતાનસિંગ પઠાણોનો માર ખાઇ, રાજપાટ ખોઇ બેસી, પોતાની એકની એક રૂપવતી કન્યા તારાબાઇને લઇને મહારાણાના આશ્રયે રહેતો હતો. તારાબાઈ જેવી રૂપવતી હતી, તેવી જ બુદ્ધિમતી, ગુણવતી અને તેજસ્વિની હતી. કેટલાયે રાજકુમારો તેના હાથનું માગું કરતા હતા, પણ તેણે પ્રતિજ્ઞા લીધી હતી કે પઠાણોના હાથમાંથી જે મારા બાપનું રાજ્ય પાછું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવશે તેને જ હું પરણીશ. જયમલે ખેદનોરમાં આ વાત સાંભળી. એક દિવસ તારાબાઇને એણે જોઈ પણ ખરી—ઘોડા પર ચડી, હાથમાં ધનુષબાણ લઈ એ શિકાર કરવા નીકળી હતી—જાણે રણચંડી પોતે! જયમલે ટોડા રાજ્ય હું પાછું મેળવીશ એવા પ્રતિજ્ઞાપત્ર સાથે શૂરતાનની આગળ કહેણ મોકલ્યું. શૂરતાને જયમલની સારી આગતાસ્વાગતા કરી, તેને પોતાના ઘરમાં રાખ્યો. પરંતુ દિવસોના દિવસો ગયા, મહિનાઓના મહિના ગયા, પણ જયમલ પઠાણોની સામે લડવા જવાનું નામ લેતો નથી. ઊલટો, એ રાતોરાત શૂરતાનને મારી નાખી, તારાબાઇને કેદ કરી નાસી જવાનો ઘાટ ઘડી રહ્યો હતો. છેવટે એક દિવસ અંધારી રાતે જયમલ હાથમાં હથિયાર લઇ ગુપચુપ શૂરતાનના અંતઃપુરમાં ઘસી ગયો—મોઢા ઉપર ભૂતની પેઠે શાહી ચોપડીને. પણ બારણામાં જ એ પકડાઈ ગયો. જયમલ કોઈના અંકુશમાં રહે એવો નહોતો. એને પકડી રાખવાની ચોકીદારોમાં તાકાત નહોતી. તે છૂટ્યો, અને હાથમાં નાગી તલવાર લઈ તારાબાઈના શયનગૃહમાં ઘૂસી ગયો. એકદમ તારાબાઇનો હાથ પકડી એણે એને શયનગૃહમાંથી બહાર ખેંચવા માંડી. પણ તારાબાઈ કંઈ સાધારણ છોકરી નહોતી! એક ઝટકો મારી તેણે જયમલને દશ હાથ દૂર ફેંકી દીધો. પછી વાઘણની પેઠે એ તેની ઉપર તૂટી પડી, અને કટારીના એક ઘાએ તેની ધૃષ્ટતાનો તેણે અંત આણી દીધો. તે જ ઘડીએ શૂરતાને ધસી આવી જયમલનું માથું ધડથી જુદું કરી નાખી એને યોગ્ય સજા કરી.

જયમલ મહારાણાનો કુંવર હતો; અને શૂરતાન રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવા છતાંયે અત્યારે મહારાણાનો આશ્રિત હતો. એટલે જ્યારે ચિતોડમાં આ ખબર પહોંચ્યા, ત્યારે સૌને થયું કે હવે શૂરતાનનું આવી બન્યું! પરંતુ મહારાણાએ બધી હકીકત સાંભળી, દૂતોને કહ્યું: 'જયમલે કેવળ આશ્રિત રાજાનું અપમાન નથી કર્યું, પણ એ જૂઠો છે, ચોર છે, મૂર્ખ છે, ગમાર છે! કયો બાપ પોતાની દીકરીનું અપમાન સહી લે? શૂરતાને એ દુષ્ટને યોગ્ય સજા કરી છે. આવો નાલાયક છોકરો મરી ગયો તે સારું થયું. મને એનું જરાયે દુઃખ નથી. જાઓ, શૂરતાનને જઇને કહો કે આજથી બેદનોરનું રાજ્ય હું તમને સુપરત કરું છું!'

પૃથ્વીરાજે જ્યારે નાનાભાઈના આ પરાક્રમ વિષે સાંભળ્યું ત્યારે ક્રોધ અને શરમથી તેનું મોં લાલ લાલ થઈ ગયું તે જ દિવસે તે બેદનોર તરફ રવાના થયો. રાજપુત્ર પૃથ્વીરાજ અને રાજકુમારી તારાબાઈ—બંને સરખાં દેખાવડાં હતાં. સરપેસરખાં મળ્યાં. આણે એને જોઇ, એણે આને જોયો. બંનેને એકબીજા પર અનુરાગ થયો. પણ વચમાં પ્રતિજ્ઞા હતી. તે પૂરી ન થાય ત્યાં સુધી પરણાય કેવી રીતે?

પૃથ્વીરાજે પોતાની તલવારના સોગન ખાઇને કહ્યું કે હું ટોડા પાછું જીત્યા વગર રહેવાનો નથી. અને તે જ દિવસે એ તારાબાઇને સાથે લઇને છૂપે વેશે નીકળી ગયો. તેની સાથે તેના પેલા પાંચ સાથીદારો હતા, અને તે બધાની પાછળ શૂરતાન અસંખ્ય રાજપૂત સિપાઇઓને લઇને આવતો હતો.

આસો મહિનો હતો. મોહરમનો દિવસ હતો. ટોડા નગરીના મુગલ બજારનો મોટો ચોક ડંકાનિશાન, ઘોડા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધરંગી કાગળના તાજિયા, પંજા, લાઠી-ઢાલ-તલવાર અને લોકોની ભીડથી છલોછલ લાગતો હતો. સુલતાન પોતે જુમ્મામસ્જિદની અગાશી પર ચડીને ખેલ જોતો હતો. એવામાં એક મોટા તાજિયાની સાથે 'યા હુસેન! યા હુસેન!' કરતું એક ટોળું સુલતાન જ્યાં ઊભો હતો ત્યાં જઇને ઊભું રહ્યું સુલતાને ઝરૂખામાંથી મોં કાઢીને જોયું તો છ ફકીરો એ તાજિયાની સાથે હતા. આથી વિશેષ એ જોવા પામ્યો નહિ. ભીડમાંથી, સડસડાટ કરતુ એક તીર આવીને સુલતાનની છાતીમાંથી પ્રાણ ખેચી લઇને આરપાર ચાલી ગયું— આકાશ તરફ! ટોડાનો સુલતાન ઊંધે સાથે પડી ગયો. એકદમ રાજપૂતોની ફોજે ધસી આવી શહેર પર હુમલો કર્યો. પૃથ્વીરાજ અને તારાબાઈની આગેવાની હેઠળ રાજપૂતો મુસલમાનોની સામે લડવા લાગ્યા. સુલતાનના બધા અમીર-ઉમરાવો લુંગી છોડી, દાઢી ફેંકી, બીબી અને મુરઘીનાં પાંજરાં સંતાડીને, રાતોરાત શહેર છોડી ભાગી ગયા. સવારમાં પૃથ્વીરાજે ટોડાનો કબજો કરી લીધો.

પૃથ્વીરાજ અને તારાબાઈના વીરત્વની વાત મહારાણાને કાને પહોચી. હવે બાપનો જીવ નરમ થયો. જયમલ હયાત નથી, સંગ કયાં છે તેની કોઈને ખબર નથી, હવે એકલો પૃથ્વીરાજ રહ્યો હતો—અને એની લાયકાત એણે બતાવી આપી હતી! મહારાણાએ પૃથ્વીરાજને તારાબાઈ સાથે પરણાવી એને કમલમીરના કિલ્લામાં રહેવાનો હુકમ કર્યો. કમલમીર મેવાડની છેક છેલ્લી હદ પર હતું. લછમીરાણી બાળક હમીરને લઇને રહી હતી તે જ આ કિલ્લો. કેટલાયે વખતથી કિલ્લો ખાલી પડયો હતો. આજે કેટલી પેઢીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી, પૃથ્વીરાજ અને તારાબાઈએ એ જૂના કિલ્લાના નિવાસસ્થાનને હાસ્યવિનોદ અને સંગીતથી ભરી દીધુ.

આવી રીતે બાપદીકરો અને પતિપત્નીના મિલનમાં આનંદમાં દિવસો વીતે છે એક દિવસ ચિતોડમાં પૃથ્વીરાજ મહારાણાના દરબારમાં બેઠો હતો. સભા બરખાસ્ત થવા પર હતી, મહારાણા ઊઠુંઊઠું કરતા હતા, એવામાં માળવાથી એક દૂતે આવીને હમણાં ને હમણાં મહારાણાને મળવાની માગણી કરી. એક વખત એવો હતો, જ્યારે ચિતોડના મહારાણાને મળવું હોય તો દિલ્લીના બાદશાહના દૂતને પણ પંદરપંદર દિવસ સુધી મહારાણાની મહેરબાનીની રાહ જોયા કરવી પડે. પરંતુ આજે આ માળવાનો દૂત, હિંમતથી છાતી કાઢી, કોઈ હુકમની રાહ જોયા વગર જ મહારાણાના દરબારમાં દાખલ થયો. એટલું જ નહિ, પણ એકદમ મહારાણાની અડોઅડ બેસી, એણે સમોવડિયાની પેઠે વાત કરવા માંડી.

દૂતની આ હિંમત જોઈ પૃથ્વીરાજ આભો બની ગયો. કેટલીયે નકામી જીભાજોડી કર્યા પછી દૂત વિદાય થયો, ત્યારે માળવાના આ દૂતથી આટલું બીવાનું અને એની આટલી બરદાસી કરવાનું કારણ તેણે મહારાણાને પૂછ્યું.

વૃદ્ધ રાણાએ પૃથ્વીરાજની પીઠ પર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું: 'ન સમજ્યે હું ઘરડો થયો છું, તેથી દાંત વગરના સિંહને જેમ ગધેડો લાત મારે તેમ અત્યારે મને લાત પડી રહી છે! તમે ભાઈઓ બધ અંદરઅંદર લડવામાં પડ્યા, એટલે કેટલાંયે વરસ થયાં, મારે ચારે બાજુ સાચવીને, સૌને રાજી રાખીને, જેમ તેમ મારું ને રૈયતનું
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષણ કરીને ચાલવું પડે છે! શું થાય ?'

પૃથ્વીરાજે બાપને કંઇ જવાબ દીધો નહિ, પણ બાપને કેટલું દુઃખ થતું હતું તે સમજતાં આજે તેને વાર લાગી નહિ. શરમથી મોં નીચું ઘાલી, તે સભામાંથી બહાર નીકળી ગયો, ને પોતાના સૈનિકોને લઈને સીધો માળવા પહોંચ્યો. ત્યાં જઈ તેણે ગર્જના કરી: 'યુદ્ધમ્ દેહિ!'

બંને વચ્ચે લડાઇ થઈ. મેદાનમાં બંને પક્ષના તંબુ પડ્યા છે. યુદ્ધની આગલી રાતે, માળવાનો રાજા પોતાના તંબૂમાં મખમલની ગાદી પર તકિયાને અઢેલીને લાંબો થઇને પડ્યો હતો, ને ધામધૂમપૂર્વક નાચગાન જોઇ રહ્યો હતો. એવામાં વંટોળિયાની પેઠે પૃથ્વીરાજ ત્યાં ધસી આવ્યો ને એકદમ રાજાને ટિંગાટોળી કરી ઉઠાવી ગયો. ને તેને પોતાના તંબૂમાં પૂરી દીધો. રંગમાં ભંગ પડ્યો—હાંડી તખતા ને ઝુમ્મરના ચૂરા થઇ ગયા! નાચનારીઓ, ગાનારીઓ બધી મોં ફાડીને ઊભી રહી—પૃથ્વીરાજનું અદ્ભુત પરાક્રમ જોઇને!

રાજાનો સેનાપતિ તાબડતોબ લશ્કરની તૈયારીઓ કરતો હતો, એવામાં પૃથ્વીરાજે માળવાના રાજાનો કાગળ તેને પહોંચાડ્યો. તેમાં લખ્યું હતું: 'હું કેદ થઇને ચિતોડ જાઉં છું. પણ ખબરદાર, મને છોડાવવાનો પ્રયત્ન કર્યો છે તો! કરશો તો મારો જીવ જશે, માટે હમણાં ને હમણાં લડાઈ બંધ કરી દો ને આવીને મને મળી જાઓ!'

રાજારજવાડાની વાત રહી—સેનાપતિ લશ્કર પાછું વાળી વીલે મોંએ એકલો પૃથ્વીરાજના તંબૂમાં આવ્યો.

પૃથ્વીરાજે તેને દિલાસો આપીને કહ્યું: 'રાજાની ચિંતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરશો નહિ, એમને ઊની આંચ નહિ આવે. હું એમને ચિતોડ લઈ જાઉં છું—ખૂબ માનપૂર્વક રાખીશ. ને હેમખેમ પાછા મોકલીશ. તમારા રાજાનો પેલો મિથ્યાભિમાની દૂત પણ પાછો આવશે. મહારાણાને દૂતનું યે કામ નથી, ને કેદીનું યે કામ નથી; માત્ર માળવાએ એમને રીતસર નમસ્કાર કરવા જોઇએ—અને એ લેવા માટે હું અહીં આવ્યો છું. તેથી તમારા રાજાએ પંડે ચિતોડ ગયા વિના છૂટકો નથી. પરંતુ જો તમે અહીંયાં કે રસ્તામાં તેમને ઝૂંટવી જવાનો પ્રયાસ કરશો, તો એમનું ધડ એકલું તમારા હાથમાં આવશે, અને માથું જઇને પડશે ચિતોડના મહારાણાના સિંહાસનની નીચે!—પગ મૂકવાના પગથિયાની આગળ જ!'

મહારાણો સભામાં બેઠેલો હતો, એવામાં પૃથ્વીરાજ માળવાના રાજાને કેદ કરીને લઇ આવ્યો. જોઇને બધા આભા બની ગયા.

તે પછી પૃથ્વીરાજનો એક દૂત માળવાના પેલા દૂતને ગરદન પકડીને દરબારમાં ખેંચી લાવ્યો, ને બોલ્યો: 'મહારાણાની સાથે કેવી રીતે વાત થાય એ તારા રાજાની પાસેથી શીખ!'

દૂત થરથર કાંપવા લાગ્યો. તેના કપાળ પરથી પરસેવો નીતરવા માંડ્યો. મહારાણા બધી પરિસ્થિતિ સમજી ગયા. તેમણે ખૂબ માનપૂર્વક માળવાના રાજાને પોતાની પાસે બેસાડ્યો. થોડા દિવસ ચિતોડમાં આરામ કરી, માળવાનો રાજા અને એનો દૂત બંને છૂટા થઈ દેશમાં પાછા આવ્યા.

આ બનાવ પછી થોડા દિવસે, રાણાની સભામાં સારંગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવ અને સૂરજમલ બંનેએ મળી જઈને બળવો કર્યો. તે વખતે પૃથ્વીરાજ બહુ દૂર—કમલમીરમાં હતો. સવાર એને ખબર પહોંચાડવા દોડ્યો. મહારાણા સૈન્ય લઈને તાબડતોબ લડવા નીકળી પડ્યા. સાદરી, વાટેરા, નાઈ અને નિમચની વચ્ચેનો તમામ પ્રદેશ સૂરજમલે કબજે કરી લીધો હતો, ને હવે એ ચિતોડની ખૂબ નજીક ગંભીરી નદીની પાર પોતાની વિશાળ સેના લઈને છાવણી નાખી પડ્યો હતો. ત્યાં ભયાનક લડાઇ થઈ. રાણાની ફોજ ધીમે ધીમે માર ખાઈ હઠવા લાગી. સાંજ પડવા આવી હતી. બાવીશ ઘા ખાઈને મહારાણો દુર્બળ થઈ ગયો હતો, સૂરજમલના લશ્કરે નદીનો કાંઠો પણ કબજે કરી લીધો હતો, બળવાખોરો માર માર કરતા આગળ વધતા હતા, એવામાં એક હજાર રાજપૂતો લઈને પૃથ્વીરાજ આવી પહોંચ્યો. પણ થોડી વારમાં રાતપૂરતી લડાઇ બંધ થઇ.

બંને લશ્કરો લડાઈ બંધ કરી પોતપોતાના તંબૂમાં આરામ કરતાં હતાં. મેદાનમાં ઠેરઠેર મશાલો અને તાપણાં સળગતાં હતાં. સૂરજમલને પણ શરીર પર ઘણા ઘા થયા હતા. નાપિતને બોલાવી ઘા સાફ કરાવી, ટેભા લેવડાવી, પાટા બંધાવી એ જરા આરામ લેવાનું કરતો હતો, એવામાં અચાનક સામે પૃથ્વીરાજને જોઈ એ ખાટલામાંથી એવું જોર કરીને ઊભો થઇ ગયો કે તેની છાતી પર બાંધેલા પાટા તૂટી ગયા ને ઘામાંથી લોહી નીકળવા માંડ્યું.

પૃથ્વીરાજે એકદમ કાકાને પકડી ખાટલામાં સુવાડી દઇને કહ્યું: ‘ ગભરાશો નહિ; હું તો માત્ર તમારી તબિયતના ખબર પૂછવા આવ્યો છું.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂરજમલે જરા હસીને કહ્યું: ' ઓચિંતાનો તું આવી ચડયો તેથી હું જરા ગભરાઈ ગયો હતો ! હશે, ઘણે દિવસે તને જોયો એટલે મને બહુ આનંદ થયો. મહારાણાને મળ્યો કે નહિ ? '

પૃથ્વીરાજે પણ હસીને કહ્યું: ' કમલમીરમાં તમારા સમાચાર મળતાં જ દોડયો આવું છું. હજી રાણાજીને મળ્યો નથી. '

એટલામાં એક દાસી સોનાની થાળીમાં ખાવાનું લઈ ને આવી.

સૂરજમલે કહ્યું: ' અરે, જોતી નથી કોણ આવેલું છે તે ! જા, ઝટપટ બીજી થાળી લઈ આવ ! '

દાસી આમતેમ ફાંફાં મારતી હતી, એ જોઇ સૂરજમલે કહ્યું: ' ઓહ ! બીજી થાળી નથી એમને ! તો કંઈ નહિ, કાકોભત્રીજો આજે એક જ થાળીમાં ભેળા બેસીને ખાશે ! '

વાકચ પૂરું થાય તે પહેલાં જ પૃથ્વીરાજે એક કોળિયો મોંમાં મૂકયો. દિવસભરની શત્રુતા આમ હાસ્યવિનોદ અને ખાવાપીવામાં કયાંય તણાઈ ગઈ !

છૂટા પડતી વખતે પૃથ્વીરાજે કાકાને કહ્યું: ' તો આપણા જૂના કજિયાનો કાલ સવારે ફેંસલો કરી નાખીએ ! તમને કેમ લાગે છે ? '

સૂરજમલે હસીને કહ્યું: ' ભલે, આજની રાત જરા ઊંઘી લઉં ! પણ જાણજે, કાલ સવારના પહોરમાં હું તારી વાટ જોતો હોઈશ ! '

બીજા દિવસની લડાઇમાં પૃથ્વીરાજે બળવાખોરોને હરાવી કાઢયા. સૂરજમલ સારંગદેવને લઇને નાઠો ! પૃથ્વી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ પણ તેમની પાછળ પડયો—એક પછી એક પરગણું ખળવાખોરાના હાથમાંથી પડાવતો પડાવતો ! છેવટે સૂરજમલને ઊભા રહેવાની પણ ધરતી રહી નહિ. સારંગદેવનું રાજ્ય પણ પૃથ્વીરાજે પડાવી લીધું. બંને બળવાખોરો હવે પુત્રપરિવાર સાથે નિમચનાં જંગલમાં, મોટાં મોટાં ઝાડોનાં થડ અને ડાળોનો કિલ્લો બનાવીને તેની અંદર સતાઈ રહ્યા.

એક દિવસ સૂરજમલ નિરાંતે બેઠો બેઠો વાતો કરતો હતો—બપોરનો વખત હતો. બહાર વનમાં સંપૂર્ણ શાંતિ હતી. કયાંક ઝાડની અંદર છુપાઈ ને બે નીલ કબૂતર પાંખો ફફડાવતાં હતાં. એવામાં વાઘ જેમ લપાતો આવીને એકદમ શિકારની ગરદન. ઉપર તૂટી પડે, તેમ પૃથ્વીરાજ ઘરની વાડ કૂદીને એકદમ સૂરજમલની ઉપર તૂટી પડયો. બંને વચ્ચે ધપાધપી ચાલી. પૃથ્વીરાજે કાકાને ઢીલાઢસ કરી નાખ્યાં. એટલામાં સારંગદેવે બંનેની વચમાં પડી, પૃથ્વીરાજને નરમ પાડી કહ્યું: ‘ આ શું કરે છે તું ? જરા તારા કાકાની હાલત સામું તો જો ! એક ઘોલ વાગતાં પડી જાય એવું તો શરીર થઈ ગયું છે ! ઊઠ, છોડી દે બાપડાને ! ’

સારંગદેવનું આ મુરબ્બીપણું સૂરજમલને જરાયે ગમ્યું નહિ. તેણે છાતી ફુલાવી કહ્યું: ‘ જુઓ સારંગદેવ ! જે ઘોલની તમે વાત કરી એ ઘોલ અત્યારે જો મારા ભત્રીજાના હાથની ખાવાની હોય તો હું ઢીલોઢસ થઇ જાઉં એમાં શંકા નહિ, પણ તમારા કોઈના હાથની જો ઘોલ ખાવાની હોય તો આ દૂબળું શરીર ઘડીકમાં સામનો કરવા ખડું થઈ જશે, અને એક ઘોલનો જવાબ તમારા નાક પર દશ મુક્કા લગાવીને લીધા વગર નહિ રહે, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતરીથી જાણજો ! માટે વચમાંથી ખસી જાઓ; લડવું હશે તો અમે કાકોભત્રીજો લડશું, અને સમજી જવું હશે તો અમે અમારી મેળે સમજી જશું!—તમારે વચમાં પડવાની જરૂર નથી.'

સૂરજમલનું તેજ જોઈ પૃથ્વીરાજ આભો બની ગયો, અને સારંગદેવ ગુસ્સામાં ધૂવાંપૂવાં થતો, આંખો કાઢતો ત્યાંથી જતો રહ્યો. પછી ઝપ દઈને પોતાની તલવાર મ્યાનમાં નાખી સૂરજમલે કહ્યું: 'જો પૃથ્વીરાજ ! તારી મારી લડાઈમાં હું તારા હાથે મરું તો મને એનું દુઃખ નથી, નુકસાન પણ નથી. છોકરા બંને મોટા થઈ ગયા છે, કંઈ નહિ મળે તો છેવટે મહારાણાની ફોજમાં દાખલ થઈ જશે, પણ મારી પેઠે તેઓ તમારી કોઈની સામે હથિયાર નહિ ઉપાડે ! પણ જો તું મારા હાથે મરશે તો મારે શરમના માર્યા મોં છુપાવવું પડશે, અને દુઃખમાં અધિક દુઃખ ભોગવવું પડશે, એટલું જ નહિ પણ કાલે રાણોજી નહિ હોય, અને તું નહિ હોય તો ચિતોડની શી દશા થશે એનો કંઈ વિચાર કર્યો ? માટે હું તારી સામે લડવાનો નથી. તારું દિલ ચાહે તો મને મારી નાખ, પણ મને કેદ કરીને લઈ જવાનો વિચાર કરતો નહિ ! એ હું નહિ સાંખું !'

સૂરજમલ ચિતોડની સાથે એકજીવ છે તે સમજતાં પૃથ્વીરાજને વાર લાગી નહિ. તલવાર બંધ કરી તેણે કાકાને પ્રણામ કર્યા.

સૂરજમલે ભત્રીજાને છાતીસરસો ચાંપીને કહ્યું: 'આટલે દિવસે મારા નસીબનો લેખ જરા ફળ્યો—હું તારા હૃદયસિંહાસનની નજીક આવી શક્યો ! હવે માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ભૂમિમાં હું જન્મ્યો છું એ ભૂમિના એક ટુકડા ઉપર માથું મૂકીને મરવાનું મળે તો બસ!'

પૃથ્વીરાજે કાકાની પાસે બેસી જૂની ટેવ પ્રમાણે હસીને પૂછ્યું: 'મારા આવતા પહેલાં તમે અહીં શું કરતા હતા, કાકા?'

'છોકરાઓને રાજસ્થાનની વાતો કહીને ખાલી વખત કાઢતો હતો,' બોલતાં બોલતાં કાકા હસ્યા.

પૃથ્વીરાજે નવાઈ પામી કહ્યું: 'માથે મારો ભય ઝઝૂમતો હતો, તોયે તમને કશી ચિંતા થતી નહોતી?—આરામથી પડ્યા પડ્યા વાતો કરતા હતા?'

સૂરજમલે હસીને કહ્યું: 'લડવાનો કે ભાગવાનો—બંને રસ્તા તેં બંધ કરી દીધા છે, એટલે છોકરાઓને વાતો કરીને વખત કાઢવા સિવાય મારે કરવાનું બીજું શું રહ્યું છે, કહે જોઉં!'

એ સાંભળી પૃથ્વીરાજે કહ્યું: 'તો મારી સાથે રાણાજી પાસે આવી માથું ઢાળવાની જગા મેળવી લેવાનો પ્રયાસ કેમ નથી કરતા?'

સૂરજમલે જરા ગંભીર બનીને કહ્યું: 'શરૂઆતમાં કદાચ એવું બની શક્ત, પણ બળવો પુકાર્યા પછી માથું ઢાળવાની જગા ચિતોડની બહાર જ ગોતી લેવી એ ઠીક છે. તો ધડ પર માથું રાખીને થોડા દિવસ આરામથી કાઢી શકાશે.'

પૃથ્વીરાજે થોડી વાર વિચાર કરી કહ્યું: 'એ જાણે પત્યું, પણ મહારાણાની આગળ માથું હાજર કરવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. ન કરું તો મારે માથું નીચું ઘાલવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે, કદાચ ખોવું પણ પડે, તેનું શું ?'

સૂરજમલે પૃથ્વીરાજના કાનમાં કહ્યું: 'સારંગદેવનું માથું કામ લાગે તો લઇ જા ! એના માથાની સાથે એનું રાજ્ય પણ હાથમાં આવશે, જ્યારે મારા માથાની સાથે આ ફાટેલી પાઘડી સિવાય બીજું કંઇ નહિ આવે ! વધારે પ્રખ્યાતિ મળશે એનું માથું લેવાથી !'

પૃથ્વીરાજ તૈયાર થઇને ઊઠયો, પરંતુ સારંગદેવ ક્યાંય દેખાયો નહિ. તેણે ડોળા કાઢી કાકાને કહ્યું: 'મને છેતરવો છે, કાં ?'

સૂરજમલે થોડી વાર વિચાર કરી કહ્યું: 'આવ, મારી સાથે બહાર ! મોટું માથું ન મળે તો આ નાનું માથું લઈ જજે !'

વનમાં થોડુંક ચાલ્યા પછી એક ભાંગેલું મંદિર દેખાયું. તે બતાવી સૂરજમલે કહ્યું: 'પેલું મંદિર જોયું ? એક વખત ત્યાં માણસનું બલિદાન દેવાતું. ઘણા વખતથી એ બંધ છે. દેવીને પણ ઘણો વખત થયાં માણસનું લીલુડું માથું મળ્યું નથી. ત્યાં આજે સારંગદેવ મને પૂજા કરવા આવવાનું કહી ગયો છે. પણ મારે બદલે ત્યાં જવાની તારી હિંમત ચાલશે ?'

'નહિ કેમ ચાલે ?' આમ કહી પૃથ્વીરાજે સૂરજ-મલને પોતાની પાઘડી વડે એક ઝાડની સાથે સુસ્કેટાટ બાંધ્યો. પછી પોતે મંદિરમાં પેઠો. બહુ વાર ન લાગી. સારંગદેવનું લીલું માથું ઉતારી લઈ, કાકાનું બંધન છોડી નાખી, પૃથ્વીરાજ લડાઇ બંધ કરી, ચિતોડ પાછો ગયો. જે પ્રદેશ જીતતી વખતે એક વખત સૂરજમલે કોજના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગ હેઠળ રૈયતની સુખશાંતિને ચૂર્ણ કરી ધૂળની પેઠે ઉડાવી દીધાં હતાં, તે જ નાઈ, વાટેરા, નિમચ વગેરે પ્રદેશમાં થઈને નીચું માથું કરી એને પાછા ફરવું પડ્યું. ત્રણ મોટાં મોટાં રાજ્યો એના હાથમાંથી જતાં રહ્યાં, રહ્યું માત્ર આવડું અમથું સાદરી પરગણું. પરંતુ એ પણ કેટલો વખત રહેશે એની ખાતરી નહોતી. એવામાં એક દિવસ ગામની ભાગોળે મંદિર આગળ એણે જોયું તો એક શિકારી કૂતરો એક બકરીના બચ્ચાનો શિકાર કરવા જતો હતો. તેવામાં એક બકરાએ દોડી આવી કૂતરાને માથું મારી તગડી મૂક્યો, ને બચ્ચાને લઈને મંદિરમાં ભરાઇ ગયો. કૂતરો મંદિરની બહાર ઊભો ઊભો હાઉવાઉ કરવા લાગ્યો, પણ અંદર પગ દેવાની તેની હિંમત ચાલી નહિ.

સૂરજમલે નક્કી કર્યું કે અહીં હું નિર્વિઘ્ને રહી શકીશ. મારું ઘર કહો કે કિલ્લો કહો, જે કહો તે આ મંદિર. તે જ દિવસે સૂરજમલે સાદરીથી કારીગરો બોલાવી તે મંદિરની આસપાસ નાનો સરખો કિલ્લો બંધાવ્યો, ને તેની ચારે તરફ દુકાનો બેસાડી. છેવટે દેવલગામ સમેટી આખું સાદરી પરગણું અને કનખલ પહાડની ઉપરનો પોતાનો કિલ્લો સુદ્ધાં દેવને સમર્પણ કરી એણે એ બધાનું નામ પાડ્યું દેવલગઢ. દેવતાનો કિલ્લો થયો, એટલે એની ઉપર ચડાઈ કરવાની રાણાની પણ શક્તિ નહિ—સાઠ હજાર વરસ નરકમાં વાસ કરવો પડે! બધા રાજાઓના રાજ્યની હદ બહાર આ દેવલગઢમાં સૂરજમલ નિર્ભય બનીનો રહ્યો અને નિરાંતે મરવાનો વખત પામ્યો. તેના નસીબનો લેખ આવી રીતે ફળ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયમલ અને સૂરજમલ બંને ચિતોડની ગાદી અને પૃથ્વીરાજની વચમાંથી ખસી ગયા. હવે રહ્યો એકલો સંગ. એક દિવસ કમલસીરમાં પૃથ્વીરાજના ગુપ્તચરે આવીને ખબર આપ્યા કે સંગ જીવે છે, અને શ્રીનગરના રાજાની કન્યા સાથે તેનાં લગન થવાનાં છે! તરત જ પૃથ્વીરાજ પોતાના સામંતોની સાથે સંગને જાળમાં સપડાવવાનો વિચાર કરવા બેઠો. પરંતુ પૃથ્વીરાજનું નસીબ પણ શાંત બેસી રહ્યું નહોતું. તે રાતદિવસ, અજવાળે ને અંધારે, સુખમાં ને દુઃખમાં, પૃથ્વીરાજને પકડવા માટે જાળ ગૂંથી રહ્યું હતું તે આજે આટલે દિવસે પૂરી થઈ! સવારમાં પૃથ્વીરાજ સજ્જ થઈને સંગને પકડવા માટે નીકળતો હતો એવામાં શિરોહીથી તેની નાની બહેનનો તેને કાગળ મળ્યો. બહેને પોતાના દુઃખની વાત લખી હતી: 'લગન થયું ત્યારથી મારા પતિ સતત મારું અપમાન કર્યા કરે છે, મારઝૂડ કરે છે, ને ઘરમાંથી બહાર કાઢી મૂકવા માગે છે! તે નશાખોર છે, દુષ્ટ છે, ને સાવ નિર્દય છે! બાપુ વૃદ્ધ થયા છે, એટલે હવે ભાઈ આવીને આ અપમાનનો બદલો લે તો ઠીક, નહિ તો નાનીબહેનની મરવા ઘડી છે!'

નાનીબહેનનો એ રુદનભર્યો કાગળ વાંચી,–પૃથ્વીરાજ તલવાર ઉપાડી શ્રીનગર તરફ જતો હતો તે ન ગયો, ને એણે ઘોડાનું મોં ફેરવ્યું શિરોહી તરફ—બહેનને બચાવવા ઊપડ્યો! નસીબ પૃથ્વીરાજને સંગ તરફ જતો વાળી ઊંધી જ દિશાએ, દૂરદૂર લઈ ગયું!

રાતના અંધારામાં શયનખંડની ભોંય પર પડી પડી રાણાની કન્યા રડ્યા કરે છે, અને રાણાના આપેલા સોનાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પલંગમાં શિરોહીનો રાજા નશામાં ચકચૂર બની નસકોરાં બોલાવી રહ્યો છે, એવામાં અચાનક પૃથ્વીરાજે ઓરડામાં પ્રવેશ કરી, એક લાત મારી શિરોહીના રાજાને જમીન પર પછાડી, બોચીમાંથી પકડ્યો.

રાણાની કુંવરી પૃથ્વીરાજની તલવાર પકડી લઇ બોલી: 'ભાઈ, રહો, જીવથી ન મારશો!'

પૃથ્વીરાજે ગુસ્સામાં કહ્યુ: 'આટલી બધી એની મગદૂર! ચિતોડના રાણાની દીકરી ઉપર હાથ ઉગામે! કૂતરાની પેઠે ચાબુક ફટકારીને હું એને સીધો કરી નાખીશ!'

શિરોહીના રાજાનો નશો હવે ઊતરી ગયો હતો. તેણે પૃથ્વીરાજના પગમાં પડી કહ્યુ: 'હવે એવું નહિ કરું, મને જવા દો!'

પૃથ્વીરાજે ગરદનમાંથી ઝાલી એને ઊભો કરી કહ્યું: 'ચાલ, મારી બહેનની મોજડીઓ માથે મૂકી એની માફી માગ, તે વિના હું તને છોડવાનો નથી!'

'પહેલેથી આવું કહેવું હતું ને!' એમ કહી શિરોહીનો રાજા તરત મોજડી ઉપાડવા ગયો. એ જોઇ રાણીએ કહ્યું: 'બસ, બસ! આટલું ઘણું છે! જાઓ, હવે ભાઇને જરા ખવડાવીપિવડાવીને ટાઢા પાડો, ને મને જરા ઊંઘવા દો!'

રાણાના જમાઈએ ખૂબ માનપૂર્વક પૃથ્વીરાજને બહાર લઈ જઈને બેસાડી, સોનાની રકાબીમાં શિરોહીના ખાસ લાડુ પીરસ્યા! શિરોહીના લાડુ વખણાય છે— એવા લાડુ બીજે ક્યાંય થતા નથી. તેથી પૃથ્વીરાજ ચારપાંચ લાડુ પેટમાં પધરાવી, લોટો પાણી પી, ઘોડેસવાર થઈ કમલમીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના કુટુંબને સળવા ઊપડયો.

પણ એ કમલમીર પહોંચ્યો નહિ. શિરોહીના મોતી-ચૂરમાં હળાહળ વિષ ભેળવીને એના બનેવીએ એને ખવડાવી દીધું હતું—મોજડીઓ ઉપડાવવાનું વેર લેવા !

રાત વીતી, સવાર થવા આવી હતી. દૂરથી કમલમીર ઝાંખું ઝાંખું દેખાતું હતું. એવામાં પૃથ્વીરાજ ઘોડા પરથી ચકરી ખાઈને રસ્તા વચ્ચે પડી ગયો ! કમલમીરમાં તારા-રાણી એની વાટ જોતી બેઠી હતી—એ કમલમીર તરફ જોતાં જોતાં એના પ્રાણ નીકળી ગયા, અને દૂર—દૂર—અતિદૂર સવારના અગ્નિવરણા અજવાળામાં, નીલ આકાશમાં શુક્ર તારાના આથમવાના માર્ગે સિધાવી ગયા ! અને બરાબર એ જ વખતે, સંગના નસીબે શ્રીનગરના ટકોરખાનામાં બેસીને આશા–રાગિણીનો સૂર વગાડવા માંડયો: 'ભોર ભઈ ! ભોર ભઈ !'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા વર્ષનાં પ્રકાશનો

૧. ગૃહિણી ગ્રંથમાળા : (સેટ બીજો)

૧. મા-દીકરો ... ... [રવીન્દ્રનાથ ઠાકુર]
૨. ફ્રાંસની રણચંડી ... ... [ગોવિંદરાવ ભાગવત]
૩. ... ...

કુલ પૃષ્ઠસંખ્યા ૪૫૦ : મજબૂત બંધાઈ :
અગાઉથી ગ્રાહક થનાર માટે કિંમત પાંચ રૂપિયા [ટપાલખર્ચ સાથે]

૨. કિશોર ગ્રંથમાળા : (સેટ બીજો)

૧. રાજકાહિની, ભાગ ૨ ... ... [અવનીન્દ્રનાથ ટાગોર]
૨. મૃગરાજ ... ... [રમણલાલ સોની]
૩. કાકા કાલેલકર ... ... [પાંડુરંગ દેશપાંડે]

કુલ પૃષ્ઠસંખ્યા ૪૫૦ : મજબૂત બંધાઈ :
અગાઉથી ગ્રાહક થનાર માટે કિંમત પાંચ રૂપિયા [ટપાલખર્ચ સાથે]

૩. શિશુભારતી ગ્રંથમાળા (સેટ ત્રીજો)

૧. હિતોપદેશની બાળવાતો ... ... [રમણલાલ સોની]
૨. ગલગલિયાં ... ... ,,
૩. પૂનમિયો ભગત ... ... ,,

કુલ પૃષ્ઠસંખ્યા ૪૫૦ : સવાસો ચિત્રો : મજબૂત બંધાઈ :
અગાઉથી ગ્રાહક થનાર માટે કિંમત પાંચ રૂપિયા [ટપાલખર્ચ સાથે]

૪. શિશુભારતી ગ્રંથમાળા (સેટ ચોથો)

૧. જીલબ્બે
૨. લાલો ને વાલો
૩. શેલડિયો સિપાઇ

કુલ પૃષ્ઠસંખ્યા ૪૫૦ : સવાસો ચિત્રો : મજબૂત બંધાઈ :
અગાઉથી ગ્રાહક થનાર માટે કિંમત પાંચ રૂપિયા [ટપાલખર્ચ સાથે]

કમલ પ્રકાશન મંદિર
કોચરબનો પહેલો ઢાળ : એલિસબ્રિજ : અમદાવાદ ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કારી કુટુંબો

અને

શિક્ષણ સંસ્થાઓને ઉપયોગી

કમલ પ્રકાશન મંદિરની ગ્રંથમાળાઓ

ગૃહિણી ગ્રંથમાળા (એક સેટ)

કિશોર ગ્રંથમાળા (એક સેટ)

શિશુભારતી ગ્રંથમાળા (બે સેટ)

દર વર્ષે પ્રસિદ્ધ થાય છે.

સાદી સરળ ભાષા : ઉદાત્ત વિષયો

ઉત્તમ છપાઈ : મજબૂત બંધાઈ

કમલ પ્રકાશન મંદિર

કોચરબનો પહેલો ઢાળ : એલીસબ્રિજ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar